

C 107

# ઊંડા અંધારેથી

પં. ચન્દ્રશેખરવિજયજી ગણિવર

૪

# માતુશ્રી સ્વ. કાંતાબેન રમણલાલ શાહ
(કોલસાવાળા)



માતુશ્રી સ્વ. કાંતાબેન રમણલાલ શાહ (કોલસાવાળા)
ના આત્મ શ્રેયાર્થે

સ્વ. રમણલાલ ચીમનલાલ શાહ (કોલસાવાળા)
પરિવાર તરફથી સપ્રેમ...............

જૈનદર્શનની દૃષ્ટિએ, આત્માની પરમાત્મભાવ પ્રાપ્તિ, ભાવરોગોની નાબૂદી, એનાં ઔષધો અને એના પરિચારકો તથા વૈદ્યોનાં પાત્રોને આલેખતી, ગમ્મત સાથે જ્ઞાન આપતી જૈન વાઙ્મયના મૂર્ધન્ય સ્થાનને પામેલી એક રૂપકકથા ઉપરથી...

# ઊંડા અંધારેથી....

લેખક

પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવર

૪

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી
સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રિલીફરોડ, અમદાવાદ–૧
ફોન : **૩૩૫૭૨૩, ૩૮૦૧૪૩**

**લેખક–પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પૂ. પં. શ્રીચન્દ્રશેખરવિજયજી ગણિવર**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ સંસ્કરણ** | : | નકલ : | ૨૦૦૦ |
| **દ્વિતીય** ,, | : | નકલ : | ૧૩૦૦ |
| **તૃતીય** ,, | : | નકલ : | ૨૦૦૦ |
| **ચતુર્થ** ,, | : | નકલ : | ૨૦૦૦ |
| **પાંચમું** ,, | : | નકલ : | ૩૦૦૦ |

તા. ૧૫–૯–૧૯૮૮

સર્વાધિકાર સુરક્ષિત

**મુદ્રક :**
ભીખાભાઈ એસ. પટેલ
મધુરમ્ ટાઇપ-સેટિંગ
૧૫, અજય ઇન્ડ. ઍસ્ટેટ, દૂધેશ્વર રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૪.

ઊંડા અંધારેથી....

પં. ચન્દ્રશેખરવિજયજી ગણિવર

# : પુરોવચન :

શ્રીવીતરાગસર્વજ્ઞભગવંતે જીવ, કર્મ અને જીવ કર્મનો સંયોગ અનાદિ કહ્યો છે. અનંતકાળ સુધી જીવ અજ્ઞાન અને તૃષ્ણાના ઊંડા અંધારામાં સતત અથડાયો, ટિચાયો અને કુટાયો. કોઈએ એને સધિયારો ન આપ્યો. માર ખાઈને એ કર્મ લઘુતા પામ્યો તો કાંઈક ઊંચે આવ્યો, પણ એ જ અજ્ઞાન અને તૃષ્ણાએ ફરી ફરીને એને હડસેલી મૂકયો પતનની ગર્તાઓમાં.

આમ ઘણો ઘણો સમય વહી જાય છે પછી કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે અને એ વખતે જીવને સર્વજ્ઞનું શાસન મળે છે; સદ્‌ગુરુનો સંગ લાધે છે; એમની કૃપા મળે છે. વિકાસની એ કારમી વેદનાનો એક અંક પૂરો થાય છે.

સદ્‌ગુરુકૃપાના બળે જીવ ઉત્ક્રાન્તિનું ઝડપી અભિયાન આરંભે છે. બેશક, એ અભિયાનમાં હજી પણ કયારેક અમંગળ કડાકો બોલે છે ખરો પણ એ ઉત્ક્રાન્તિનું રોકેટ અંતે તો પૂરપાટ વેગે દોડયું જ જાય છે.

પછી મળે છે સન્મતિ. આ છે જીવના વિકાસની યાત્રાનો છેલ્લા તબક્કામાં પ્રવેશ. સન્મતિના બળે જીવાત્મા મહાત્માં બનીને અંતે પરમાત્મા બને છે. એક સુંદર સ્વાર્થમૂર્તિ પરમાર્થમૂર્તિમાં રૂપાન્તર પામી જાય છે, તદ્દન સહજ રીતે.

શ્રીજિનશાસનમાં જીવાત્માની વિકાસયાત્રાનું કેવું સ્વરૂપ છે? પતન અને પુનરુત્થાનની તેજી-મંદીઓ જીવનમાં કેવી

રીતે આવે છે? અને અંતે ઊંડા અંધારપટમાં સર્વાંગે ડૂબી ગયેલો આત્મા પરમતેજના પંથે કેવો સડસડાટ ચાલી જઈને જીવનના પરમમાંગલ્યને વરે છે એ બધું ય આ રૂપ-કથાંમાં તમને વાંચવા મળશે.

એક એવી વિનમ્ર સમજ છે કે ભગવાન સિદ્ધર્ષિજીની આ રૂપકકથા દરેક જૈને જાણવી જ જોઈએ. એટલું જ નહિ પણ એનાં તમામ અંગોને હૃદયંગમ બનાવવાં જોઈએ. નવરાશની પળોમાં દ્રમક અને એનું ચપ્પણિયું; પેલી તદ્દયા અને એની પરિચર્યાનો અલબેલો પ્રકાર; પેલી સન્મતિ અને એનું કામણ; અને એ બધાંય નાનકડાં રમતાં પાત્રોની પાછળ જ ઊભેલા મહામના સદ્‌ગુરુધર્મબોધકરશ્રીની મંગલમયી પ્રતિમા;....આ બધુંય નજર સામે તરવરતું રહેવું જોઈએ.

તમે થોડા જ સપ્તાહનો એક પ્રયોગ કરો. અને એ પાત્રોને ક્રમશઃ નજર સામે રમતાં મૂકો, ખૂબ ખૂબ જાણવા. સમજવાનું મળશે.

વિરાગ જાગશે બહારની દુનિયાથી, અને રાગનો વિરાટ ભભૂકી ઊઠશે અંદરની દુનિયાનો....

માટે જ તો કથાની સાથે સાથે એનાં રહસ્યોને પ્રકાશમાં આણતાં સુંદર ટીપ્પણો મૂકયાં છે ને?

આ દેશનું પ્રત્યેક બાળક આ રૂપકકથાને આત્મસાત્ કરે તો કેવું સુંદર? ભારતની પ્રત્યેક શિક્ષણસંસ્થા પોતાના વિદ્યાથી'ના સંસ્કારઘડતર માટે અભ્યાસક્રમમાં આ રૂપકકથાનો સમાવેશ કરે તો એના જેવું સુંદર બીજું શું હોઈ શકે?

## : મંથન :

આ એક રૂપકકથા છે.

કથાનો નાયક છે દ્રમક.

દ્રમક એટલે ભિખારી. દ્રમક એટલે રોગી, દિલનો.

ધનથી કદાચ એ સમૃદ્ધ પણ હોય; તનથી કદાચ પુષ્ટ પણ હોય; કૌટુમ્બિક સુખોથી એનું જીવન-સરવરિયું કદાચ છલકાઈ ગયું પણ હોય; માન-મરતબાનાં સર્વોચ્ચ શિખરોને કદાચ એણે પગની એડી તળે ચગદી પણ નાખ્યાં હોય.

છતાં....દિલનો એ ભિખારી હોય તો આ રૂપકકથાનો એ દ્રમક જ છે.

દ્રમક હોઈ શકે, કોટાનકોટિ સમૃદ્ધિનો સ્વામી એન્ડ્રુઝ કાર્નેગી;

દ્રમક હોઈ શકે, તેલના કૂવાઓનો 'કિંગ' કુવૈતનો શેખ;
દ્રમક હોઈ શકે, સાત સાગરનો તરવૈયો મિહીર સેન;
દ્રમક હોઈ શકે; અંતરિક્ષયાત્રી ગ્રેગરીન.

ગમે તેની પાસે ગમે તે પ્રકારનું અઢળક ઐશ્વર્ય ભલે હોય. ભલે રહ્યું; પણ જો તે માણસ પાસે દિલ નથી, દિલમાં દયાનું કોઈ સંગીત નથી. રે! એ સંગીતનો એકાદ

પણ સૂર નથી તો એ માણસ આ રૂપકકથાનો નાયક દ્રમક જ છે એમ અવશ્ય સમજી લેવું જોઈએ.

દયનીને જોઈને દયાનો અંકૂર ન ફૂટે અંતરમાં....તો એ અંતર ભિખારી છે, એવા અંતરનો સ્વામી પણ ભિખારી છે.

વિનાશી જગતની ક્ષણિકતા અનુભવ્યા છતાં રૂવાંટે ય એનું કોઈ કમ્પન ન થાય તો એ હજારો રૂવાંટાનો સ્વામી દ્રમક નહિ તો બીજો કોણ છે?

જડ પુદ્ગલનાં અવનવાં સપ્તરંગી આકર્ષણોના ઝળકારાઓમાં જેનાં નેત્ર યુગલો અંજાઈ–ડઘાઈ જાય; અને જેને મૃત્યુની પેલે પારની ઉઘાડી દુનિયાના એક પરમાણુનું ય દર્શન ન થાય એ દ્રમક નહિ તો બીજો કોણ છે?

સત્યને સ્પર્શી જ ન શકે, અસત્યને સર્વાંગે આશ્લેષ આપ્યા વિના પળભર પણ જે જીવી ન શકે એ દ્રમક.

દ્રમક શબ્દનું આ જ અર્થઘટન છે.

વિનાશીના પ્યારમાં ભાન ભૂલીને, અવિનાશીની મહોબ્બતને વીસરતો, રે! ધિક્કારતો....સ્વાર્થચકચૂર કોઈ પણ આત્મા; શેઠ કે નોકર, પ્રધાન કે પટાવાળો, કરોડપતિ કે રોડપતિ, સુરૂપ કે કુરૂપ, સબળ કે નિર્બળ, જ્ઞાની કે અજ્ઞાની; બધાંય દ્રમકનાં જ વિવિધ સ્વરૂપો છે.

જગત એક છે. દ્રમકનાં બહુમુખી રૂપોથી એ ખીચોખીચ ભરેલું છે.

પળભર ચાલ્યા જાઓ અંતરની કોટડીમાં અને હાથમાં લો આકાશગંગાઓને ય પોતાની ગોદમાં સમાવી લેવાની

અદ્ભુતશક્તિ ધરાવતાં દૂરદર્શક દૂરબીનને; અને લગાડો અંતરની આંખે.

તમને અગણિત આત્માઓ દેખાશે દ્રમકના સ્વરૂપે. દૂરદૂરનાં ક્ષિતિજોમાં દ્રમકો દેખાશે; મધ્યમાં પણ દ્રમકો દેખાશે; તમારા દેશમાં, ગામમાં, અને તમારા ઘરમાં પણ તમને અનેક દ્રમકોનાં દર્શન થશે....અને જરા આગળ વાત કરું ? તમે તમારી જાત તરફ પણ જરા જોઈ લેજો. કદાચ એમાંય દ્રમકનાં જ હૂબહૂ સ્વરૂપ-દર્શન થઈ જાય તો નવાઈ નહિ.

દિલના ભિખારી બધા દ્રમક.

અઢળક સંપત્તિનો સ્વામી ! કેડીલેક કારમાં જ ફરતો એક ધનાઢ્ય ગર્ભશ્રીમંત ! પણ સહુનું હજમ કરી જવાની સ્વાર્થાન્ધવૃત્તિના વિષથી જ ભરેલો કોઈ નાગ, જો અંતરમાં બેસીને ફૂંફાડા મારતો હોય તો એ શ્રીમંત ભિખારી ન કહેવાય શું ?

નાયલોનની સાડી પહેરીને ચાલી જતી એક રૂપ-ગર્વિતાના દિલમાં અનેકોનાં જીવન લૂંટી–માણવાની વૃત્તિ-ઓની આગો ભભૂકી ઊઠેલી હોય તો તે રૂપગર્વિતાની દરિદ્રતામાં કોઈ શંકાને સ્થાન છે ખરું ?

સત્તર સત્તર ભાષાઓનો જાણકાર, પણ જેને જીવને ચાહવાની જ ભાષા નથી આવડતી. સાવ જ મૂંગો છે એ ભાષાના ઉચ્ચારથી તો એને ભાષાનો સ્વામી કહેવો કે ભિખારી ?

વિશ્વનો ખૂણેખૂણો ભલે કોઈ ખૂંદી નાખે પણ આત-મના એક પ્રદેશે પણ જે સ્થિર ઊભો ય રહી ન શકતો

હોય; વિવિધ ઐશ્વર્યના ઝાકઝમાળે જગતને ભલે કોઈ આંજી દે પણ અંતરનો ઝાકઝમાળ જેની આંખોને અડી પણ ન શકતો હોય; સમગ્ર વિશ્વનો સરમુખત્યાર શાસક ભલે બની ચૂકયો હોય પણ આંતરવાસનાઓની પોતાની ઉપરની મુખ-ત્યારીની જે કલ્પના પણ કરી શકતો ન હોય એ ગમે તે કહેવાતો હોય....પણ....આ ચરિત્રકથાનો તો દ્રમક જ છે.

આ વિધાન શું આશ્ચર્યજનક લાગે છે? જાતને લાગુ પડતું જાણીને? એમાં શું આશ્ચર્ય છે? આ તો તદ્દન સીધી-સાદી વાત છે.

વિશ્વના બધા રાજકારણના તમામ પ્રવાહોના જ્ઞાતા પોતાની જ જાતથી સાવ અજ્ઞાત હોય!

વિશ્વમાં બધે જ પોતાના બાહ્ય વૈભવોનો પથારો ફેલાવવાનું કૌશલ ધરાવતો માણસ પોતાની જાતથી જ નિર્વાસિત થઈ ચૂકેલો હોય?

સેન્ડવીચના બધા જ પ્રકારોને જિગરથી ચાહતો અને આરામથી આસ્વાદતો એક ગુલાબી માણસ પોતાના સ્વરૂપની વર્ણનાતીત સ્વાદ–મસ્તીથી જ સદા માટે વેગળો રહી ગયો હોય!

જેને આંતરજગતનું કોઈ ઐશ્વર્ય સાંપડયું નથી, જે શાશ્વત સૃષ્ટિના ઝાકઝમાળની કોઈ મસ્તીને કદી પામી શકયો નથી, જેને પોતાના જ અખૂટ વૈભવ સાગરોનું સ્વ-રૂપદર્શન કદી થયું નથી, જે અનંતનું રસદર્શન સ્વપ્નમાં પણ પામ્યો નથી એને 'બિચારો' ન કહેવો તો શું કહેવું? દ્રમક ન કહેવો તો શું કહેવું?

જેનામાં સામર્થ્ય છે સિદ્ધશિલા ઉપર પલાંઠી લગાવીને બેસી જવાનું, અને ત્યાથી એકી સાથે અનંત–અપરિમેય નાટકો જોવાનું. આવી અપૂર્વ રસમસ્તી માણવાનું પરમ સૌભાગ્ય ધરાવતો એક આત્મા 'ક્લીયોપેટ્રા' ફિલ્મનાં દૃશ્યોને સિને પડદા ઉપર જોવા માટે દોડધામ કરતો રહે તેની ટિકિટ લેવા! સિને ટૉકિઝના પગારદાર ઝાડુ કાઢનારાની દાઢીમાં હાથ નાંખતાં ન લાજે ટિકિટ મેળવી લેવા? અને એ રીતે ય એક ટિકિટ મળી જાય તો એની ખુશનસીબીનો પાર ન રહે! કેવી કમનસીબી!

અંતરમાં અફાટ ઊમટયો છે પ્રકાશનો નિરવધિ સાગર! અરે! હેલે ચડયો છે હેલે! છતાં ય કેવી અફસોસની વાત કે અંધિયારી રાતે પેશાબ કરવા ઊઠતાં જ એ અથડાય કો'ક દીવાલે! ટિચાય કયાંક, અને દબાઈ જાય બટન! 'પ્રકાશ' 'પ્રકાશ'ની અંતરમાં ઘૂમતી બૂમ કો'ક દી જો સંભળાઈ જશે, તો શરમાઈ જશે પ્રકાશના પુંજની થએલી આ દુર્દશા ઉપર આત્મા.

એક જ સમયમાં અસંખ્ય માઈલો કાપી નાંખવાની પ્રચંડ શક્તિ ધરાવતો એક માણસ કલાકના ફક્ત સોળ હજાર માઈલના વેગે ચાલ્યા જતા સ્પુટનીકને જોઈને હેરત પામી જાય છે!

સમયાર્ધમાં ચૌદે રાજલોકની સફર કરવાની શક્તિ ધરાવતો આત્મા પાંચમે માળે પહોંચવા માટે લિફ્ટની રાહ જોતો ઓશિયાળો થઈને ઊભો રહે છે!

અધ્યાત્મયોગના સમૃદ્ધ જીવનના એકેકા ઓડકારની

વર્ણનાતીત સુધાને માણવાનું સર્વોચ્ચ સૌભાગ્ય પામેલો અણુયુગનો માનવ કોકા કોલાની બાટલીના પીણામાં ડોલી ઊઠે છે?

રત્નત્રયીનો સ્વામી ફક્ત પાંચ હજારની ધૂળ જેવી લોટરીના વિજયમાં ગાંડોઘેલો બની શકે છે!

અનંત વિશ્વના અનંત ઐશ્વર્યનો બેતાજ બાદશાહ લોનથી ઊભા કરેલા સોસાયટીના એક કોટેજનું આધિપત્ય મેળવીને તેમાં ગલગલિયાં અનુભવી શકે છે!

તદ્દન સ્વાધીન આત્મા! બોરીવલીથી ચર્ચગેટની લોકલટ્રેન પકડે છે! એક પગ બહાર લટકતો રાખીને; દરવાજાને વળગી રહીને, ગાળો દેતો અને અશ્લીલ ગીતો હવામાં અધ્ધર ઊડે છે!

અનંતબલી! માખી પણ ઉડાડી ન શકે!

અનંતજ્ઞાની! માથા પાછળ પડેલી ચીજને પણ જાણી ન શકે!

અનંત પ્રકાશ! અંધારે અટવાય!

અનંત આનંદનો સાગર! શોકના ખાબોચિયે અકળાઈ ઊઠે!

જેની પાસે કાંઈ જ નથી છતાં એ 'કાંઈ જ નથી'માં જ બધું જ સમાઈ ગયું છે. કશું ય બાકી રહેતું નથી. એને હવાઈ ટાપુના અનેનસથી માંડીને ઈટલીની ચેરીઝ નાસ્તાની રકાબીમાં જોઈએ છે!!!

જે સ્વરૂપે અરૂપ છે, અરૂપનું કશું કોઈ બગાડી શકતું

જ નથી છતાં એ અરૂપને પણ ટેબલ ક્લોથ અને નેપકીનના રંગનું મેચીંગ ન થયું હોય, સાડી અને રિબીનના કલર્સ મેચ ન થયા હોય, તો એ(શ્રીમાન્ કે શ્રીમતી)ની પાર્ટી બગડી જાય છે!!! અરે! બધું જ બગડી જાય છે!!!

જેની ટચલી આંગળીએ કોટાનકોટિ બ્રહ્માણ્ડો ખડે પગે ઊભાં રહી શકે છે એ આત્માને જડપરમાણુની કાંધે ચડાવીને એની સ્મશાનયાત્રા કાઢવામાં આવે છે!

શું છે આ બધું! સ્વરૂપનું આખું જ શીર્ષાસન! શાથી?....કોણે આંતરઐશ્વર્યનો અઢળક ખજાનો વિસરાવ્યો? છતી મૂડીએ કોણે ભિખારી કહેવડાવ્યો! આવા 'ચીંથરેહાલ કરોડપતિ'ની આ કથા કોણે સર્જી!

મહર્ષિઓએ આનો એક જ જવાબ આપ્યો છે. ખૂબ જ સાચો....ખૂબ જ સચોટ....ખૂબ જ હૃદયંગમ.

આ રૂપકથાના રચયિતાએ પણ દ્રમકના હાથમાં ચપ્પણિયું મૂકીને એક જ શબ્દમાં પ્રત્યુત્તર આપ્યો છે.

તે શબ્દ છે 'તૃષ્ણા.'

તૃષ્ણા એટલે ભોગોની તૃષ્ણા.

દ્રમકનું દ્રમકત્વ એની ભોગતૃષ્ણાને આભારી છે. દ્રમકના જીવનની કોઈ પણ ક્રિયા કે પ્રક્રિયા; એના જીવનનો કોઈ પણ યોગ કે પ્રયોગ; એના અંગનું કોઈ પણ કમ્પન કે સ્પંદન.... બધાય તૃષ્ણાથી જ પ્રેરાયેલા હોય, એ ખાતો હોય, પીતો હોય, બોલતો હોય, સૂતો હોય, બેઠો હોય, કે ચાલતો હોય....બધું ય તૃષ્ણાથી જ પ્રેરાઈને.

એના ચિંતન, મનન, ધ્યાન, કથન, લેખન કે વર્તનની કોઈ પણ ભૂમિકામાં તૃષ્ણાનું પાર્શ્વસંગીત (Back ground-music) સતત પ્રસરતું જ હોય. પ્રસરે જ ને? દ્રમકને એ સંગીત વિના જીવનની કોઈ પણ ગતિમાં સંવાદિતતા જ ન લાગે ત્યાં બીજું થાય પણ શું?

ઊધઈની રાણીની જેમ માનવીની તૃષ્ણા સેકંડે સેકંડે જરૂરિયાતોનાં હજારો ઇંડાં મૂકતી જ રહે છે. બિચારો દ્રમક તૃષ્ણાનો પતિ....ના....ના....એ તૃષ્ણાદેવીનો અદનો ગુલામ! એનાં ઇંડાંને પાળે છે, પોષે છે....અને જીવનની ખેતી કરી નાંખીને મેળવે છે લાંબીપહોળી એક દુનિયા! પણ....પણ પોતાને જ ગુમાવતો જઈને.

આ જ તો આશ્ચર્યોનું પણ આશ્ચર્ય છે કે માનવ જેનું સ્વામિત્વ મેળવે છે તેનો અદનો દાસ બની જાય છે!

બધું મેળવીને બધાનો ગુલામ બનતો, બધું મેળવીને જાતને જ ખોઈ નાંખતો આત્મા ભલે જગતમાં તે કોઈ પણ કહેવાતો હોત, ગમે તે નામે પુજાતો હોય....પણ તૃષ્ણાનો એ દાસ હકીકતમાં તો દ્રમક જ છે.

તૃષ્ણાપીડિત આત્મા બીજું કાંઈ જ નથી; એ છે આજના વૈભવ-વિલાસનું એક માત્ર પ્યાદું.

આજે વૈભવ અને વિલાસોનાં મોડેલો દર વર્ષે બદલાતાં રહે છે....ના, ના....રોજ બદલાય છે. રોજ કેલેન્ડરની તારીખ બદલાય છે તેમ.

એટલે જ હવે રેયોન, ડ્રેલોન, ગયાં; અરે! ટેરેલિન, ટેરિવુલન અને ટેરિકોટન પણ 'આઉટ ઓફ ડેટ' થયાં.

કાચનાં કાપડ પણ આવ્યાં અને ઘાસનાં ય કાપડ બન્યાં. એ ય કાલે જશે....હવે આવશે પાણીનાં કે હવાનાં કાપડ! અદૃશ્ય કાપડ!

ફેશનો અને ફેશન–મોડેલો બધું જ રોજ બદલાતું જાય છે સાથે સાથે તૃષ્ણાઓનાં સ્વરૂપો પણ બહુમુખ બનતાં જાય છે. અને તૃષ્ણાપીડિત પેલો દ્રમક? એ ય સતત બદલાતો જાય છે; એનો નાઇટ ડ્રેસ; પીકનીક ડ્રેસ, પાર્ટી ડ્રેસ, ઓફિસ ડ્રેસ, જર્ની ડ્રેસ....બધા જુદી જુદી સૂટકેસમાં ગોઠવાએલા જ રહે છે.

આવો એક દ્રમક! કેટલાને એના સંગે દ્રમક બનાવતો હવે? કેટલાનાં જીવનમાં અંધારાં પાથરતો હશે? કેટલાના નિસાસા લેતો હશે?

પણ સમાજ કેમ આવા દ્રમકને નભાવતો હશે? અરે! આ તે કાંઈ પ્રશ્ન છે? આજનો સમાજ એ શું છે? આવા દ્રમકનો જ સરવાળો કે બીજું કાંઈ? સમાજનાં નૈતિક મૂલ્યો તરફ, સમાજનાં જીવનલક્ષ્યો તરફ નજર તો નાંખો એટલે આજનો સમાજ શું છે એ સમજવું બહુ સહેલું થઈ જશે.

આજનો સમાજ એ જોતો જ નથી કે માનવના અંતરમાં અવિનાશીનાં ગીત કેટલાં ગુંજી રહ્યાં છે?

એ જોતો જ નથી કે કોઈ માનવે એના આંતરમનની કે અતીત મનની કોઈ સપાટીને સ્પર્શી છે કે નહિ? લાવ તેને બિરદાવું! આવો વિકલ્પ પણ આજના સમાજમાં ક્યાં અને ક્યારે જાગ્યો છે? રે! એ સમાજે તો એવાઓને સામાન્ય કોટિનાં પ્રાણી ગણ્યાં છે.

જેમણે પોતાના માંહ્યલાને ઢંઢોળવા પ્રયત્ન કર્યા,

એ ખાતર જેમણે જાનફિસાનીઓ કરી, માથે અંગારા મુકાવ્યા, ચામડાં ઉતરડાવી નાખ્યાં, ઘાણીમાં હાંડમાંસ પિલાવી નાખ્યાં....એમને આજના સમાજે કેટલા બિરદાવ્યા!

આજનો સમાજ તો માંગે છે તમારો 'મેક-અપ'! ભલે પછી તેને ઘરના બાથરૂમમાં જઈને નળ નીચે માથું મૂકીને રાત્રે તમે ધોઈ નાંખો!

સમાજ તો માંગે છે 'હેવમોર'ના આઈસ્ક્રીમની એક તબિયત પાર્ટી! ભલે તેની પાછળ અન્યાય માર્ગે તમે સંપત્તિ પ્રાપ્ત કરી હોય! કે સત્તાવાહી સૂરે કોઈને સપાટામાં લઈને એની મૂડી આંચકી લઈને એનાં બાળબચ્ચાંને રોતાં-કકળતાં મૂકી દીધાં હોય!

સમાજ તો માંગે છે સૌન્દર્ય ચામડીનું, એને કશી નિસબત નથી એ સૌન્દર્યની અંદર ગમે તેટલી કુશીલની ગંદકી ખદબદતી હોય તે સાથે.

આ સ્થિતિમાં આવા સમાજ સામે એ પ્રશ્ન મૂકી જ ન શકાય કે આજે સમાજમાં આટલા બધા દ્રમક કેમ વસ્યા છે.

એટલે દ્રમકનાં સ્વરૂપદર્શન કરવાં હોય તો એ સમાજથી પણ તમારે થોડી પળો માટે દૂર થવું પડશે.

અને ત્યારે જ તમને દ્રમક બનેલા અબજોપતિ આત્માની થયેલી માનહાનિનો આંખે દેખ્યો સાચો હેવાલ પ્રાપ્ત થશે.

ત્યારે જ એ વાત સમજાશે કે વિરાટશક્તિનો સ્તંભ, ચિદાનંદની છોળો ઉછાળતો રસસાગર, આનંદઘન આત્મા

પોતાના સ્થાન, માન અને સન્માન પામવા માટે ધોળીપીળી મારી ઉપર જ સમાજ પાસેથી કેવાં કેવાં સર્ટિફિકેટ લે છે!

ત્યારે જ એ આર્યસંસ્કૃતિની વર્તમાન કમનસીબીનો ખ્યાલ આવશે કે ત્યાં આજે સદાચારનું શિક્ષણ દેતા ગુરુ કરતાં કે નીતિનો પાઠ શીખવતા કોઈ માતપિતા કરતાં એક ઉસ્તાદ દાણચોરનું કે બે નંબરના પૈસે બધી રીતે માતબર બનેલા એક શ્રીમંતનું કે સિને પડદે ભજવાતા એક રૂપગર્વિતાના અશ્લીલ દૃશ્યનું મૂલ્ય ઘણું વધુ અંકાઈ ચૂક્યું છે!

જવા દો જગતની કે સમાજની વાતોને

આપણે આપણા દ્રમકની જ વાત કરો.

દ્રમકે દ્રમક મટી જવું હોય તો એણે પોતાની ખરી શ્રીમંતાઈ તરફ નજર દોડાવવી પડશે. એ માટે તૃષ્ણાની પૂર્તિનો રાહ છોડી દઈને તૃષ્ણાની તૃપ્તિના રાહે ડગ માંડશે.

તૃષ્ણાપૂર્તિનો રાહ દ્રમકને વધુ દ્રમક બનાવશે.

તૃષ્ણાતૃપ્તિનો (તૃષ્ણાનિવૃત્તિથી સાધ્ય) રાહ દ્રમકના અઢળક ઐશ્વર્યનું સ્વામિત્વ દાખવીને એને સાચો શ્રીમંત બનાવશે.

યાદ રાખજો, રસ્તાનો પાટીવાળો હજી સુખી છે પણ લક્ષાધિપતિ તો બેચેન છે. હજી એ ય કાંઈ સુખી હશે પણ એક મિલમાલિક ઘણો બેચેન છે. કદાચ એ પણ થોડો સુખી હોઈ શકે પણ આજના ઉદ્યોગપતિની બેચેનીની કોઈ સીમા જ નથી. કદાચ એને ય ચેન સાંપડી જાય પણ વિશ્વના અબજોપતિઓ, માંધાતાઓ અને સત્તાધારીઓને તો ક્યાંય

ચેન નથી, કોઈ જંપ નથી. જેનો જેટલો તૃષ્ણાપૂર્તિ માટે વધુ પરિશ્રમ એટલો એ વધુ બેચેન.

હાર્ટએટેક, બ્લડ પ્રેશર કે સ્ટમક અલ્સર જેવા હાઈ-પરટેન્શનના રોગો પણ એમને જ થાય છે ને?

એટલે તમારા દ્રમકને બરોબર નિહાળી લો આજે. એનું સ્વરૂપદર્શન સારી રીતે કરી લો આજે.

પછી?....પછી તમને જરૂર એક પ્રશ્ન લમણે આવીને વાગશે કે દ્રમકનું દ્રમકપણું મિટાવી દેવા માટે જે તૃષ્ણા-નિવૃત્તિ જરૂરી છે તે પ્રાપ્ત કરવી શી રીતે?

બસ....આ પ્રશ્ન જાગતાં જ તમે આ પુસ્તકની કથા હાથમાં લેજો....જેમ જેમ તમે આગળ વધશો તેમ તેમ તમને તમારા પ્રશ્નનું બહુ સુંદર સમાધાન મળતું જ જશે.

છતાં તમે ટૂંકમાં એટલું સમજી લો કે એ તૃષ્ણાનિવૃત્તિનો એકનો એક અને અવંધ્ય ઉપાય છે સદ્‌ગુરુનો સંગ-સત્સંગ.

સત્સંગે સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત થાય. સદ્‌ગુરુના સંગે સન્મતિ પ્રાપ્ત થાય.

એ કૃપા જ જગત્સ્વભાવનું દર્શન કરાવે છે. જડ પરમાણુનાં જ જુદાં જુદાં જોડાણોથી બનેલા જગતનું એના પોતાના જડ પરમાણુના સ્વરૂપમાં જ ભાન કરાવી દે છે. રંગરાગ અને ઝાકઝમાળોની અંદર છુપાએલા—રંગરાગ કે ઝાકઝમાળ વિનાના—ગોળમટોળ પરમાણુ સ્વરૂપનું સાચું દર્શન એ સદ્‌-ગુરુ કરાવી દે છે. જગત્સ્વભાવનું સ્પષ્ટ જ્ઞાન આપી દે છે અને એ રીતે ઈંટ મટોડામાં અને રાખની ઢગલીઓમાં રાચતા દ્રમકને એની તૃષ્ણાથી નિવૃત્ત કરે છે.

અને ત્યાર પછી....ઝળહળતા તેજના જ એકના એક પુંજસમા ચૈતન્યના ઉપર ચડેલા બધા કચરા સાફ કરાવીને એનાં અપૂર્વ કૌવત, ઓજસ અને પ્રકાશ પ્રગટ કરે છે.

જડ ઉપરથી નજર ઉઠાવી લો.

ચેતન ઉપર નજર જડી દો. એટલે....દ્રમક, દ્રમક મટી જાય છે. એક વખત કહેવાતો બિચારો દ્રમક પછી નરવીર દ્રમક બની જાય છે,

પછી જ એને સમજાય છે કે પેટર્ન કે શર્મન ટેન્કો અને મશીનગનો કરતાં ય વધુ વીરરસ તો શાન્તરસમાં પડેલો છે.

પછી જ એને ભાન થાય છે કે તત્ત્વજ્ઞાન પાસે વિજ્ઞાન તો સાવ જ વામણું ખાબોચિયું છે.

ત્યારે જ એને એ વાતની પ્રતીતિ થાય છે કે બહારનું બધું ય ઐશ્વર્ય ભેગું થાય તો ય અંતરના એક પ્રદેશના ઐશ્વર્ય પાસે તેનું કાંઈ જ મૂલ્ય નથી.

ચેતનનું પુદ્‌ગલીકરણ એ આત્માનું દ્રમકપણું છે.

પુદ્‌ગલનું ચૈતન્યીકરણ એ આત્માની શ્રીમંતાઈ છે.

આમ સદ્‌ગુરુનો યોગ થયા પછી જે કૃપા અને સન્મતિ પ્રાપ્ત થાય છે તે જ જગત્સ્વભાવનાં ચિંતન મંથનની દ્રમકને દેન કરે છે.

સત્યને પામવાનો પણ એ જ માર્ગ છે ને! મંથન કરવાનો અને મથામણની પ્રસવવેદના અનુભવવાનો. એક વાર આ રીતે હૃદયપરિવર્તન થાય પછી જીવનપરિવર્તન તો એની સ્વયંભૂ નીપજ છે. આ માટે ઝાઝા પ્રયત્નની જરૂર રહેતી નથી.

પછી જે સત્ય પ્રાપ્ત થાય છે કે બહાર જે દેખાય તેને જોવાનું બંધ કરો; અંદર પ્રકાશ પ્રકાશ થઈ જશે.

બહારથી ખાલી થાઓ; અંદરથી ભરાવા લાગશો. બહારનું સંકેલી લો. અંદરની શ્રીદેવી અઢળક ધનની હેલી કરશે.

બાહ્ય કુટુંબનો પરિત્યાગ કરો. અંદરથી સાચું કુટુંબ, સાચો સ્વજન તમને પ્રાપ્ત થશે.

બહાર આગ તો અંદર માઉન્ટ અવરેસ્ટની શીતળ ઠંડી.
બહાર દુકાળ તો અંદર લીલુંછમ
બહાર ભૂખ્યા તો અંદર અમૃતના ઓડકાર.
બહાર શૂન્ય તો અંદર બધું પૂર્ણ.
બહાર ભાગાકાર, અંદર એકલા ગુણાકાર.

આઈન્સ્ટાઈને $E=mc^2$ આવું ગણિતનું સમીકરણ આપ્યું અને એમાંથી અણુબોમ્બ શોધાયો.

તત્ત્વજ્ઞાનીઓએ આપણને 'શૂન્ય=પૂર્ણ' એવું ગણિતનું સમીકરણ આપ્યું છે. આપણે એનાથી આધ્યાત્મિક વિસ્ફોટ કેમ ન કરીએ ?

સદ્‌ગુરુની કૃપા અને સન્મતિ આવો આધ્યાત્મિક વિસ્ફોટ કરે છે અંતરમાં! અને અંતરનું એ કેન્દ્ર આધ્યાત્મિક આંદોલનોનાં જબ્બર કમ્પનો વડે પળે પળે બળવાન બનતું જાય છે. ત્યારે તો દ્રમક મટી જાય છે. સાવ જ દ્રમક મટી જાય છે. અને પછી એ આધ્યાત્મિક શક્તિનું કેન્દ્રસ્થાન આ વિશ્વમાં સર્વત્ર પ્રકાશ પ્રકાશ પાથરે છે. ચારે બાજુથી અંધારપટોને ઊંચકીને ફેંકી દે છે.

પ્રસ્તુત રૂપકથાનો અંત અહીં જ આવી જાય છે. દ્રમક પોતાને અપૂર્વ આધ્યાત્મિક વિસ્ફોટનું કેન્દ્રવર્તી સ્થાન બનાવે છે અને એના દ્વારા અનેક દ્રમકોનાં જીવનને એ ઉજાળે છે.

આ રૂપકકથા ઉપમિતિભવપ્રપંચકથાના પીઠિકા ગ્રન્થના આધારે જ લગભગ આલેખાયેલી છે. કેટલાંક સ્થાને જ એમાં ક્યાંક કશોક ફેરફાર કર્યો છે એટલે વસ્તુતઃ તો આ રૂપકકથા એ ભગવાન સિદ્ધર્ષિગણિવર્યના એ અપૂર્વ સંસ્કૃત ગ્રન્થનો ભાવાનુવાદ જ કહી શકાય.

રે! સ્વાત્મન્ દ્રમક! અજ્ઞાન અને તૃષ્ણાના ઊંડા અંધારેથી સમ્યગ્જ્ઞાન–ચારિત્રના અને તૃપ્તિના પરમ તેજે તું પણ ઝડપભેર પગલાં માંડ, હવે ધાર્યા કરતાં ઘણું મોડું થઈ ગયું છે.

મેળવી લે ગમે તે ભોગે સદ્‌ગુરુનો સંગ, એમની અમોઘ કૃપા અને સન્મતિ.

પામી લે જીવનનો મર્મ સમાધિ.

અને પછી સદૈવ લેટી જા એ અકારણવત્સલ એકાન્ત-હિતૈષી, ધર્મબોધકરના–સદ્‌ગુરુમાતાના–ચરણોમાં....જેણે તારાં દારિદ્રનાં અંધિયારાં ઊલેચી નાખ્યાં હશે, જેણે તને પરમ તેજના પંથે ચડાવી દઈને કો'ક ખૂણે જઈને હર્ષનાં આંસુની ગંગા વહાવી હશે.

[ ૧ ]

# એક નગર

સંસાર એનું નામ. નગર ભારે વિશાલ. વિશાલ એટલું જ વિચિત્ર. વિચિત્ર ખરું એમ સચિત્ર પણ ખરું. એ નગરમાં કરોડો કરોડપતિઓ વસે છે તો કરોડો રોડપતિઓ પણ વસે છે. રે! એનો તો કોઈ સુમાર જ નથી.

નગરના એક વિભાગમાં જે કરોડપતિઓ વસે છે એમની ગગનચુમ્બી હવેલીઓ એક પંક્તિમાં ઊભી છે. પંક્તિ તો એવી સુન્દર બનેલી કે ઘડીભર એમ જ લાગે કે આ હવેલીઓ પરસ્પર કાંઈક ખાનગી વાર્તાલાપ કરી રહી છે. ગગનચુમ્બી હવેલીઓ ઉપર ફર ફર ફરકે છે મનોહર ધજાઓ. અન્દર નિવાસ કરનારનો આનંદ ન વ્યક્ત કરતી હોય જાણે. જોનારને એ ધજાઓ જાણે સન્દેશ ન આપતી હોય કે આવો, શીઘ્રાતિશીઘ્ર આવો! ચાલ્યા આવો, દોડયા આવો અમારી શીતલ છાયામાં અને ઠરીને શીતલ થાઓ.

નગર શું હતું? સન્તોનું સ્થાન હતું અને કવિઓનું સમગાન હતું; મલ્લોનું માન હતું અને જ્ઞાનીઓનું જ્ઞાન હતું; ગીતજ્ઞોનું તાન હતું અને સમજુઓની સાન હતું; ધનિકોનું ધન હતું અને પશુઓનું વન હતું. અથવા શું ન હતું આ નગર? આવા નગરનું વર્ણન! શું કરવું? અને કરીયે શે શકાય?

ઇન્દ્રની અલકા જ જોઈ લો જાણે.

આવા નગરમાં વસતો હતો એક દ્રમક.[૧] નિર્ધનોની જમાતનો અગ્રેસર અને ભાગ્યહીનોમાં શિરોમણિ. ખાવાનુંય માંડમાંડ મળે બિચારાને. સવાર મળે તો સાંજની ચિન્તા અને સાંજે મળે તો સવારની ચિન્તા.

સમૃદ્ધિની છોળો ઊછળતી હોય એવાય સ્થાનમાં હીણ-ભાગીની આવી જ દશા હોય. ભાગ્યહીન મનુષ્ય ભરેલા ભાણે ભૂખ્યો મરે. આ જ છે ને ત્યારે કર્મના વૈષમ્યકર્મની વિચિત્રતા!

આવો ત્યારે જરા રૂપદર્શન કરીએ દ્રમકનાં.

દુર્બલ દેહ, એક એક પાંસળી જ ગણી લોને! ચામડી અને પાંસળી એવી ચોંટી ગયેલી કે છાતી જાણે બહાર ના નીકળી પડી હોય એમ જ લાગે, પેટ ગાગરડી અને પગ દાતરડી. નાની ગરદન પર ભારે માથું, આંખો ઊંડી. નાના કાન અને ચીબું નાક. આવાં હતાં દ્રમકનાં રૂપ. અરૂપના પડછાયા જ જોઈ લો. શરીરમાંથી ઠેર ઠેર પરૂ ઝરે છે. અને તેની પર બણબણે છે સંખ્યાબંધ માખીઓની ફોજ. બિચારો ઉડાડી ઉડાડીનેય થાકી જાય.

દ્રમકનો દેહ એટલે રોગનું ધામ. વેદાન્તીના વિધાતાનો બિચારાએ શો અપરાધ કર્યો હશે કે વિશ્વનાં સઘળાંય દુઃખનું ભાજન બનાવીને દ્રમકને એણે આવી કરુણ લાત મારી!

લાજ ઢાંકવા માટે ચાર આંગળનું ચીંથરું અને ભીખી-માંગીને ભેગું કરવા માટેનું એક ચપ્પણિયું[૨] આટલી હતી એ દ્રમકની સમ્પત્તિ.

---

૧. ધર્મહીન, પુણ્યહીન સંસારી જીવ.

૨. જીવનું આયુષ્ય.

શ્રીમંતોની નગરીમાં પણ બિચારા દ્રમક માટે આથી વધુ કાંઈ જ ન હતું. હતી એક માત્ર સમગ્ર સુખોની બાદબાકી. ગરીબોની એય એક સમ્પત્તિ જ ગણવી રહીને[3] !

ચપ્પણિયું એટલે ચપ્પણિયું. એમાં તે વળી શાં રૂપ–રંગ હોય, શું સૌષ્ઠવ હોય ? છતાં દ્રમકને એમાં અગાધ રસ–રાગ હતા. કોઈ શ્રીમન્તને એની વિપુલ સંપત્તિમાં હોય એટલા. હોય જ ને પણ. એ ચપ્પણિયું તો દ્રમકનું સર્વસ્વ હતું. જમવાની થાળી અને વધેલું ભરવાની તપેલી એમ બેવડું કામ એ આપતું હતું.

દ્રમક આમ દીન હતો, અને હીન પણ હતો. આમ છતાં એનામાં પણ થોડીક યોગ્યતા હતી. એ ભિખારી હતો પણ ડાકુ ન હતો. મનનો તો એય થોડો ઉદાર હતો.

એક સમયની વાત છે. દ્રમક ભીખ[4] માગવા નીકળ્યો છે. હાથમાં ચપ્પણિયું હલાવતો હલાવતો ભીખની ટેલ નાંખે છે. એનાં ભોગાન્તરાય ઉદયમાં આવ્યાં હોય કે લોકોનાં દાના-ન્તરાય ઉદયમાં આવ્યાં હોય, ગમે તે કારણ હોય; કોઈ એની ટેલ સાંભળતું નથી. રોજ માંડ માંડ મળતો રોટલાનો ટુકડો અને વાટકી દાળ–શાક પણ આજ નસીબમાંથી ઊતરી ગયાં.

મધ્યાહ્ન વીતવા આવ્યો. દ્રમક બિચારો થાકીને એક હવે-લીની છાયામાં આરામ કરવા બેઠો. પેટમાં તો બિલાડાં બોલે છે. 'ભિખારીને ભૂખ ઘણી' એ કહેવત પ્રમાણે બિચારો બેચેન બેચેન બની ગયો છે. ખાવા માટે ફાંફાં મારે છે, પણ ક્યાંય

૩. સંસારી જીવની કર્મે સર્જેલી દુર્દશા.
૪. ભોગોની ભીખ.

ખાવાનું દેખાતું નથી.[૫] એનાં નિત્યનાં સાથીદાર કૂતરાંઓ પણ એને વીંટળાઈને બેઠાં છે. આવા દ્રમદ્રના બીજા તો સાથી પણ કોણ બને! દ્રમદ્ર રોજ ભીખ માંગવા જાય અને કૂતરાંનું એક ટોળું એની પાછળ પાછળ જાય. દ્રમકને કકડો મળે ત્યાં એમને પણ કકડો મળી જાય. આ મૂંગાં પ્રાણીઓ પર દ્રમકને સ્નેહ.[૬]

ભૂખથી પરેશાન થતો દ્રમક ધૂળ પર આળોટી રહ્યો છે. ત્યાં તો એની આસપાસ બેઠેલી કૂતરાંની ફોજ દોડી. દ્રમક સફાળો બેઠો થઈ ગયો. જુએ છે તો એ હવેલીના દયાળુ શેઠે નીરેલા રોટલા પર એનાં સાથીદારો તૂટી પડયાં છે. દ્રમક ઊઠયો. દોડયો પેલા રોટલા ભણી જ તો, ભૂખ્યો ભોજન જુએ તો દોડે જ ને. પણ રોટલા પાસે જઈને એ એકાએક અટકી ગયો. એને મનમાં વિચાર આવ્યો. 'અરેરે આ તો કૂતરાંને નીરેલા રોટલા કહેવાય. મારાથી એ લેવાય જ કેમ? આ રોટલા ઝૂંટવી લઉં તો પછી મારામાં અને ડાકુમાં ફરક શો? ભૂખે મરવું મંજૂર છે; પણ પારકો રોટલો બળજબરીથી લેવો નથી.'

આવું તો ઘણીવાર બનતું. અને દરેક વખતે દ્રમક પોતાની અમીરીની ખુમારીમાં મસ્ત રહેતો. એ વખતે દ્રમકને એમ થતું કે હુંય કેવો શ્રીમંત છું! આ હવેલીવાળાઓની નજરમાં ભલેને રાંક રહ્યો પણ આ કૂતરાં કરતાં તો હું કેટલો ઊંચો છું, મારામાં કાંઈક વિવેક તો છેને! આ સાવ ઉઘાડાં કૂતરાં કરતાં હું ચાર આંગળાંના ચીંદરડે ઢંકાયેલ તો છુંને!

---

૫. તીવ્ર પાપોદય.
૬. ચરમાવર્તમાં પ્રવેશ કરવાની પળોની સન્મુખતા.

એટલો તો સારો જ ને વળી.

આમ કોઈક પુણ્યના ઉદયે અલકા સમી આ સંસાર નગરીમાં દ્રમક અવતરીને પણ પાપના ઉદયે દુઃખના દહાડા પૂરા કરે છે. ઘણી વાર ત્રણ ત્રણ દિવસોની લાંઘણ ખેંચાતી તો ઘણીવાર ચપ્પણિયામાં આવી પડેલું ડાઘિયાઓના મોંમાં જઈ પડતું.

દ્રમકની પાછળ પાછળ કૂતરાંનાં પેટ ભરાય એટલું દ્રમકનું સુકૃત એટલે જ દ્રમક કદી કૂતરાંને ભગાડી મૂકતો ન હતો. એ સમજતો હતો કે એનાથી આ સિવાય બીજું કાંઈ જ સુકૃત થઈ શકે એમ નથી. ભલેને પેટ ભરતા બિચારા મૂંગા જીવ.

સાત દિવસની લાંઘણનો સમય આવે ત્યારે દ્રમકનું દિલ કૂતરાંના રોટલા ખાઈ જવા જેટલું હીન ન બનતું. એ વિચાર કરતો, 'આ બિચારાં તદ્દન અજ્ઞાન અને નાગ–ભૂખ્યાં! આમનો રોટલો, મારાથીય ઊતરતું અને હીણું જીવન જીવનારનો રોટલો, મારાથી ઝૂંટવાય ખરો? નહીં નહીં, હરગિજ નહીં.' આવી હતી દ્રમકની સમજ.

લોકો સમજતાં દ્રમક ગરીબ છે. જ્યારે દ્રમક આમ એક રીતે થોડો થોડો અમીર હતો. તનના ગરીબને ગરીબ કહીને વખોડનાર પોતે કેટલા ગરીબ છે–મનના ભિખારી છે એ જુએ છે ખરા? સમજે છે ખરા?

દ્રમકના દિલમાં આછોપાતળો અમીરીનો અંશ ખરો; પરંતુ અંતે જાત તો ભિખારીની જ ને! અવસરે એની હીનતા પર ઊતર્યા વિના રહે ખરી? ભિખારીની ભૂખ ઘટે તો નહીં જ પણ પેટમાં ગમે એટલું ઓરે જ જાય તો પણ મટે નહીં, અને ભૂખ જેની મટે નહિ એનાં પાપાચરણ અવિરત

૭. દ્રવ્યાનુકમ્પાનું જાણતાં–અજાણતાં થતું સુકૃત.

ચાલુ જ રહે. એ તો ઠીક પણ સૂગ ચઢે એવી એની પ્રવૃત્તિ પણ ચાલુ રહે.[૮]

એટલો બધો અકરાંતિયો દ્રમક કે જેટલું મળે એટલું ઠાંસી ઠાંસીને ખાય; એંઠું-જૂઠું પણ ખાય. અરે, એટલું જ નહિ પણ કૂતરાંની જેમ કોઈનું વધેલું પણ ખાય. ભીખતાં ભીખતાં પ્રગટી છે આવી સર્વનાશી ભૂખની આગ દ્રમકમાં. રાત ને દિવસ એને એક જ રટણ છે—ખાઉં ખાઉં ને ખાઉં. બીજી વાત જ નહિ. સવાર પડી નથી કે દ્રમક ઊઠ્યો જ સમજો. ઊઠે એવો એનો હાથ સીધો ચપ્પણિયા ઉપર. પછી ચપ્પણિયું હાથમાં લઈને એ ચાલી નીકળે ભીખ માંગવા. શેરીએ શેરીએ 'આલજો માબાપ'નો દ્રમકનો નાદ ગાજી ઊઠે. અને અધૂરામાં પૂરું દ્રમકના નાદમાં વચમાં-વચમાં સાદ પુરાવે એની આસપાસ વીંટળાઈને સાથે ચાલતી કૂતરાંની પલટન. કૂતરાં એ તો દ્રમકનાં રોજનાં સાથી.[૯]

દ્રમક જે શેરીમાં પેઠો ત્યાં ઝઘડો ચાલુ થયો સમજો. દ્રમકની શ્વાનસેના અને શેરીની શ્વાનસેના વચ્ચે જબરો જંગ જામી પડે. શેરીની શાંતિને પાંખો આવે કે ફડફડાટ કરતી ઊડી જાય. પછી શેરીનાં કૂતરાંને બચાવવા શેરીવાળા મેદાને પડે અને દ્રમકની શ્વાનસેના સાથે સાથે દ્રમકનેય શેરીમાંથી તગડી મૂકે. દરમિયાન કોઈ ભીખ મળી ગઈ તો નસીબની વાત; નહિ તો રામ તારી માયા. ભીખ મળી ને ખાવાનો ખૂણો મળ્યો તો ત્યાં જ ચપ્પણિયું સાફ, અને એમ ના

૮. ભોગસેવનથી જન્મતી વધુ ને વધુ અતૃપ્તિ.
૯. કૂતરાં-સ્વાર્થી કુટુંબીજનો.

મળે તો ચપ્પણિયું જ દ્રમકનો સંગ્રહભંડાર બની રહે.

અલબેલી અલકામાં દ્રમકે આમ ને આમ ઘણી જિંદગી કૂટી મારી. કોઈ શેરી એવી નહીં હોય જેમાં દ્રમક ફર્યો નહીં હોય. અરે શેરી શું, જમીનનો ચાર આંગળનો કોઈ ટુકડો નહીં હોય, જે દ્રમકના પગ નીચે ન આવી ગયો હોય.[10] નગરનું કોઈ માનવી એવું નહીં હોય કે દ્રમકને ન જાણતું હોય અને કોઈ બાળક કે જુવાન એવો નહીં હોય કે જેની ચીડવવાની પ્રસાદી દ્રમક ન પામ્યો હોય, કાંકરા કે પથરાની મહેરબાની ન પામ્યો હોય.

સૌ તરછોડે, સૌ તિરસ્કારે, તોય દ્રમક બિચારો નમીને ચાલે. લેનારને તો નમીને જ ચાલવું પડે ને! લોક મારે કે પીટે ત્યારેય દ્રમક 'ખમજો માબાપ ખાવાનું તો આપો' કહીને હાથ જોડતો. મારી–પીટીને કે ગાળો દઈને પણ ચપટી ખાવાનું તો એ લોકો જ આપવાના છે. હોય ત્યારે, મારે બિચારા. મારીને પણ મૂઠી ધાન આપે છે ને? આવો હતો દ્રમકનો ભોજન પ્રત્યેનો મોહ.

આમ દ્રમકની ચાલે છે નિરંતર સાધના – સવારથી સાંજ સુધી ભીખ માંગવાની. આમ તો આ વેઠ જ કહેવાય. પરંતુ દ્રમકની સતત તત્પરતા જોઇને સાધના કહેવું પડે છે, અને આ સાધના દરમિયાન એનાથી શું અજાણ્યું હતું? કશું જ નહીં. ભોગીઓના ભોગવિલાસ અને ચેનચાળા પણ એનાથી અજાણ્યા નહોતા કે નહોતો અજાણ્યો એમના તન-મન અને વાણીનો ગંદવાડ.

---

૧૦. ચૌદ રાજલોકમાં સર્વત્ર જીવનાં જન્મમરણ.

નગરની પૂર્વ દિશામાં એક રાજમહેલ[11] અતિ વિશાલ. એટલો જ ભવ્ય. એથી વધુ રમ્ય. અદમ્ય આકર્ષણથી ભરેલો. છતાં ય એટલો જ અદ્ભુત! બહુ ઓછા લોકો એની છાયામાં ઠરીઠામ થતા. ત્યાં જતા કે પાછા વળતા. અંદર તો ભાગ્યે જ કોઈ પ્રવેશ મેળવી શકતા.

આ દ્રમકરામ પણ સેંકડો વાર આ રાજમહેલના દ્વારે આવી આવીને ખોટા રૂપિયાની જેમ પરત થયા છે. દ્રમકની બિચારાની દૃષ્ટિ જ એવી કે એને આ રાજમહેલમાં ખાસ આકર્ષણ લાગે જ નહીં. એની ચીબડી આંખોમાં આવું કશું સમાય જ નહીં. કોઈ વળી ક્યારેક આ રૂપમહેલનાં વખાણ કરે અને દ્રમકના કાને પડે તો એને નવાઈ લાગે અને ઘડી-ભર મહેલ સામે તાકી રહે પણ બિચારાને કાંઈ સમજ જ ન પડે. એની નજરમાં ઈંટ–ચૂના સિવાય બીજું કાંઈ આવે તો ને! આનું જ નામ જેવી જેની દૃષ્ટિ. માટે જ કહે છે ને કે દૃષ્ટિનો આવશ્યક વિકાસ થયા વિના આંતરિક સાર–સૌન્દર્ય સમજી શકાતું જ નથી. એ માટે જોઈએ છે દૃષ્ટિ. માત્ર દૃષ્ટિ નહીં, આવશ્યક કક્ષા સુધી વિકાસ પામેલી દૃષ્ટિ. બિચારા દ્રમકની ચીબડી આંખોમાં એ વિકાસ ક્યાં થયો હતો તે એને રાજમહેલના રૂપસૌન્દર્યની ભવ્યતા સમજાય?

ક્યારેક ક્યારેક દ્રમકને કુતૂહલ થતું અને એ ઊપડી

૧૧. જિનેશ્વરદેવનું શાસન.

જતો રાજમહેલના દર્શને.[12] બિચારો દ્રમક! ફરી ફરી જતો અને ફરી ફરી પાછો આવતો; આમ રાજમહેલનાં રૂપસૌન્દર્ય જાણ્યા–સમજ્યા વિના. પછી માણવાની તો વાત જ ક્યાં રહી? હા, એને માણવા મળતો દ્વારપાલનો[13] તિરસ્કાર. બિચારો રાજમહેલના દ્વારે ઊભો ઊભો રાજ-મહેલને ટીકી રહેતો અને આમ ટીકતાં ટીકતાં માંડ ગણતરીની પળો વીતતી કે દ્વારપાલ હાકોટો મારી હાંકી મૂકતો. ત્યારે દ્રમક કહેતો "અરે ભાઈ, ઘડીક નિહાળું એમાં તારું જાય છે કાંઈ?" દ્વારપાલ દ્રમકને ધમકાવતો અને કહેતો "જા જા તારે રસ્તે પડ. અહીં તારું કામ નહીં. આ સૌન્દર્ય સમજવાનું હજું તારું ગજું નથી. આમ ગજા બહારની વાત કરતાં કરતાં કાલ તું કહીશ કે મારે તો નિહાળવાં છે રાજ-કુમારીનાં રૂપ; મારે તો પખાળવા છે પગ રાજસિંહાસન પર બેસીને! તો? તારી સૂરત તો જો. જા ભાઈ જા, હવે ઢંગ-ધડા વગરની વાતો કર્યા વિના." આ સાંભળીને રાંક દ્રમક મૂંગો મૂંગો ચાલવા માંડતો અને જતાં જતાં પોતાના મનને આશ્વાસન આપતો – દરેક પરાજિત વ્યક્તિ સમજાવે છે તેમ 'ચાલ મન, ચાલ તને લાખ લાખ વાર સમજાવ્યું કે આ ઇંટ–માટીની ઇમારતમાં કંઈ જ સુંદરતા નથી છતાં તારી કૂદાકૂદ મટતી જ નથી. લે ખાતો જા લાડવો. ખબરદાર હવે પછી મહેલની આસપાસ ફરક્યો છે તો.' આમ આશ્વાસન

૧૨. ૬૯ કોટાકોટિ સાગરોપમસ્થિતિક મોહનીય કર્મનાશ થતાં દ્રવ્યદર્શનની પ્રાપ્તિ.

૧૩. દ્વારપાળ. સ્વકર્મ વિવર (ચરમાવર્ત પ્રવેશકારક કર્મહ્રાસ તે હજી થયો નથી.)

અને ચેતવણી આપતાં આપતાં દ્રમક ચાલ્યો જતો. પણ આવું તો કેટલીય વાર બનતું; કેટલીય વાર દ્રમક આશ્વાસન લેતો અને ચેતવણીઓ ઉચ્ચારતો; તો પણ ફરી એને કુતૂહલ જાગ્યા વિના રહેતું નહીં. અને આમ ફરી ફરી બન્યા કરતું. દ્રમકને કયારેક વળી થતું કે ચાલો, દ્વારપાલ ભલો માણસ છે. આ વખતે તો રાજમહેલમાં જવા દેશે. આવો વિચાર કરીને દ્રમક ઘણી વાર જતો. પરંતુ પાછું એનું એ જ. દ્વારપાલ એને તગડી મૂકતો અને ફરી વાર પાછી એની એ જ ગાળાગાળી અને એનો એ જ બબડાટ.

એક વાર તો હદ થઈ ગઈ. બન્યું એવું કે દ્રમક રાજમહેલને રસ્તે થઈને પસાર થતો હતો. જો કે રાજમહેલમાં જવાનો એનો સહેજે ઇરાદો નહોતો. પણ સંસારમાં બધું બધાના ઇરાદા પ્રમાણે કયાં બને છે?

આજુબાજુની વિશાલ હવેલીઓમાંથી કોણ જાણે કયાંથી એક ડાઘિયાં કૂતરાંનું ટોળું નીકળ્યું. કૂતરાંનું ટોળું દ્રમકને જોઈને ગેલમાં આવી ગયું. કૂતરાં ગેલમાં આવે એટલે શું થાય? એ તો ભસતાં ભસતાં પડયાં દ્રમકની પાછળ. દ્રમક આગળ દોડે છે; કૂતરાં પાછળ દોડે છે. રાંક દ્રમકનું દિલ ભયથી ધડક ધડક ધબકે છે. બિચારાના ભયનો અને રઘવાટનો પાર નથી. એક બાજુ ભય, બીજી બાજુ રઘવાટ. ત્રીજી બાજુ કમજોર શરીર. શું કરે બિચારો દ્રમક! ધાર્યું દોડી પણ નથી શકાતું. ત્યાં તો આવ્યું રાજમહેલનું દ્વાર. દ્વાર પર ઊભો છે દ્વારપાલ. દ્રમકની નજર ત્યાં પડી કે 'બચાવો બચાવો'નો પોકાર પાડતો ઘૂસ્યો દરવાજામાં. પણ કહે છે ને કે અક્કરમી-

નો પડિયો કાણો, ચોકીદારે બચાવવાને બદલે અંદર ઘૂસી આવેલા દ્રમકને એવો ધક્કો માર્યો કે દ્રમક ગુલાંટ ખાઇને નીચે પડચો. ગુલાંટ ખાઈને પછડાયો એ તો ઠીક, ઉપરથી દ્વારપાલે બેચાર ડંડાની પ્રસાદી આપી તે વધારામાં. દ્રમકને ગુલાંટ ખાતો જોઈને અને દંડાની પ્રસાદી પામતો જોઈને કૂતરાં પાછાં વળી ગયાં, શત્રુનો પરાજય થયા પછી વિજેતાને જાણે કશું કરવાનું ન રહે અને સ્વસ્થાને પાછો વળે તેમ જ તો!

દ્રમક પડચો છે. ચેતના નથી. માથામાંથી લોહી ટપકે છે. હાથ–પગની ચામડી છોલાઈ ગઈ છે. માખીના સમૂહ સિવાય રાંક દ્રમકની ખબર લેનાર કોઈ નથી. બિચારો! લાંબા સમય પછી દ્રમક ભાનમાં આવ્યો. ઊઠચો અને ધીમે ધીમે આગળ ચાલ્યો. બિચારા દ્રમકનું સંસારમાં કોઈ ન હતું. એક એનું હતું ઉઘાડું શરીર. ફાટલુંતૂટલું અંગ ઢાંકવાનું કપડું. ઉપર આભ અને નીચે ધરતી. હા એક ચપ્પણિયું હતું એની મૂલ્યવાન સમ્પત્તિમાં; અને એના સ્વજનમાં હતાં શેરીનાં કૂતરાં અને કિલકિલાટ કરતાં પંખીઓ. એની મા હતી પ્રકૃતિ. એ માએ એની તમામ સંપત્તિ ખુલ્લી મૂકી હતી દ્રમક માટે. દ્રમક તરસ્યો થતો તો પ્રકૃતિની ગોદમાં ખેલતી સરિતાનાં નીર એની તૃષા છિપાવવા તૈયાર જ હતાં. દ્રમક ભૂખ્યો થતો તો ધરતીને ખોળે વિવિધ નર્તનથી ડોલતાં તરુદલો એને કમમાં કમ પાન તો આપતાં જ, અને બીજી આપતાં શીતળ છાયા, ગ્રીષ્મની ભડભડતી આગથી બચવા માટે. પથ્થરની શિલાઓ એની શય્યા બનતી અને વાયુ બનતો એનો વીંઝણો અને આમ દ્રમક ઘસઘસાટ ઊંઘી જતો આ પ્રકૃતિની ગોદમાં.

પ્રકૃતિની ગોદ સૌ માટે સમાન.

જીવતાજાગતા ધનિકોએ જે દ્રમકને ધિક્કાર્યો; પંડિતોએ તિરસ્કાર્યો; અલંકારોથી મઢેલી રૂપગર્વિતાઓએ માર ખવડાવ્યો; શ્રીમંતોના લાડકોડ પામેલા વાંકી પૂંછડીવાળા મોતિયા, ટોમી કે ટીપુએ પૂંછડી વિનાના જે દ્રમકને ઊભી પૂંછડીએ નસાડયો એવા દ્રમકને મા પ્રકૃતિએ પોતાનો સમગ્ર વૈભવ અને પોતાની સમગ્ર સુખસામગ્રી આપી, અને ઘસઘસાટ ઊંઘાડી દીધો એને.

એને ધિક્કારતા જગતને ગાળો દઈને કારમાં કર્મબન્ધન કરે એ પ્રવૃત્તિથી બચાવવા માટે જ ન હોય જાણે,– પ્રકૃતિ-માતાની આ કૃપા !

સઘળાં દુઃખનું ઔષધ સમય છે. સમયના પ્રવાહમાં બધું જ ધોવાઈ જાય છે. એ જ રીતે સમયના પ્રવાહમાં દ્રમક બધાં જ દુઃખ ભૂલી જતો અને નિદ્રાના ખોળે ઘસઘસાટ ઊંઘી જતો. લોકોનો તિરસ્કાર, દ્વારપાલોનો દંડામાર, રૂપ-ગર્વિતાનાં તીખાંતીખાં વાગ્બાણ એ બધું જ વિસ્મરણની ઊંડી ખાઈમાં ધકેલાઈ જતું. પ્રકૃતિના મીઠા કલરવથી એ જાગતો અને ફરી વળી એના પગ અનાયાસે એ જ નગર તરફ કદમ ભરતા.

બિચારો દ્રમક, પાછો ત્યાં જ જતો જ્યાં એના પર મારની ઝડી વરસી હોય; ગાળોનો વરસાદ વરસ્યો હોય; ભયંકર ત્રાસ વેઠવો પડયો હોય ! શું કરે બિચારો ? એ એમ સમજતો કે ગાળ દઈને પણ; માર મારીને પણ; ત્રાસ આપીને પણ; રોજ નહિ તો બીજે દિવસે, બીજે દિવસે નહિ તો ત્રીજે દિવસે પણ એંઠી–જૂઠી રોટલીના ટુકડા ચપ્પણિયામાં તો નાંખવાના જ છે ને ? આમ ઘટમાળ ચાલ્યા જ કરે છે.

દિવસો અને વરસો તો શું પણ યુગો વીતી ગયા. વળી એ જ બિચારો દ્રમક અને એ જ એનું ચપ્પણિયું ! એ જ એની કથા અને એ જ એની વ્યથા ! જીવનની આ એક-ધારી જડતામાં ભાગ્યે જ કાંઈ ફરક પડતો.

જ્યારે જુઓ ત્યારે દ્રમક એ જ નગરની ગલીઓમાં ફરતો જોવા મળે. ફાટલીતૂટલી લંગોટી, વાસી દાળ વગેરેથી ખરડાએલું અને કોહવાટની બદબોથી ખદબદતું ચપ્પણિયું અને ' આપજો માબાપ, ભગવાન તમારું ભલું કરશે,' એ નગર માટે એક ચિરપરિચિત દૃશ્ય અને ચિરભૂત નાદ હતાં એટલું નહીં પણ એની પાછળ પાછું એ જ કૂતરાંનું ટોળું અને પાછી એ જ ગાળો, એ જ માર, એ જ ત્રાસ.

વાહ રે નગર ! કોઈને ય દ્રમકની દયા નથી આવતી. કોઈને ય એમ નથી થતું કે આખી જિન્દગી અહીં કાઢી છે એવા દ્રમકને એક સ્વજન જેવું સ્થાન આપીએ.

નગરમાં શ્રીમંતોનો કોઈ તોટો ન હતો પણ અભાગિયા દ્રમક માટે એકેય દિવસ એવો ન આવ્યો કે જેમાં એનું ચપ્પણિયું એક રૂપિયાના સો દોકડાથી ભરાઈ જાય. એ તો સદાય કાણું ને કાણું. એના ભાગ્ય જેવું જ બરોબર.

બિચારા દ્રમકના જીવનમાં ક્યારેય નવીનતા આવતી જ નહીં. એ જ જૂની ઘરડ અને એ જ યુગપુરાણી જડતા ! પૂર્વની બારીએથી રોજ પ્રભાતે નવજાત સૂર્ય પોતાનાં અભિ-નવ કિરણોથી નગરને નવીન પ્રકાશથી ભરી દેતો પણ દ્રમકના જીવનમાં તો એ જ સનાતન અંધારાં રહેતાં – એવાં ગાઢાં અન્ધારાં કે જે ઉલેચ્યાં ઉલેચી શકાય નહીં.

સમય સમયનું કામ કર્યે જાય છે.

સમયના ધોધમાર પ્રવાહમાં ન ધોવાઈ જાય એવી વસ્તુ તો માત્ર ગણતરીની જ હોય છે.

દ્રમકના જીવનમાં એક નવલી ઉષા ઊગી.

નવલી ઉષાની ગોદમાં સોનાનો સૂરજ ઊગ્યો.

દ્રમકના જીવનનો એ મહામોલો સ્વર્ણ–અવસર હતો.

દ્રમકને એકાએક લાગવા માંડયું કે પોતે જાણે નવ નિધાનનો સ્વામી બની બેઠો છે. એની ચીબડી આંખોમાં તેજ વધ્યું. એને જાણે દર્શન થવા માંડયાં અષ્ટ મહાસિદ્ધિનાં. સમય ફરે ત્યારે બધું ફરે છે.

દ્રમકને આજે ફરી વિચાર જાગ્યો; લાવને જરા રાજમહેલ તરફ એક આંટો મારું. કોણ જાણે કયાંથી પણ આજ દ્રમકમાં સ્ફૂર્તિ પણ સારી આવી હતી. વિચાર આવ્યો કે મૂકયો અમલમાં અને પહોંચ્યો રાજમહેલના દ્વારે. અને દ્વારપાળ સામે નજર નોંધી. દ્રમકને ભય પણ હતો કે હમણાં વરસશે ગાળોના ગોળા, ભીંસાશે દાંતની પંક્તિઓ, ભભૂકી ઊઠશે અંતરની આગ. પણ આ શું, આમાંનું કશુંય બન્યું નહીં. ઊલટું એક આછી સ્મિતરેખા ઝબકી રહી – દ્વારપાલના મુખ પર.

દ્રમકની હિમ્મત વધી ગઈ. એણે તો પૂછી નાંખ્યું ‘ કેમ છો દ્વારપાલ સાહેબ ? ’

દ્વારપાલે પણ દ્રમકને એના પ્રશ્ન સાથે સસ્મિત આવકાર આપ્યો[૧૪] અને કહ્યું, “ સારું છે; આવોને ભાઈ, બેસો.”

૧૪. સ્વકર્મવિવર (નાશ) થયો તે જીવનો ચરમાવર્ત્તમાં પ્રવેશ થયો.

દ્રમકને તો એના કાન પર વિશ્વાસ ન આવ્યો. આ શું ? આજ દ્વારપાલ આટલો મીઠો આવકાર આપે છે! એને થયું કે એનાં તો ભાગ્ય ખૂલી જ ગયાં, દ્રમકે દ્વારપાલને નામ પૂછ્યું. દ્વારપાલે હસીને જણાવ્યું કે એનું નામ પ્રવેશક છે. રાજમહેલમાં યોગ્યતાવાળાને પ્રવેશવા દે છે. બાકીનાને એ હાંકી કાઢે છે.

“એમ!” દ્રમકે આશ્ચર્ય વ્યક્ત કર્યું, અને પૂછ્યું “મારામાં યોગ્યતા છે ખરી?”

યોગ્યતા જાગી છે એટલે તો બેસાડ્યો છે. નહીં તો હાંકી ન મૂકત? મારી પ્રસન્નતા વિના તો રાજમહેલનાં આ દ્વાર કોઈ જ ઓળંગી શકતું નથી. હા, બીજા દ્વારના દ્વારપાલોની[૧૫] મદદથી રાજમહેલમાં પેસી જવાય છે પણ તેમાં કાંઈ મજા નહિ. જવા દે ને એ બધી વાત.” દ્રમકને તો આશ્ચર્યમુગ્ધ સમજાયું કે આજ તમે મને પૂર્વની જેમ ગાળ, માર અને ત્રાસનો ઉપહાર કેમ ન આપ્યો! મારીને અધ-મૂઓ કેમ ન કરી નાંખ્યો!’

“સમજ્યોને? તો સાથે સાથે એ પણ સમજી લે કે આજથી તારા દિવસ ફરી ગયા છે. આજથી આ રાજમહેલમાં પ્રવેશ કરવાનો તને અધિકાર આપવામાં આવે છે, આને સ્વપ્ન ન માનીશ; આ એક હકીકત છે, નર્યું સત્ય છે. જા અંદર જા, આનંદ કર. આજ તારા દારિદ્રના દુર્ગ તૂટી ગયા છે, કકડભૂસ થઈ ગયા છે. જા અંદર અને રાજમહેલનું સૌન્દર્ય આંખો ભરીને પી. જા, દ્રમક જા! આજ હું તારા ઉપર પ્રસન્ન થયો છું.”

૧૫. રાગદ્વેષાદિસ્વરૂપ દ્વારપાળો

દ્રમક ભયમિશ્રિત અહોભાવ અનુભવી રહ્યો.

દ્રમક રાજમહેલમાં પ્રવેશ્યો.

રાજમહેલના સૌન્દર્યના તેજ–ઝબકારાથી[16] દ્રમકની તો આંખો જ અંજાઈ ગઈ. દ્રમક આંખો ચોળી ચોળીને નિહાળે છે અને વચમાં વચમાં વિચાર કરી લે છે કે આ સ્વપ્ન તો નથી ને ! અને ખાતરી કરવા પાછો ફરી આંખ ચોળે છે અને જાતને ચૂંટલી ખણે છે.

દ્રમક એક પળમાત્રમાં આનન્દવિભોર થઈ ઊઠયો. કલ્પનાતીન આનન્દના રસસાગરમાં આહ્લાદક સ્નાન માણવા લાગ્યો. જ્યાં નજર નાંખે ત્યાં સૌન્દર્ય સૌન્દર્ય અને સૌન્દર્ય ! પ્રકાશ પ્રકાશ પ્રકાશ !

સાચે જ દ્રમક વિરૂપતાના ગઢ ઓળંગીને સરૂપતામાં પ્રવેશ્યો હતો; અન્ધકારનો ઘન ઉલેચીને જાણે પ્રકાશના સાગરમાંનો વિહાર માણી રહ્યો હતો.

રાજમહેલની શોભા તો કાંઈ ન્યારી જ હતી.

વિશાલ મહેલનો વિશાલ રંગમંડપ. રંગમંડપ પણ કેવો ? ચોપાસ રત્ન આદિ ઝવેરાતથી જડેલો; ઝવેરાતના સૌમ્ય અને મનોરમ પ્રકાશથી ઝળહળતો. રંગમંડપની દીવાલો અદ્ભુત ચિતરામણીથી ઓપતી હતી. અચ્છાઅચ્છાને ભુલભુલામણીમાં નાંખી દે એવાં તો એ ચિતરામણ. ત્યાં બિચારા દ્રમકનું તો શું ગજું ? દ્રમકની દૃષ્ટિ એક મોરચિત્ર પર પડી. એવો આબાદ ચીતરેલો કે દ્રમકે તો એને પકડવા માટે હાથ લાંબા

16. બાહ્ય–અભ્યંતર સમૃદ્ધિ.

કર્યા. પરંતુ બિચારાનાં આંગળાંના નખ દીવાલ સાથે અથડાઈને કણકણી ઊઠયા અને દ્રમક છોભીલો પડી ગયો. છોભીલો દ્રમક એકદમ પાછળ હઠી ગયો. ત્યાં તો એની નજર એક વિકરાળ વનરાજ ઉપર પડી કે દ્રમકની તો બોલતી જ બંધ. અને આંખો તો ફાટીને એવી પહોળી થઈ ગઈ કે હમણાં જાણે ડોળા બહાર નીકળી પડશે. પરન્તુ બે–એક પળમાં એને ખ્યાલ આવી ગયો કે એ પણ ચિત્રનો જ સિંહ હતો. અને ત્યારે જ એનો શ્વાસ માંડ હેઠો બેઠો.[17]

દ્રમકે બીજી બાજુ નજર ફેરવી તો નાનાવિધ રંગનાં જલકણો વેરતા ફુવારા જોયા. જોયા કે એનું દિલ આનંદથી મસ્ત થઈને ઝૂમી ઊઠયું. દ્રમકે તો જિંદગીમાં કશુંક અદ્ભુત જોયું, જાણ્યું ને અનુભવ્યું એવી રમ્ય ભાવનામાં રાચી રહ્યો હતો. દિવ્ય સૌરભ પાથરતાં ધૂપનાં ગૂંછળાં એના માનસપટ પર જબ્બર આકર્ષણ જમાવી રહ્યાં હતાં. જ્યારે એથી ય વધુ આકર્ષણ જમાવી રહ્યાં હતાં સંગીતની સ્વરમાધુરીનાં હૃદયંગમ આન્દોલનો, દ્રમક સંગીતસભા તરફ આગળ વધ્યો તો પગ નીચેના ગાલીચાનો સુકોમળ સ્પર્શ એના દેહમાં કોઈ અવર્ણનીય આનન્દની લહર દોડાવી ગયો. દ્રમકની સામે જે જુએ છે તે એક હાસ્ય વેરે છે. બિચારા દ્રમકને તો જે જુએ છે એ નવું નવું અને અદ્ભુત લાગે છે. ત્યાં બેઠેલી વ્યક્તિઓ પણ જાણે માનવેતર ન હોય; દેવ ન હોય એવો ભાસ થાય છે. જાતજાતનાં સુગંધી દ્રવ્યો દ્રમકના માનસમાં એક અનોખી તાજગી પ્રેરી રહ્યાં છે. પાંચેય ઇન્દ્રિયો કશાક

૧૭. અભ્રાન્ત દર્શનની સમીપમાં.

દિવ્ય આનન્દનો અનુભવ કરી રહી છે. આવો છે એ રાજ-મહેલનો રંગમંડપ! બિચારો દ્રમક, અહીંના વાતાવરણમાં એકદમ ખુશમિજાજ બની ગયો છે. એનું મન મસ્તીમાં ડોલી ઊઠયું છે, તન સુખમાં ઝુલી રહ્યું છે.

દ્રમકના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડે છે. "અદ્‌ભુત, અતિઅદ્‌ભુત. આવું તો જિન્દગીભર કયાંય નીરખ્યું જ નથી. આ ન જોયું એનો તો જન્મારો જ ખરેખર પાણીમાં ગયો."[૧૮]

રાજમહેલ પાસેથી અનેકવાર પસાર થવા છતાં અન્દર પ્રવેશ કરવાની ઉત્કટ ભાવના ન જાગી તે માટે તથા કયારેક અન્દર ધકેલાવા જેવા સંયોગો ઊભા થયા, ત્યારે પેલા પ્રવેશકે ધક્કો મારી કાઢી મૂકયાના પ્રસંગો યાદ આવવાથી દ્રમકને રહી રહીને ભારે પસ્તાવો થવા લાગ્યો, દ્રમક વિચારે છે, "મારા જેવો નિષ્પુણ્યક કોણ બીજો? તળાવે આવી આવીને પાછો ફર્યો. એકાદ વાર નહીં લાખો લાખો વાર! કયાં રોવી આ ગરીબાઈ? મન, વચન અને કાયાની આ ત્રેવડી ગરીબીનો કયાં પોકાર નાંખવો? આખી જિન્દગી આ નગરીમાં કાઢી અને રાજમહેલ જોયા વિનાનો રહ્યો. આ હીનભાગિતા કોની આગળ રોવી?[૧૯] ખેર, ઉપકાર માનો પ્રવેશકનો કે જેની મંગલમયી કૃપાના યોગે મોડાં મોડાં પણ રાજમહેલનાં પતિતપાવન દર્શન થયાં. નહીં તો આવો પુણ્ય અવસર કોણ જાણે કયારે આવત! હે પ્રિય-બંધુ પ્રવેશક! અહીં રહ્યા રહ્યા પણ હું આપનું અંતઃ-

૧૮. સદ્ધર્મરાગનું બીજ પડયું.

૧૯. દુષ્કૃતગર્હા.

કરણપૂર્વક અભિવાદન કરું છું, આપે જે કૃપા દર્શાવી તેના પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા દર્શાવું છું. ઓહ! કેવું અદ્ભુત પરિવર્તન આણી મૂક્યું આપે મારા જીવનમાં–આ મનોરમ મહેલનાં દર્શન કરાવીને!"[20]

દ્રમક જેમ જેમ રાજમહેલના માણસોને જોતો જાય છે તેમ તેમ એમની વિશેષતા એને સમજાતી જાય છે. એમનો ગુલાબી સ્વભાવ, દિલેર દિલ, સહૃદય હૃદય અને સૌમ્ય નયન, પ્રસન્ન વદન અને શાન્ત તથા શિષ્ટ વ્યવહાર, દ્રમકના દિલ પર એક ઘેરી મોહિની જમાવે છે. દ્રમકને તો એ હકીકત વિશે જ પ્રશ્ન ઊઠે છે કે શું ખરેખર આ પણ વિધાતાનું જ એક સર્જન છે! એને તો એ શક્ય જ નથી લાગતું. ક્યાંથી લાગે? આખા જન્મારામાં બિચારાએ ક્યાંય આવું જોયું જ ન હોય, પછી એની બુદ્ધિમાં એ ઊતરેય કેવી રીતે?

ફરતાં ફરતાં દ્રમકની નજર ઉપર સાતમા માળ પર પડી. ત્યાં એક સિંહાસન પર રાજા[21] વિરાજમાન હતા. મહેલની રચના જ એવી હતી કે કોઈ પણ માળ ઉપરથી રાજાનાં દર્શન કરી શકે. રાજાને જોઈને તો દ્રમક સ્તબ્ધ થઈ ગયો. પથ્થરમાંથી કંડારી કાઢેલી જડ પ્રતિમા જ જોઈ લો. દ્રમક ફરી પાછો અદ્ભુતરસના સાગરમાં વહેવા લાગ્યો. રાજાના વદનની કાન્તિ પાસે એને ચન્દ્રની સૌમ્ય કાન્તિ ઘણી જ ઊતરતી કક્ષાની તથા નિસ્તેજ લાગી. કામનું રૂપ તો સાવ નકામું

૨૦. સુકૃતાનુમોદના.
૨૧ વિતરાગ, પરમાત્મા.

લાગ્યું. ઐશ્વર્ય તો ઇન્દ્રથીય ચઢે એવું લાગ્યું. અને બ્રહ્માજી તો સેવક બનવા યોગ્ય લાગ્યા. આવું હતું રાજાનું રાજતેજ.

દ્રમક તો હજુય આશ્ચર્યના રસસાગરમાં વહે જ જાય છે.

રાજાની આસપાસ દેવેન્દ્રો સેવામાં હાજર હતા. મુનીન્દ્રો સેવા કરવામાં તત્પર હતા. ધનિકો એમની પૂજામાં લીન હતા. વિશ્વની તમામ વિભૂતિઓ માટે આ રાજા સેવ્ય અને ઉપાસ્ય હતા.

દ્રમક તો જોયા જ કરે છે. બસ જોયા જ કરે છે; ધરાતો નથી. બિચારા રંકને કાળના કાળ સુધી, યુગોના યુગો સુધી આવું અભિનવ દર્શન ન સાંપડ્યું અને આજે મહાન ભાગ્યના યોગે મળી ગયું, પછી હવે તો એ મટકુંય શેનું મારે? દ્રમકનો આનંદ હેલે ચઢ્યો છે. હેલ પર હેલ મંડાતી જાય છે અને આનન્દની છોળો ઊંચે ને ઊંચે ચડતી જ જાય છે.

દ્રમકને વિચાર આવ્યો, "આખું જીવન આ નગરમાં વીત્યું પરન્તુ ધન્ય દિવસ તો આજનો જ કહેવાય કે જેમાં મને આવી મહાન વિભૂતિનાં દર્શન થયાં; આવું નિષ્કલંક વ્યક્તિત્વ નજરે ચડ્યું. મુજ રંકનો જન્મારો ધન્ય થઈ ગયો."

દ્રમક તો રાજાને નીરખી જ રહ્યો છે, મટકું મારે એ બીજા. આમ દ્રમક જગદ્ગુરુ સમ્રાટની પાવની પ્રતિભાનું રસપાન કરે જ જાય છે ત્યાં તો સમ્રાટની દૃષ્ટિ દ્રમક પર પડી અને એ દૃષ્ટિતેજનાં કિરણો દ્રમકની રાંક કાયાને જાણે પખાળી રહ્યાં; આત્માને જાણે જગાડી રહ્યાં [22]

૨૨. પ્રીતિયોગની ક્રમશઃ જમાવટ: ઉત્ક્રાન્તિનો આરંભ, માર્ગાનુસારી જીવન(ભદ્રક પરિણામ)ની પ્રાપ્તિ.

દ્રમકના આનન્દ અને અચંબાનો તો કોઈ પાર નથી. "આ શું કહેવાય?" દ્રમક ગણુગણ્યો. "જગદ્ગુરુ સમ્રાટ મને કૃપાદૃષ્ટિએ[૨૩] નીરખી રહ્યા છે!" વાહ વાહ! આજ તો કાંઈ સોનાનો જ સૂરજ ઊગ્યો લાગે છે. એક પછી એક અનુકૂળતા સરજાતી જાય છે. નહીં તો મુજ રાંક પર દેવની સસ્મિત દૃષ્ટિ હોય જ કયાંથી? ઓહ મારે આંગણે આજ કલ્પતરુ ફળ્યાં છે. નવનિધાન પેદા થયાં છે; અષ્ટ મહાસિદ્ધિઓ આવી મળી છે; ધન્ય છે મુજ જીવનને! ધન્ય છે આજના દિનને અને ધન્ય છે જગદ્ગુરુ સમ્રાટને કે જમની કૃપાના પુષ્કરાવર્ત–મેઘમાં સ્નાન કરવાનો પુણ્ય અવસર મને મળ્યો.

જગદ્ગુરુ સમ્રાટનું નામ હતું સુસ્થિત.

સુસ્થિત મહારાજે દ્રમકની આંખમાં આંખ મિલાવીને એક મીઠડું સ્મિત વેર્યું કે દ્રમક ઉપર વશીકરણના જાણે ઓઘ વરસી પડયા. દ્રમક સ્તબ્ધ થઈ ગયો. હાલે કે ચાલે. બોલે કે ડોલે. બસ એ તો લીન થઈ ગયો છે મહારાજાનાં દર્શનના રસપાનમાં.

મંત્રીગણુ વગેરે અભ્યન્તર પરિષદના સભ્યો પણુ આ વિરલ દૃશ્ય જોવામાં તલ્લીન બની ગયા છે. એટલું જ નહીં પરન્તુ એક તુચ્છાતિતુચ્છ રાંક પર સમ્રાટની મહાન કૃપા જોઈને સુખદ આશ્ચર્ય અનુભવી રહ્યા છે.

---

૨૩. કૃપાદૃષ્ટિ : ભગવદનુગ્રહણુ, આ મારા ઇષ્ટદેવ છે એવો સંસારી જીવનો બહુ માનપૂર્ણ અધ્યવસાય.

[૪]

રાજસભામાં એક સૂદાધ્યક્ષ[૨૪] છે. ધર્મબોધકર એમનું નામ.[૨૫] ખરેખરા મનના પારખી. એમનું કામ જ મહારાજનું મન પારખવું અને એ પ્રમાણેની પ્રવૃત્તિ આરંભવી. દ્રમક ઉપર મહારાજની કૃપાદૃષ્ટિ જોઈને ધર્મબોધકર ઉચિત પ્રવૃત્તિ માટે તૈયાર થયા. પરન્તુ એક બાજુ ધર્મબોધકરના આશ્ચર્યનો પાર નહોતો; સમ્રાટની કૃપાનું પાત્ર જોઈને જ તો. અશુચિના ભંડાર સમા; રોગના ઘર જેવા અને ભીખી-માગીને પેટ ભરનારા આવા રાંક પર મહારાજની કૃપા; ખરેખર આશ્ચર્ય !

મહારાજને દ્રમક સામે સ્મિત કરતા જોઈને જ ધર્મબોધકર વિચારમાં પડી ગએલા, "મહારાજનું કૃપા-સ્મિત અને તે પણ આ રાંક અને નિઃસત્ત્વ દ્રમક પર ? મહાન આશ્ચર્ય ! આજ સુધી અહીં ઘણા આવ્યા અને મહારાજના કૃપાપાત્ર બની ગયા પણ આવો બીભત્સ અને અશુચિથી ભરેલો માણસ તો કોઈ જ નથી આવ્યો. છતાં ક્ષણવારમાં મહારાજનો કૃપાપાત્ર બની ગયો."

---

૨૪. સૂદાધ્યક્ષ : રસોઈઆના-રસોડાના ઉપરી. સમ્યગદર્શન-જ્ઞાન-જ્યાં રસોઈ તૈયાર થાય છે તે રસોડાના અધ્યક્ષ.

૨૫. સદ્ગુરુ.

કેમે કરી આ વાત ધર્મબોધકરના માથામાં ઊતરતી નથી. એ વિચારે છે, "નાનાથી મોટો મહારાજનાં ચરણોમાં થયો. એકનિષ્ઠાથી એમની સેવા કરી છતાં આ વાત મારી સમજમાં ઊતરતી નથી. ખેર જવા દો, મહાન પુરુષોની વાતો પણ મહાન હોય. જે હશે તે હશે, આપણું તો એક જ કામ કે મહારાજ જેના પર કૃપાદષ્ટિ નાંખે તેને દરેક સગવડ પૂરી પાડવી.

ધર્મબોધકરે મન મનાવવાના ઘણાય પ્રયત્નો કર્યા, પણ એમ સમજમાં માની જાય તો મન શેનું ? એ તો લમણે હાથ દઈને બેઠા અને ફરી વિચારણા આરંભી, વિચારથી તો ગમે તેવા કઠણમાં કઠણ પ્રશ્નોના જવાબ મળી આવે. ધર્મબોધકરને છેવટે જવાબ મળી આવ્યો. વિચાર કરતાં કરતાં એમનું ધ્યાન દ્વારપાલ પ્રવેશક પર ગયું અને.... બધા જવાબ મળી ગયા.

દ્વારપાલ પ્રવેશક જગદ્‌ગુરુ સમ્રાટ સુસ્થિતની રાજસભાની એક ઘણી જ મહત્ત્વની વ્યક્તિ હતી. ઊંડા અભ્યાસી, દીર્ઘકાલીન અનુભવી અને માણસને પગમાંથી પરખનાર ઝવેરી હતા. એ જેવાંતેવાંને તો રાજમહેલના પગથિયે પગ પણ ન મૂકવા દે. એ જેને પ્રવેશ કરવા દે તે અવશ્ય મહાન થવાની તૈયારીમાં હોય.

આ વાતનો ખ્યાલ ધર્મબોધકરને આવ્યો અને તમામ પ્રશ્નોનો અન્ત આવી ગયો. ધર્મબોધકરને લાગ્યું કે જરૂર નિકટ ભવિષ્યમાં જ જીવનપૂર્વની બારીએ આ રાંક દ્રમકનો ભાગ્યોદય થવાનો હશે, અન્યથા પ્રવેશક એને અહીં આવવા

જ ન દે. અને પ્રવેશક જેને પ્રવેશ આપે તેના પર મહારાજ કૃપાદૃષ્ટિનું અમીવર્ષણ કરે એમાં આશ્ચર્ય પામવા જેવું પણ શું છે? અરે, મહારાજ એને પોતાના સિંહાસન પર બેસાડે તોય ના નહીં!

ધર્મબોધકરનો વિચાર વળી આગળ વધ્યો. રાજભવનનું સૌન્દર્ય જોઈને જે પુલકિતતા અને રોમાંચ દ્રમકે અનુભવ્યાં હતાં તે ય એમના ખ્યાલમાં આવ્યાં અને એ તો અહીંનો નિયમ હતો કે રાજભવન અને રાજભવનની એકએક વસ્તુ જોઈને જે આનન્દે; જેની રોમરાજી પુલકિત થઈ જાય એના પર મહારાજ કૃપાનું અમીવર્ષણ કરે જ. કારણ કે રાજભવનનું આ સૌન્દર્ય શ્રેષ્ઠ હોવા છતાં એ જોઈને આનંદ તો કોઈક ભાગ્યશાળીને જ થાય એમ હતો. એટલે જ આનંદ પામનાર સમ્રાટની પ્રસન્નતાનું સંપાદન કરતો.

ધર્મબોધકરની દૃષ્ટિ ફરી દ્રમક ઉપર પડી. બિચારો ચીબડી આંખો પહોળી કરી કરીને રાજભવનનું સૌન્દર્યપાન કરવામાં તત્પર બની ગયો હતો.[૨૬] એના મુખ ઉપર આનન્દનો મીઠો સાગર[૨૭] તો એવો મોજે ચઢ્યો હતો કે જાણે રાજભવનનાં રાજસિંહાસન પર એનો રાજ્યાભિષેક જ ન કરી દેવામાં આવ્યો હોય! નિઃશેષ વિશ્વનું અખંડ સામ્રાજ્ય જ એના ચરણે ન ધરવામાં આવ્યું હોય! આવું જોઈને ધર્મબોધકરના હૃદયને પણ એક આનંદની લહર સ્પર્શી ગઈ.

---

૨૬. જીવની તત્ત્વજિજ્ઞાસા.

૨૭. સંવેગ–વૈરાગ્યનું બીજ.

દ્રમકનાં નસીબ ઊઘડી ગયાં.

એ વિના મહારાજ સુસ્થિતની કૃપાદૃષ્ટિ સાંપડે ખરી ?

બસ, હવે તો અરોગિતા અને સૌભાગ્ય એની પ્રતીક્ષા કરતાં બેઠાં છે. પૂછોને પ્રશ્ન કે કેમ ભલા ?

લો આટલુંય ન સમજ્યા ? જગદ્‌ગુરુ સમ્રાટની કૃપાનું સુધાવર્ષણ જેના ઉપર થાય એનાં રોગ-શોક, દુઃખ-દારિદ્ર અને દૌર્ભાગ્ય બધું જ નાશ પામે સમજ્યા ?

જુઓને, ધર્મબોધકરની પણ એના પર મીઠી દૃષ્ટિ થઈ જ ને. એને જોઈને અકળાઈ ઊઠેલા ધર્મબોધકરને દ્રમક પ્રત્યે હવે કેવી સહાનુભૂતિ જાગી છે ? અસ્તુ. એમણે પગ ઉપાડયો; દ્રમક તરફ આગળ વધ્યા, અને મધુર તથા મર્યાદાશીલ વચનો વડે તેનું સ્વાગત કર્યું.

દ્રમકના આશ્ચર્યનાં પૂર હજુ ઓસરતાં જ નથી. એક પછી એક આ શું બન્યે જાય છે એ તેને સમજાતું જ નથી. આનંદ વધ્યે જાય છે એ ચોક્કસ.

ધર્મબોધકરે દ્રમકને કહ્યું, " મહાનુભાવ, આમ આવો, આમ આવો. મારી સાથે ચાલો, તમારી કાંઈ વ્યવસ્થા કરું. અહીંની બધી વ્યવસ્થા હું કરું છું; માટે કશી જરૂર હોય તો મને કહેજો. અત્યારે ચાલો, તમારા ભોજનની વ્યવસ્થા કરુ." આટલું કહીને ધર્મબોધકર દ્રમકનો હાથ પકડીને ભોજન-ગૃહમાં લઈ ગયા.[૨૮]

દ્રમકનાં આશ્ચર્ય તો કેમે કર્યાં શમતાં જ નથી. ધર્મ-

---

૨૮. ચાર પ્રકારના ધર્મનું વર્ણન.

બોધકર તો સૂદાધ્યક્ષ હતા. એ ભોજનગૃહમાં આવ્યા કે દોડાદોડ મચી ગઈ. સેવિકાઓ આમથી તેમ હાંફળીફાંફળી થઈને દોડવા લાગી તો કેટલીક માથું નમાવીને આજ્ઞાની પ્રતીક્ષા કરતી ઊભી.

"આ મહાનુભાવનું સુન્દર સ્વાગત કરો." ધર્મબોધકરનો સત્તાવાહી અવાજ ગુંજી રહ્યો.[૨૯]

"જી" હુકમને ઝીલતાં ભોજનગૃહની એક મુખ્ય સેવિકાએ જવાબ આપ્યો. એનું નામ હતું તદ્દયા.[૩૦] તદ્દયા અંદર ગઈ અને પળવારમાં મહાકલ્યાણી ક્ષીરનું ભોજન લઈને પાછી આવી.

મહાકલ્યાણી ક્ષીર એટલે અદ્દ્ભુત ભોજન.[૩૧] એના રસનું તો વર્ણન જ ન થઈ શકે. અદ્દ્ભુત અને અનન્ય એવું જ દુર્લભ. દેવોને પણ એ મળી શકે નહીં. મળી શકે એકમાત્ર સુસ્થિત મહારાજની કૃપા થાય તો.

મહાકલ્યાણી ક્ષીર એટલે ચક્રવર્તીના ભોજનને પણ આંટી દે એવું સ્વાદિષ્ટ ભોજન તો ખરું જ; પણ ઉપરાંત એ ધન્વન્તરિના ઔષધને ભુલાવી દે એવું મહારસાયણ પણ ખરું. એને આસ્વાદે એ તૃપ્ત થાય; નીરોગી થાય; સ્વસ્થ થાય; પુષ્ટ થાય અને તુષ્ટ પણ થાય. પછી બાકી શું રહે? આવું મંગલ રસાયણ જગતમાં બીજે કયાંય મળે એવું નથી

૨૯. સદ્દગુરુના ધર્માધરનું વ્યાખ્યાન.

૩૦. સદ્દગુરુના તે જીવ ઉપરની કૃપા = તદ્દયા.

૩૧. દાનાદિધર્મસ્વરૂપ ચારિત્રનું અનુષ્ઠાન = આરાધન.

એ વાત જેટલી સાચી છે, એટલું જ સાચું એ પણ છે કે મળે તો પણ ભાગ્ય સિવાય એનું સેવન કરવાની ઇચ્છા પણ જાગે એમ નથી.

આપણા દ્રમકની જ વાત જુઓને. તદ્દયાના હાથનું પરમાન્નપાત્ર જોઈને એના હૃદયમાં બીજા જ વિચારો આવવા માંડયા.[૩૨] આ જ તો સવાલ છે મોટો. જેના એક ઘૂંટડામાં રોગોની તમામ ગન્દકી દૂર કરવાની તાકાત છે; ચકરાવે ચઢેલા માનસને સ્થિર કરાવાની અમોઘ શક્તિ છે એવા અદ્ભુત, અનન્ય અને દુર્લભ પરમાન્નનું પાત્ર જોઈને અક્કરમી દ્રમકનું મગજ ઊલટું ચકરાવે ચઢે છે!

આ હાર્દિક આદર અને સ્વાગતમાં દ્રમકને શંકા-આશંકા જાગી.[૩૩] રખે કાંઈ કાવતરું હોય લૂંટી લેવાનું. વાહ રે દ્રમક તારી બુદ્ધિ, આ તો 'નાગાને લૂંટવાનો ભો' જેવી વાત થઈ. ચાર આંગળની લંગોટી અને એક ચપ્પણિયાના સ્વામીને અઢળક અંપત્તિથી ભરેલા રાજભવનમાં લૂંટાવાનો ભય જાગ્યો. છે ને ખૂબી![૩૪]

દ્રમક મહાકલ્યાણી ક્ષીર સ્વીકારતાં અચકાય છે. વારે વારે એની નજર ચપ્પણિયા પર પડે છે તો વચ્ચે વચ્ચે એ ધર્મબોધકર અને તદ્દયાની આંખોમાં દૃષ્ટિક્ષેપ કરી લે છે, તો ક્યારેક વળી પળભર પરમાન્નપાત્રને નીરખી લે છે. દ્રમકને પરમાન્નનો ઘૂંટ પીવો છે, પણ પરમાન્નનો ઘૂંટ

૩૨. ધર્મની સંગે જ અધર્મ તરફ વિનિપાતનું સર્જાતું આશ્ચર્ય.

૩૩. જીવની મોહમૂઢતા.

૩૪. રુચિકર સંસાર લૂંટાઈ જવાનો જીવનો ભય.

પાઈને આ લોકો ચાર આંગળનું ચીંથરું અને ચપ્પણિયું આંચકી લેશે એ વિચારે એ પરમાન્ન સ્વીકારવાની આનાકાની કરે છે. દ્રમકને હવે બધા ઠગ દેખાવા લાગ્યા. એના પ્રત્યે દેખાડાતાં સ્વાગત અને આદરમાં કાવતરાની ગન્ધ આવવા માંડી. અભાગિયાને બીજી ગન્ધ પણ કઈ આવે ?[૩૫]

વિચારોના આવેગથી દ્રમક બેહોશ થઈને પડ્યો, બિચારો નિશ્ચેષ્ટ લાકડા જેવો પડ્યો ધરતી ઉપર. તદ્દયા એની પરિચર્યામાં લાગી ગઈ. ઢંઢોળી ઢંઢોળી પરમાન્નરસનું પાન કરવાનું સમજાવવા લાગી, પણ સાંભળે છે જ કોણ ?

ધર્મબોધકર આ બધું નિહાળી રહ્યા છે. એમના આશ્ચર્યની કોઈ અવધિ નથી, પરમાન્ન ધરવા છતાં ન સ્વીકારે એ તો અજબ વાત કહેવાય; પરન્તુ એ વસ્તુ એમની દૃષ્ટિ સમક્ષ બની રહી હતી. ખરું ભજવાઈ રહ્યું'તું આ નાટક !

તદ્દયા ઢંઢોળી ઢંઢોળીને સમજાવે છે દ્રમકને, પણ એ સાંભળે તો ઉત્તર આપે ને ! એ તો સર્વથા બેહોશ હોવાનો ડોળ કરીને પડ્યો છે. દ્રમકની આવી વૃત્તિ માટે થોડી વાર તો ધર્મબોધકર અકળાયા. પરન્તુ પછી તરત જ ખ્યાલ આવી ગયો કે આ વસ્તુ કોઈ રોગને[૩૬] આભારી છે. રોમરોમમાં વ્યાપી ચૂકેલા તીવ્ર રોગના કારણે જ આ દ્રમક પોતાની માનસિક સમતુલા ખોઈ બેઠો છે, જેના કારણે એનામાં સાચ-જૂઠ કે સાર-અસાર સમજવાનો વિવેક

---

૩૫. ઉત્ક્રાન્તિના પગથારે એક ભયંકર કડાકો : ઘોર મિથ્યાત્વભાવની ચુંગાલમાં.

૩૬. સંસારસુખમાં મૂંઝાવતું મોહનીય કર્મ.

નથી જાગતો. આમ ન હોત તો મહાકલ્યાણી ક્ષીરના પાત્રનું દર્શન કર્યા પછી પણ એની આંખ ચપ્પણિયા તરફ વળે ખરી? અને વળે તો ઠરે ખરી? હરગિજ નહીં. તો આ બધું પરિણામ છે એની રોગિષ્ટતાનું. નહીં તો પરમાન્ન પાત્રનાં દર્શનથી ધરતી પર ઢળી પડાતું હશે વળી?

બધું જ પીળું દેખાય અથવા તો ચન્દ્ર બે દેખાય તો એમાં દોષ આંખોનો જ હોઈ શકે ને?

આ વિચારે ધર્મબોધકરને દ્રમક ઉપર તિરસ્કારનો ભાવ જાગતાં જાગતાં અટકી ગયો અને કરૂણાની લહરી જાગી. ધર્મબોધકર દ્રમંકને સત્વર રોગમુક્ત કરવા માટે કટિબદ્ધ થયા કારણ કે એ સિવાય દેવદુર્લભ પરમાન્ન તરફ રુચિભાવ જાગવો કઠણ હતો. રોગીઓને ઔષધ કરતાં પણ કુપથ્યો પ્રત્યે વધુ પ્રીતિ હોય છે. સ્વાર્થી વૈદ્યોને યોગી કરતાં રોગી પ્રત્યે વધુ પ્રીતિ હોય છે. અર્થાત્ રોગી કુપથ્ય દૂર કરવા માગતો નથી અને સ્વાર્થી વૈદ્ય રોગ દૂર કરવા માગતા નથી. પરંતુ આ તો ધર્મબોધકર હતા. એમને તો દ્રમકનો રોગ તરત જ દૂર કરવો હતો અને એમને એ પણ ખાતરી હતી કે એક વાર રોગ દૂર થશે તો મહાકલ્યાણી ક્ષીર તો એ આપોઆપ માગશે.

ધર્મબોધકર મહાબુદ્ધિનિધાન હતા. અને એટલા જ હતા પાછા કરુણાનિધિ. તમામ વિશ્વનું અશેષ દારિદ્ર દૂર થાય અને મહારાજ સુસ્થિતની અમોઘ કૃપા મેળવીને સૌ અનન્ત અનન્ત સુખ પામે એ એમની એક માત્ર અભિલાષા હતી. આ વિચાર કાંઈ મનની સપાટી પર તરતો છીછરો

તુક્કો ન હતો પરન્તુ અન્તરના અગાધ ઊંડાણમાંથી પ્રગટેલો કલ્યાણભાવ હતો. એટલું જ નહીં પરન્તુ એ કલ્યાણભાવ પરાકાષ્ઠાના ઉન્નત શિખર પર વિરાજમાન થઈને જીવન-સાધના સમો બની રહ્યો હતો. આથી જ ધર્મબોધકર કદી કોઈ જીવને દૂભવવા કે હણવાની વાત તો દૂર રહી પણ કોઈ દુભાય કે હણાય એનું વચન પણ ન બોલતા કે એવો વિચાર સુદ્ધાં ન કરતા. એ તો ઠીક પણ કોઈને એવું કરવાની પ્રેરણા મળે એવા વર્તનથી પર દૂર રહેતા; અને કોઈ એવું કરી બેસે તો કદી રાજી ન થતા અને આ જ માર્ગ જગતને સમજાવતા. તેમ છતાંય પેલો ન સમજે તો એના ઉપર કરુણભાવ રાખતા.

ધર્મબોધકર એટલે નિરવદ્યતાની સાક્ષાત મૂર્તિ.

ધર્મબોધકર એટલે કરુણાની સૌમ્ય પ્રતિમા.

એટલે જ તો જ્યાં ત્યાં એ દોડી પડતા; જગતનાં દુઃખો દૂર કરવા માટે. જગતના કલ્યાણ માટે એ શું શું ન કરતા? લાંબા લાંબા પ્રવાસનું દુઃખ ઝીલતા, ઉજાગરા પણ વેઠતા અને ક્ષુધા–તૃષા પણ સહી લેતા, કોઈના આક્રોશ પણ ગળી જતા.

આવી મહાન પ્રતિભા સમા ધર્મબોધકરની સામે એક મહારોગી દ્રમક પડયો છે. એને આરોગ્ય પમાડવાની ભાવના એમને સ્પર્શ્યા વિના રહે ખરી?

❋

[૫]

ધર્મબોધકર પાસે બે અદ્ભુત વસ્તુ હતી.

એક હતું અંજન અને બીજું હતું કલ્યાણજલ.

અંજનનું નામ હતું વિમલાંજન.[૩૭]

કલ્યાણજલનું નામ હતું તત્ત્વપ્રીતિકર.[૩૮]

વિમલાંજનનો પ્રભાવ મહાન આશ્ચર્યકારી હતો. એને આંખમાં આંજે, તો આત્મામાં વિવેક પ્રગટે. વિવેક પ્રગટે એટલે સાર–અસાર વસ્તુનું જ્ઞાન થાય. એટલે આત્મા સાચા ભાનમાં આવે.

એવું જ અદ્ભુત પ્રભાવશાળી હતું તત્ત્વપ્રીતિકર કલ્યાણ-જલ. એના એક ઘૂંટડાનું પાન કોઈ કરે પછી તો પૂછવું જ શું? એનાથી આત્મામાં જાગે સમજણ પ્રેમપાત્રને ઓળ-ખવાની અને સાચી રીતે એના પર પ્રેમ કરવાની. આટલી સમજ જાગે પછી આત્મામાં એકેય રોગ ચિરકાળ ઊભો રહેવાની હિંમત કરે ખરો? એ તો દુમ દબાવીને ભાગી જ જવા લાગે. અને પછી તો કલ્યાણજલનું એક એક બિન્દુ સર્વનાશ નોતરે એ રોગોનો. અને અઢળક તૈયાર થતાં જાય અંગઅંગમાં રક્તકણો. પછી એ રક્તકણો અન્તે વીર્યમાં પરિણમે. અને એ વીર્ય ઓજસમાં પરિણમે. પછી એ

---

૩૭. દેવગુર્વાદિપૂજન કરવા વગેરેનો સદ્ગુરુનો બોધ.

૩૮. સમ્યગ્દર્શન.

ઓજસ એવા વિચાર પરાક્રમમાં પરિણમે કે એની કલ્પના પણ ન થઈ શકે. અને પછી શું શું ન બને એ જ કહોને ? તુષ્ટિ, પુષ્ટિ, આરોગ્ય, ધૃતિ, બળ, મનઃપ્રસાદ બધું જ પ્રાપ્ત થાય. એક સફળ કાયાકલ્પ જ થઈ જાય એમ સમજોને.

આવાં અદ્‌ભુત રસાયણો હતાં ધર્મબોધકર પાસે.

ધર્મબોધકરે એક ઇશારો કર્યો કે વિમલાંજન હાજર થયું; બીજો ઇશારો કર્યો ત્યાં દ્રમકની આંખમાં આંજી દેવામાં આવ્યું.[૩૯] પળવારમાં શું બની ગયું તેની તો દ્રમકને ખ્યાલ પણ ન આવ્યો. પરન્તુ એનો માનસિક આહ્‌લાદ ખૂબ વધી ગયો. રોમેરોમમાં શીતલતા વ્યાપી ગઈ અને આંખો ખોલતાં જ દ્રમકને નવી સૃષ્ટિનું દર્શન થયું. કારણ કે દૃષ્ટિ નવી મળી હતી. વિમલાંજનના પ્રભાવે જ તો.

નજર ફેરવતાં ફેરવતાં એની દૃષ્ટિ ચપ્પણિયા પર પડી. ચપ્પણિયું એને પહેલાં જેટલું સુંદર અલબત્ત ન લાગ્યું, તો હજુ એને ત્યજી દેવા જેટલો પુરુષાર્થ પણ નથી જાગ્યો. સુંદર ન લાગ્યું તો અસુન્દર પણ નથી લાગ્યું. અફસોસ ! વિમલાંજન આંજ્યા પછી નવ્ય દર્શન થયાં; પણ રાંક દ્રમક પોતાનું ચપ્પણિયું વીસરી શકતો નથી. ચપ્પણિયાનાં અશુચિ ભોજનો પ્રત્યે પેદા થવી જોઈએ એવી સૂગ હજુ એનામાં પ્રગટતી નથી. આ જ કારણે પરમ આહ્‌લાદની માનસિક અનુભૂતિ પ્રાપ્ત કરવા છતાં એ અનુભૂતિ કરાવ-

૩૯. દ્રવ્ય દેવગુર્વાદિ પૂજનની પ્રાપ્તિ અને વિવેકની પ્રાપ્તિ (પણ હજી આસ્તિક્યસ્વરૂપ સમ્યગ્દર્શનનો અભાવ : વ્યવહારથી ધર્મસેવન).

નાર કોણ એ જાણવાને બદલે એના માનસ પર કાબૂ લઈ લીધો ચપ્પણિયાના વિચારે. અને જ્યારે એને ખાતરી થઈ કે ચપ્પણિયું ત્યાં જ છે, કોઈ ઉઠાવી ગયું નથી ત્યારે જ એના મનને શાન્તિ થઈ.

વિમલાંજનના પ્રભાવે માથામાં આહ્‌લાદકતા અનુભવવા છતાં હજુ એનો વિચાર છે ભાગી છૂટવાનો.[40] વિચારો ચારે બાજુ ફાંફાં મારે છે; પણ કોઈ માર્ગ જડતો નથી. દ્રમકને થયું કે પાસેની બારીમાં કોઈ દોરડું લટકતું હોય તો એને પકડીનેય સરકી જાઉં. પણ એય ન મળ્યું. બિચારો દ્રમક!

ધર્મબોધકર આગળ વધ્યા. તનડા અને મનડાના તાપ ઠરી જાય એવી મધુર શીતલ વાણી વડે દ્રમકને તત્ત્વપ્રીતિ-કલ્યાણજલ પીવાનું જણાવ્યું. ધર્મબોધકરે જલથી ભરેલો પ્યાલો દ્રમક આગળ ધર્યો. દ્રમક તો જડની જેમ બેસી જ રહ્યો. પ્યાલા તરફ હાથ લંબાવ્યા વિના એ ધર્મબોધકર સામે ભયમિશ્રિત ભાવે તાકી રહ્યો. એને પાણી પીવું નહોતું અને ધર્મબોધકરને પિવડાવવું હતું. ખરી સ્પર્ધા જાગી!

"આમ ટગર ટગર તાકી શું રહ્યો છે?" ધર્મબોધકર બોલ્યા. "આ જલનો એક ઘૂંટ પી જા, તારા તમામ રોગોનો નાશ થઈ જશે. પી જા ભાઈ પી જા. લે હવે મોડું ન કર."

પણ અહીં તો સાંભળે એ બીજા. ત્યારે ધર્મબોધકર પણ ક્યાં ગાંજ્યા જાય એવા હતા. દ્રમકે સાંભળ્યું નહીં; તો લાગ જોઈને ધર્મબોધકરે કલ્યાણજલનો પ્યાલો દ્રમકના મોંઢે માંડી દીધો અને કલ્યાણજલ દ્રમકના ગળા નીચે ગટ-

૪૦. સમ્યગ્દર્શનની ગેરહાજરીનો મહિમા.

ગટ ઊતરી ગયું.[૪૧]

બાળક દવા ન પીએ તો જબરદસ્તીથી પિવડાવે અને જબરદસ્તીથી પિવડાવે એ જ સાચી મા. ધર્મબોધકર એ જ રીતે સમગ્ર જગતના જીવોની માતા સમાન હતા. માટે એમની છાયામાં આવી પહોંચેલા દ્રમકને બળજબરીથી પણ કલ્યાણજલ પિવડાવી દીધું. દ્રમક પોતાની આ દયનીય સ્થિતિને અજ્ઞાનના કારણ નહોતો સમજી શકયો, પણ જગતની મા સમા ધર્મબોધકરના ખ્યાલ બહાર કેમ રહે? અને પાછું રસાયણસમું ઔષધ પાસે હતું. પછી વિલંબ શેનો વળી?

આ બળજબરીનું ધાર્યું પરિણામ પણ આવ્યું. કલ્યાણજલ દ્રમકના પેટમાં ગયું કે એની વૃત્તિ બદલાઈ; વિચારો બદલાયા. ધર્મબોધકર હવે એને મહાન ઉપકારી તથા કલ્યાણકારી લાગ્યા. વિમલાંજન આંજીને એમણે નવ્ય સૃષ્ટિનાં દર્શન કરાવ્યાં; કલ્યાણજલ પિવડાવીને શરીરની અસહ્ય વેદનાઓ પળભરમાં દૂર કરી. આવા મહાત્માને એણે ધૂર્ત અને ઠગ ધારી લીધા હતા, તે માટે પસ્તાવા લાગ્યો.

દ્રમકના પેટનું શૂળ અદૃશ્ય થઈ ગયું છે. માથાના સણકા જાણે હતા જ નહીં. ગૂમડામાંથી ઝરતી રસી તો જાણે કયારનીય સુકાઈ ગઈ હોય અને ઘા રુઝાવા આવ્યા હોય એવું થઈ ગયું હતું. દ્રમક કોઈ અપૂર્વ સ્વસ્થતા અનુભવી રહ્યો છે.

બધું ખરું પણ દ્રમકને પેલા ચપ્પણિયાનાં ગંદાં

---

૪૧. અર્થ કામની દેશના દ્વારા જીવને આકર્ષીને ધર્મદેશનાનું દાન કરીને તેનામાં સમ્યગ્દર્શનનું આધાન : ઉત્ક્રાન્તિનો આરંભ.

ભોજન[42] પરનો મોહ હજૂ છૂટયો નથી.[43] ધર્મબોધકરને આ વાતનો ખ્યાલ આવી ગયો. ચતુર માણસના ધ્યાન બહાર કશું રહે ખરું ? ધર્મબોધકરે દ્રમકને ઉપદેશ આપવાનું નક્કી કર્યું, અને મંદ ગંભીર નાદે એ બોલ્યો.

"ઓ મહાનુભાવ દ્રમક ! આટઆટલો અનુભવ કર્યા પછી પણ તું આવી મૂઢતા દર્શાવે છે અને દુષ્ટતાનો શિકાર બને છે એ ખરેખર ખેદ ઉપજાવે એવી હકીકત છે. મહારાજ સુસ્થિતના રાજમાં ઘણા આવ્યા પણ તારા જેવું વિચિત્ર પ્રાણી તો જવલ્લે જ જોવા મળે છે, અરે મૂઢ, સમગ્ર વિશ્વની પરિચર્યા માટે સર્વોત્તમ પુરવાર થયેલી આ પરિચારિકા તદ્દયા તારી સામે દેવદુર્લભ પરમાન્નનું પાત્ર લઈને ઊભી છે એવા મંગલ અવસરે તારી નજર એંઠવાડથી ખદબદતા પેલા ચપ્પણિયા પર પડે છે, શરમ નથી આવતી મૂઢ ? આ તો ઠીક છે કે મહારાજ સુસ્થિતની પરમ કૃપાથી તારા જેવાનો ઉપકાર કરવામાં અમે અખૂટ ધીરજ કેળવી ચૂકચા છીએ, નહીં તો તારા જેવા મૂઢની દશા શું થાય, એ વિચાર તો કર જરા. અને સ્વામીએ તારા પર કૃપાસ્મિત વેર્યું એટલે અમારે તો તારી સરભરા કરે જ છૂટકો.

"જરા બુદ્ધિ ઠેકાણે રાખીને વિચાર તો કર કે જેણે તને વિમલાંજન દ્વારા અભિનવ સૃષ્ટિનાં દર્શન કરાવ્યાં તથા કલ્યાણજલનું પાન કરાવીને રોગોની નાબૂદી કરી એ તને પરમાન્નમાં શું વિષ આપી દેશે ? હજી કહું છું કે પેલા

---

૪૨. ભોજન–સ્ત્રી આદિ વિષયો.

૪૩. ચારિત્રમોહનીય કર્મનો પ્રભાવ.

ચપ્પણિયાનો ત્યાગ કરી દે અને પરમાન્નનો સ્વીકાર કર. અહીં ચોપાસ દૃષ્ટિ કર. જેટલા માણસો દેખાય છે એમના દેહ પર તને જે દિવ્યકાન્તિ દેખાય છે એનું કારણ જાણે છે? એનું કારણ આ પરમાન્નનું ભોજન છે. માટે આ પરમાન્ન આરોગ અને દિવ્ય કાન્તિધર બનીને સુખી થા. આ મહાકલ્યાણી ક્ષીર તને મૃત્યુના પંથે નહીં પણ અમરતાના પંથે દોરી જશે."[44]

ધર્મબોધકરની મર્મવેધી અને હૃદયસ્પર્શી વાણી સાંભળીને દ્રમકનું દિલ હાલી ગયું. હાથ જોડીને એ ધર્મબોધકરને કહેવા લાગ્યો.

"હે નાથ! મુજ રાંકના હૃદયની એક વાત સાંભળી લો. પછી આપને જે કહેવું હોય તે કહેજો. આપનું કથન મને સાવ સત્ય અને અતિપ્રિય લાગે છે, તેમ છતાં મારી એક વાત છે નાથ! કે આ ચપ્પણિયું અને એનું ભોજન મારાથી નહીં છૂટી શકે. આપ ભલે એને એંઠવાડ કહો પણ મારે મન તો એ અમૃતરસથી પણ અધિક છે. અરે અમૃતરસ તો દૂર રહ્યો, મારે તો આ ચપ્પણિયું પ્રાણથી પણ અધિક છે. મારાથી એ નહીં છૂટે. આપને શું ખબર નાથ! આ ચપ્પણિયું અને ચપ્પણિયામાંનું ભોજન મેળવવા–સાચવવામાં મેં કેટકેટલાં કષ્ટ વેઠયાં છે! એની પાછળ આચરેલા પુરુષાર્થની તો એક મોટી ગીતા છે. એ હું આપને ક્યાં સંભળાવા બેસું? આપ જે પરમાન્નનું વર્ણન કરો છો તે એવું જ સ્વાદિષ્ટ હશે કદાચ, પણ મને તો

૪૪. સદ્ગુરુનો રાગમિશ્રિત રોષ : ભવની ભયાનકતાનું વર્ણન.

એના સ્વાદની ખબર જ નથી. કદાચ મને એ ન ભાવ્યું તો પછી મારે તો ક્યાં જવું? એક વસ્તુ બધાને ભાવે જ એવું થોડું જ છે? એટલે જ નાથ, મારી આપને એક વિનંતિ છે કે આ મારું ચપ્પણિયું અને આ મારું ભોજન છોડવાનું મને કદી કહેશો નહીં. આપને પરમાન્ન આપવું હોય તો આપો. આ ચપ્પણિયામાં આ બધાની ભેગું કરીને હું એ પણ જમીશ ખરો પણ આ છોડીશ નહીં." આટલું કહીને દ્રમક ચૂપ થયો.

દ્રમક પોતાની રજૂઆત પર મનમાં ખુશ ખુશ થઈ ગયો. એણે નિરાંતનો શ્વાસ લીધો. ચાલો, ચપ્પણિયું તો સલામત થઈ ગયું.

દ્રમકની દયામણી અને દીન પ્રાર્થના સાંભળીને ધર્મબોધકર એની મોહમૂઢતા પર વિચાર કરવા લાગ્યા. 'જુઓ તો ખરા, જે ચપ્પણિયાના ભોજનથી દ્રમક સેંકડો રોગોથી પીડાતો હતો તે જ ભોજનને એ પ્રાણથી પણ પ્રિય જાણે છે. અથવા તો બરાબર જ છે; પ્રાણથી પ્રિય માને તો જ આવા પ્રાણઘાતક ભોજનની લોલુપતા જાગે ને? આનું દુઃસાહસ તો જુઓ? સર્વ આરોગ્યદાયી પરમાન્નની એ સાવ તુચ્છ વસ્તુમાં ગણતરી કરે છે. રે ધૃષ્ટતા! ચાલો ફરી એક વાર સમજાવવાનો પ્રયત્ન કરી જોઉં. સમજે તો સારું છે, નહીં તો પછી જેવી એની ભવિતવ્યતા અને જેવું એનું ભાગ્ય."

ધર્મબોધકર બોલ્યા, "અરે દ્રમક, વિચાર, હા કર. જેને તું પ્રાણથી પણ પ્રિય ગણે છે, એ જ ભોજન તારા સઘળા

રોગોનું મૂળ છે. એ ત્યજીને એક વાર પરમાન્ન ચાખી તો જો. એક વાર એ ચાખ્યા પછી તને બીજી કોઈ વસ્તુ પર રુચિ નહીં રહે. અરે પછી તો હું કદાચ ના પાડીશ ને તો પણ તું માગ્યા વિના નહીં રહે. વિશ્વાસ રાખ. મારી અતિદીર્ઘકાલની અનુભવવાણી ઉચ્ચારી રહ્યો છું. આ ચપ્પણિયું તેં ઘણા ક્લેશથી મેળવ્યું છે એ સાચું, પરન્તુ હજુ એનાં એઠાં–જૂઠાંને સાચવી રાખવામાં પણ ક્યાં ઓછો ક્લેશ છે? અને એ એંઠવાડનું ભોજન કરવાથી ક્લેશની પરંપરા ક્યાં ઓછી વધે છે? બધી રીતે જેમાં ક્લેશ ક્લેશ અને ક્લેશ ભર્યો છે એનો ત્યાગ કરવામાં આટલી કાયરતા શાને? આટલી ભીરુતા શાને? પાછો તું કહે છે કે 'પરમાન્ન ખાધા પછી પણ ભવિષ્યમાં ચપ્પણિયાનો એંઠવાડ કામ લાગશે.' તો મૂર્ખ, હજુ તારે ફરી રોગિષ્ઠ બનીને રોગોમાં સબડ્યા જ કરવું છે? તારા સુખ ખાતર પણ તને ત્રાસ આપતી વસ્તુઓનો તારો મોહ નથી છૂટતો?

"અરે, મારી ખીર પર તને હજુ વિશ્વાસ નથી બેસતો? એ તો તારા સઘળા રોગો દૂર કરી દેશે. અને રખે એવું માની બેસતો કે એક વાર આપ્યા પછી બીજી વાર તને ખીર નહીં મળે. રે, હું ખાતરી આપું છું કે તારે જ્યારે અને જેટલી ખીર જોઈતી હશે એટલી તને પૂરી પાડીશું. પછી તારે શું કામ છે, આ ચપ્પણિયાના એંઠવાડનું? મહાકલ્યાણી ક્ષીરનું સેવન કર. નીરોગી પણ બનીશ અને પુષ્ટ પણ બનીશ. અરે જગદ્ગુરુ સમ્રાટ–સુસ્થિત પણ આ પરમાન્નના પ્રભાવે જ સમ્રાટ અને જગદ્ગુરુ બની શક્યા

છે. આથી વિશેષ તને શું કહેવું ? જે આ પરમાન્ન આસ્વાદે એ અન્તે જગદ્ગુરુ સમ્રાટ બને. માટે કદાગ્રહ જતો કરી દે; હું કહું છું તેમ કર. ભલો થઈને ચપ્પણિયું ફેંકી દે અને આ મહાકલ્યાણી ક્ષીરનું પાન કર."

દ્રમક બોલ્યો, "નાથ! આપ મને સમજાવવા માટે વધુ પરિશ્રમ લેવાનું બન્ધ કરો તો સારું. કારણ કે કોઈ પણ સંયોગમાં મારાથી આ ચપ્પણિયું તો છૂટે એમ જ નથી. હા, આપને પરમાન્નના એ રસનું પાન કરાવવું જ હોય તો એ આ ચપ્પણિયામાં આપો એટલી જ મારી પ્રાર્થના છે."

ધર્મબોધકરે જોયું કે આ દ્રમક માને એમ નથી. તો હવે ભલે ચપ્પણિયામાં જ પરમાન્નરસ ચાખતો. એક વાર પરમાન્નરસ ચાખ્યા પછી ફરી એ માગ્યા વિના તો રહેવાનો જ નથી. પછી જોયું જશે. ધર્મબોધકરે તદ્દયાને ઇશારો કર્યો કે તદ્દયાએ દ્રમકના ચપ્પણિયામાં પરમાન્ન રેડયો.[45] ધર્મબોધકરની તાકીદથી દ્રમક બીજા એંઠવાડ સાથે પરમાન્નરસનું પાન કરી ગયો. પાન કર્યું ન કર્યું કે દ્રમકમાં એક અદ્ભુત સ્ફૂર્તિ પ્રગટી. દેહ સ્વસ્થ અને નીરોગી બનવા માંડયો. વિમલાંજન તથા તત્ત્વપ્રીતિકર કલ્યાણજલના પ્રયોગ કરતાંય આંમાં તો દ્રમકે અનન્તગુણી શાન્તિ, તુષ્ટિ અને પુષ્ટિનો અનુભવ કર્યો.

*

૪૫. છેવટે જીવને દેશવિરત શ્રાવક ધર્મનું દાન.

દ્રમકને હવે ધર્મબોધકર પર વિશ્વાસ અને આદર જાગ્યાં. રોગોનો તીવ્ર દાહ ઘણો બધો શાન્ત થઈ ગયો. હવે દ્રમક ધર્મબોધકરનો મહાન ઉપકાર અહોભાવથી વારંવાર યાદ કરવા લાગ્યો.

તે બોલ્યો,[૪૬] "હે નાથ! આપના વિના આ વિશ્વમાં મારું કોઈ શરણુ નથી. આપ જ મારા નાથ છો, મારા પ્રાણ છો, મારા દેવ છો, મારું સર્વ સર્વસ્વ છો. નિર્ભાગ્ય-શિરોમણિ એવા મારા ઉપર આપે જ અસીમ ઉપકાર વરસાવ્યો. મેં આપના સંબંધમાં કેવું અજુગતું વિચાર્યું! આપે મારું સઘળું મન જાણી લીધું છતાં મારી તરફ એકાન્ત દયાદષ્ટિ રાખીને મને રોગહર અંજન વગેરે આપીને નવું જીવન આપ્યું છે. ઓ જીવનદાતા! મારા નાથ! આપના ઉપકારનો બદલો શી રીતે વાળીશ?"

ધર્મબોધકરે કહ્યું, ભાઈ જો હવે તને મારી ઉપર વિશ્વાસ બેઠો છે તો એક વાત કહું છું તે સાંભળ.

"હમણાં તેં મને 'નાથ' કહ્યો પણ ખરેખર તો તારા નાથ રાજમંદિરમાં બેઠેલા સુસ્થિત–મહારાજા જ.

---

૪૬. સદ્ગુરુ પ્રત્યે અહોભાવ જાગતાં જીવની દુષ્કૃત ગર્હા.

[47]હું તો તેમના ચરણુની રજ છુ; પગની મોજડી છું; અદનો સેવક છું. માટે મને 'નાથ' ન કહીશ. આ સુસ્થિત મહારાજા તો સમગ્ર સચરાચર સંસારના નાથ છે. તેમાં ય આ ભવનમાં જેઓ પ્રવેશ પામે છે તેમના તો વિશેષ કરીને નાથ છે. જેઓ આ મહારાજાના ઉપાસક બને છે તેને તો થોડા જ વખતમાં આખું વિશ્વ એક વાર ઝૂકી ઝૂકીને નમે છે અને જે અત્યંત પાપિષ્ઠ જીવો છે. તેમને તો આ મહારાજાનું નામ પણ સાંભળવા મળતું નથી.

આ મહારાજાના મહેલમાં તેઓને જ પ્રવેશક પ્રવેશ આપે છે, જેમનું ભાવિ કલ્યાણમય બનવાનું હોય છે. એટલે જ્યારથી તેં આ રાજમંદિરમાં પ્રવેશ કર્યો છે ત્યારથી જ આ મહારાજા તારા નાથ બન્યા છે. માટે હવે તને આટલો જ અનુરોધ છે કે મારા વચનથી એ મહારાજાને તું વિશેષ કરીને તારા મસ્તક પર ધારણ કર. જીવનના છેલ્લા શ્વાસ સુધી એમને જ તારા નાથ તરીકે સ્વીકારી લે. ગમે તેવી આપત્તિ–સંપત્તિમાં પણ એમને ભૂલીશ નહીં. એમનું દાસત્વ જતું કરીશ નહિ. આજે તું મારી આટલી વાત સ્વીકારી લે. આગળ ઉપર જેમ જેમ તને એ મહારાજાના પરમ-ગુણોનું જ્ઞાન થશે તેમ તેમ તેમના પ્રતિ તારું હૈયું ઓવારી જશે અને તેમ તેમ તારા રોગો વધુ ને વધુ ક્ષીણ થતા જશે.

---

૪૭. પરમાત્મા પ્રત્યે વિશેષ અહોભાવ જગાવવાનો સદ્‌ગુરુનો પ્રયત્ન. એ ભારે બહુમાનભાવ તેના જ અંતરમાં જન્મે, જેના વ્યાધિ દૂર થયા હોય.

"આ[૪૮] ત્રણ ઔષધિઓનું નિત્ય સેવન કરતો રહે અને સુસ્થિત મહારાજાને પળે પળે તારા નાથ તરીકે યાદ કરતો રહે. એમની શરણાગતિ સ્વીકારી લે, પછી તારા જીવનના રૂપરંગ આમૂલચૂલ ફેરવાઈ જશે. આ રોગો થોડા જ સમયમાં દૂર થઈ જશે.

"પ્રિય મિત્ર! હવે બીજી એક વાત પણ કહી દઉં કે આજથી તું આ રાજમન્દિરમાં જ રહેજે અને ઔષધિઓનું સેવન કરતો રહેજે. તારે કોઈ વાતની ચિંતા કરવી નહિ કે અમારા સંબંધમાં કોઈ સંશય રાખવો નહિ. મને ખાતરી છે કે અહીં રહીને રોગની ચિકિત્સા કરવાથી બહુ જ ટૂંકા સમયમાં તને આરોગ્ય પ્રાપ્ત થઈ જશે. જગદ્-સમ્રાટ સુસ્થિતનું સ્વરૂપ પણ તને સમજવા મળી જશે. વળી આ તદ્દયા પરિચારિકા પણ તારા માટે અહીં મૂકી જાઉં છું. તારે કાંઈ પણ કામ હોય તો તેને જણાવવું. ચાલ ત્યારે હવે હું જાઉં છું."

ઉપકારના બોજા નીચે વધુ ને વધુ દબાઈ જવા છતાં હર્ષ પામતાં દ્રમકને આ મધુર વાણીના આલાપો સાંભળીને અવર્ણનીય આનંદ થયો! કદી કોઈએ આવું કહ્યું ન હતું. આખી જિંદગી વીતવા આવી પણ કોઈએ એને આવી મીઠાશથી વાત સંભળાવી ન હતી. તેને થયું, શું વિશ્વમાં આવી અકારણવત્સલ વિભૂતિઓ પણ વસે છે? આવા દયાના દેવદૂતો આ જ દુનિયામાં ફરે છે? અને મારા જેવા ભિખારડાઓનાં જીવનમાં રૂપરંગ પલટી શકે છે?

૪૮. વ્યાધિ દૂર કરવા ત્રણેય ઔષધોનું સેવન કરવું જોઈએ.

હું તો આજ સુધી એમ જ જાણતો હતો કે વિશ્વ એટલે શેઠ અને શેઠાણી; ટોમી કૂતરા અને મારા જેવા ભિખારડાઓ, આ ચાર જાતના જીવોનો શંભુમેળો! અમે ચારેય ભસીએ! શેઠ–શેઠાણી મને ભસે. ટોમી પણ મને ભસે. અને હું એ ત્રણેય ને!

પણ ના, આજે એ વાત ખોટી સબિત થઈ. વિશ્વ આવડું જ નથી, વિશ્વ તો ઘણું વિરાટ છે. આ વિશ્વમાં જો દયાળુ સજ્જનો ન વસતા હોય તો વિશ્વ ઉપર ક્યારનોય પ્રલય થઈ ચૂક્યો હોય! એ પાપિષ્ઠોનો ભાર ઓછો કરી નાખવા ધરતી માતાની એક જ ધ્રુજારી બસ છે. પણ આ દેવદૂતોના પ્રચુર પુણ્યનો પ્રાગ્ભાર એનું રક્ષણ બની રહે છે. એના વજન નીચે આવી ગયેલી મા–ધરતી ધ્રુજારી કરવા જોગી પણ હિલચાલ કરી શકતી નથી. લગીરે ચસી શકતી નથી.[૪૯]

પુનઃ પુનઃ વંદન હો, 'આ દીનબન્ધુની દુનિયાને!'

ધર્મબોધકરને જતાં જોઈને દ્રમકની વિચારધારા તૂટી. એણે એકદમ બૂમ પાડી, "એ....જરાક ઊભા રહેજો, હું તો બીજા વિચારે ચઢી ગયો. મારે આપને એક વાત કહેવી છે તે એ છે કે હવે તો આપની વાત મારા ગળે બરોબર ઊતરી ગઈ છે. પણ છતાં ય મારા આખા જીવનના અવળા અભ્યાસને લીધે હું મારું એઠું–જૂઠું ભોજન તો નહિ ત્યાગી શકું; પણ એટલા માત્રથી આપ મારી ઉપર લગીરે નારાજ ના

૪૯. ધર્મજનિત પુણ્યનો મહિમા.

થશો. જો કે આમ કહેતાં પણ મારું દિલ દુભાય છે. કિન્તુ હું લાચાર છું. એ ચપ્પણિયાને છોડવાનું સામર્થ્ય હજુ સુધી મારામાં પ્રગટયું નથી. પણ છતાં, હવે હું મહાકલ્યાણી વાપરવાનો ઇન્કાર તો નહિ જ કરું. જ્યારે મને તદ્દયા ખીર આપશો ત્યારે મારા ભોજન ભેગી જરૂર લઈ લઈશ અને જરૂર ખાઈ જઈશ."[૫૦]

ધર્મબોધકર મનમાં વિચારવા લાગ્યા, અરે! એને આ ત્રણેય વસ્તુનો ઉપભોગ કરવાની મેં અનુમતિ આપી દીધી તો ય તુચ્છતાને લીધે અંતરમાં કેવો વિચાર કરે છે! હજુ પણ તેને એમ લાગે છે કે આ લોકો ખીર ધરીને ચપ્પણિયાનું ભોજન ફેંકાવી દેશે! આથી જ એ આવી રીતે કરગરે છે ને?

ખરેખર જેવી દૃષ્ટિ તેવી જ સૃષ્ટિ!

જેવી જાત તેવી ભાત.

ચોરને બધા ચોર દેખાય.

સુખીને બધા સુખી દેખાય.

ખેર, આ જીવ આટલો તો ઠેકાણે આવ્યો છે ને? આ પણ કોઈ નાનીસૂની સિદ્ધિ ન જ કહેવાય. આમ વિચારી ધર્મબોધકર થોડી પળ મૌન રહ્યા અને પછી બોલ્યા, "હાલમાં તને એ વાત અરુચિકર અથવા શક્તિ બહારની લાગતી હોય તો તને રુચે તેમ કર.આ વાત તારા હિત માટે મેં કરી છે પણ તેય તને રુચિકર ન થતી હોય તો મારો આગ્રહ નથી, પણ આ ચપ્પણિયું અને એંઠવાડો ત્યજી દેવા જેવો છે

૫૦. સર્વવિરતિધર્મને રોકતા પ્રત્યાખ્યાનાવરણીય કષાયના ઉદયનો મહિમા.

એ ભૂલીશ નહીં. સાથે સાથે એય પૂછી લઉં, અત્યાર સુધી તું શું તારા ચપ્પણિયાના રક્ષણના જ વિચારમાં હતો ? મારી વાત તો સારી રીતે સાંભળી છે ને ?"

દ્રમક બોલ્યો, "પ્રભો આપની વાણીનાં આંદોલનોની મધુરતા મેં ખૂબ આનંદથી અનુભવી છે અને મને એમ પણ લાગ્યું છે કે આપ મારા ઉપર ખૂબ જ મીઠા ભાવથી મને કાંઈક સારું કહી રહ્યા છો. પણ આપે શું કહ્યું તે તો હું હજી પણ પૂરેપૂરું તો નથી જ સમજી શક્યો. કેમકે અત્યાર સુધી હું તો મારા જ તરંગોમાં અને ચપ્પણિયાના છિનવાઈ જવાના ભયની લાગણીમાં જ રગદોળતો હતો. હવે મને તેવો ભય નથી માટે સઘળી મનની મારી વાત હમણાં જ આપને કહી દેવી છે.

"જ્યારે આપ મને અહીં લઈ આવ્યા ત્યારે મને એમ લાગતું હતું કે આપ મારું ભોજન લૂંટી લેશો. અને તેથી ગભરાઈ જઈને હું બેભાન થઈ ગયો હતો ! જ્યારે અંજનની ચેતના આવી ત્યારે પણ મેં નાસી જવાનો વિચાર કર્યો હતો પણ જલપાનથી જ્યારે મને શાન્તિ થઈ ત્યારે મને આપની ઉપર થોડો વિશ્વાસ જાગ્યો, મને થયું કે આપ તો મારા અસીમ ઉપકારી છો. મારું ચપ્પણિયું આપ લૂંટી તો નહિ લો. પણ જ્યારે આપે આ અન્ન છોડવાનું અને પરમાન્ન લેવાનું કહ્યું ત્યારે હું ફરી મૂંઝાઈ ગયો પરન્તુ તે મૂંઝવણ પણ વધુ વાર રહી નહીં, કેમ કે મારી વિનય-વાણીથી આપે મારા જ અન્ન ભેગું પરમાન્ન અપાવ્યું.

"હવે હે નાથ ! હું એ આકુળતાથી મુક્ત થયો છું.

મારું મન કાંઈક સ્વસ્થ થયું છે. આપ મને ફરીથી તે બધું જણાવવા યોગ્ય કહો.''

ધર્મબોધકરે તદ્દયા દ્વારા સઘળી વાત ફરીથી દ્રમકને જણાવી.

જેના અંતરમાં દયાનાં ઝરણાં વહેતાં હોય છે તે મહાત્માઓ પરનાં દુઃખ–દારિદ્ર ફેડવા સદૈવ તત્પર રહે છે. તે માટે ગમે તેટલું કષ્ટ વેઠવું પડે તો ય તેઓ કંટાળતા નથી. ગમે તેટલી ગાળો સાંભળવી પડે તો ય પીછેહઠ કરતા નથી. એક જ વાત કે દરદીને રોગમુક્ત કરવો. ધર્મબોધકર મનોમન વિચાર કરે છે.

'સ્વાર્થની સિદ્ધિ કરવા સિવાય મને કશું જ આવડતું નથી. પણ તે સ્વાર્થની સિદ્ધિ પરાર્થ વિના થઈ શકે તેમ ન હોય તો પરાર્થની સાધના વિના મારું જીવન એક પણ ક્ષણ ઊભું રહી શકે તેમ નથી. પછી તે પરાર્થને સ્વાર્થ કહો કે સ્વાર્થને પરાર્થ કહો, મારે મન તો બેય એકબીજાને સંલગ્ન યોગો છે. એક જ સિક્કાની બે બાજુઓ છે.'

જ્યારે તદ્દયાએ ફરીથી સઘળી વાત કરી દીધી એટલે ત્યાં જ ઊભા રહેલા ધર્મબોધકર મનોમન બોલ્યા.

'હવે આ જીવનું કલ્યાણ થશે તેમ લાગે છે. અહો ! એક દુઃખિયારાનો આજે ઉદ્ધાર થયો. અનંતકાળની રિબામણમાંથી એ મુક્ત થયો. ખેર, આમાં મેં તો કશું ય કર્યું નથી. તેના ભાગ્યે જ આ પલટો લીધો છે. છતાં અલ્પાંશે પણ હું નિમિત્ત બન્યો છું તેનો મને પણ આજે અપાર આનંદ થાય છે.'

ધર્મબોધકર પ્રસન્નવદને દ્રમકને કહેવા લાગ્યા, "પ્રિય મિત્ર, ઘણાં ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. એક વખત જગદ્ગુરુ સમ્રાટ સુસ્થિતે મને બોલાવ્યો અને કહ્યું કે, 'તારી પાસે આ અંજન, તીર્થજલ અને મહાકલ્યાણક રસ રાખ. અને જે યોગ્ય વ્યક્તિ હોય તેને આપતો રહેજે. જ્યારે મેં પૂછ્યું કે ભગવન્, 'યોગ્યાયોગ્યતા મારે શી રીતે જાણવી ?' ત્યારે તેમણે કહ્યું કે જેમનામાં આ વસ્તુનો ઉપયોગ કરવાની યોગ્યતા જ નહિ હોય તેમને તો આપણો દ્વારપાળ પ્રવેશક અહીં પેસવા જ નહિ દે. કેમ કે મેં તેને આ વાત પૂર્વે જ કહી રાખી છે. હવે આ રાજમન્દિરમાં પ્રવેશ પામેલા જીવોને જો આ રાજમન્દિર જોઈને હર્ષ ન થાય અને તેમની ઉપર મારી દૃષ્ટિ ન પડે તો તારે સમજી લેવું કે આ લોકોને બીજા કોઈ દ્વારપાળે પ્રવેશ આપી દીધો હોવો જોઈએ. આવા જીવોનો રોગવિનાશ તારે અસાધ્યકોટિનો સમજવો.[૫૧] હવે જેઓને રાજમંદિર જોતાં આનંદ થાય તેઓને તો પ્રવેશકે જ પ્રવેશ કરાવ્યો છે એમ નક્કી સમજી લેવું. વળી હું પણ તેમની તરફ વિશેષ પ્રીતિવાળી દૃષ્ટિ નાખવાનો જ. આવા જીવોને તારે ત્રણેય ઔષધિ માટે યોગ્ય જાણવા. હવે એમાં પણ જે જીવોને તું આ ઔષધિઓ આપે ત્યારે જો તેમને એ ખૂબ જ ગમી જાય અને ઔષધિ લેવાથી અપાર આનંદ એમના અંતરમાં છાઈ જાય તો તારે માની લેવું કે એમના રોગો સુસાધ્ય કોટીમાં[૫૨]

૫૧. કદી મોક્ષે નહિ જનારા જીવો.

૫૨. પરિત્તસંસારીજીવ.

છે. અને આ ઔષધિ લેતાં જે જીવો આનાકાની કરે તેમના રોગોને તારે કષ્ટસાધ્ય જાણવા.[૫૩]

"હે દ્રમક! આથી હું એમ કહી શકું કે તારા રોગો અસાધ્ય તો નથી જ, કષ્ટસાધ્ય જરૂર છે. એટલે મારાં ઔષધો લાભ કરશે જ અને ધાર્યું પરિણામ પણ લાવશે જ. કારણ કે તને જગદ્‌ગુરુ સમ્રાટ સુસ્થિત ઉપર બહુમાન છે. મારાં ઔષધોનાં લાભદાયી પરિણામો માટે આ પણ એક આવશ્યક સરત છે. માટે તેમના ઉપર તારે વધુ ને વધુ બહુમાન પેદા કરવું અને તારા નાથ તરીકે આજીવન સ્વીકારવા તથા એમનાં સ્મરણકીર્તનમાં સહેજ પણ પ્રમાદ કરવો નહીં. મહારાજ સુસ્થિતને એક પળ પણ ભૂલવા નહીં. એમનું સ્મરણ એ પણ સ્વયં એક અમોઘ રસાયણ છે. આ રસાયણ તમામ ઔપાધિક દુઃખોની જડ ખોદી નાંખે છે. મહારાજ સુસ્થિતને નાથ તરીકે સ્વીકારનારને તો એની મૃત્યુ-શય્યા પર પણ આનન્દના મહોત્સવ મંડાય છે; દુઃખનાં તીક્ષ્ણ બાણોના કાતિલ પ્રહારો પણ નિષ્ફળ કરવાની કળા સાધ્ય હોય છે. કારણ કે એ સમયે પણ એમના અન્તઃકરણમાં મહારાજા સુસ્થિતનું સ્મરણ ચાલું જ હોય છે અને આ સ્મરણ એને પૂરાં પાડે છે આનન્દના અમોઘ ઓઘ અને શક્તિના સાગર.

"બીજું, તું પણ જાણે છે કે તારા રોગોની જડ કેટલી ઊંડી છે. એટલું જ નહીં પરન્તુ કુપથ્યો પ્રત્યેની તારી રુચિ પણ કેટલી ગાઢ છે. આ સ્થિતિમાં તને નખશિખ

૫૩. દુરભવ્ય જીવ.

નીરોગી બનાવવો એ માનીએ છીએ એટલું આસાન નથી. હા, જેમ જેમ મહારાજસુસ્થિતની કૃપાનાં અમીવર્ષણની ધારા[54] પ્રબળ બનતી જશે તેમ તેમ એ કાર્ય આસાન અને સહજસાધ્ય બનતું જશે. માટે જગદ્ગુરુની સેવા-ભક્તિમાં અને એમની વધુ ને વધુ કૃપા સંપાદન કરવામાં ક્યારેય આળસ ન કરવી. જગદ્ગુરુની જેટલી વધુ કૃપા પ્રાપ્ત થશે એટલી જ વધુ ઝડપથી આરોગ્ય પ્રાપ્ત થતું જશે. માટે ફરી એક વાર કહું છું કે પ્રમાદ કરીશ નહીં.

"તારામાં રહેલા રહ્યા-સહ્યા રોગો ફરી ભડકી ન ઊઠે, રોગી અવસ્થામાં તારી એકલતા તને વ્યગ્ર અને વ્યથિત કરી ન મૂકે તે માટે તને એક મિત્ર આપતો જાઉં છું. એ તારી પરિચર્યા કરશે, તને સમયસર ઔષધો આપશે, તારી રોગિતા-અરોગિતાનું ધ્યાન રાખશે. તને વધુ ને વધુ આરોગ્ય તરફ દોરી જશે અને એના સંગનો નિસંગ આનંદ આપશે. કારણ કે આ જીવનસંગિનીનો સંગ જ નિઃસંગતા-મૂલક છે. તને જિજ્ઞાસા થશે કે આવી તે જીવનસંગિની વળી કોણ છે? બતાવી દઉં ? જો આ છે, ઓળખીને, તદ્દયા[55] છે એનું નામ, જેણે તને મહાકલ્યાણી ક્ષીર પીરસી હતી તે.

"ચાલ ત્યારે હવે હું વિદાય લઉં છું. આનંદમાં રહેજે. સંકલ્પ અને વિકલ્પોની જાળમાં ફસાઈશ નહીં. મૂંઝાય ત્યારે તદ્દયાની સલાહ લેજે. મારું કહેવું બરાબર ગળે ઊતરે છે ને! કે હજુય અવિશ્વાસનો નાગફણો હૃદયમાં

૫૪. જીવમાં પરમાત્મા પ્રત્યેના ભક્તિયોગનું ઉત્થાન.

૫૫. તદ્દયા = ગુરુકૃપા તાત્પર્યાર્થ, ગુરુપ્રેરણા.

સળવળે છે."

દ્રમકે બે હાથ જોડયા; માથું નમાવ્યું અને અતિ નમ્રભાવે ધર્મબોધકર સામે ઊભો રહ્યો. એણે બોલવાનો પ્રયત્ન કર્યો, પણ ગદ્ગદ્ થઈ જવાથી કશું બોલી શકયો નહીં. ધર્મબોધકરે વત્સલતાથી છલોછલ છલકાતો હાથ દ્રમકના માથે ફેરવ્યો. દ્રમક શાન્ત થયો. સ્વસ્થ થયો અને વિનમ્રભાવે બોલ્યો.

"પ્રભો! અવિશ્વાસની વાત છોડીને આપ મને વધુ ના શરમાવશો. આપ તો જ્ઞાની છો, મારા મુખના ભાવ અને હૃદયની ઊર્મિઓ આપને શું કશું નથી કહેતી તે આપ મને પૂછો છો? રોગીની મનોદશા તો આપ એના પગલામાંથી પરખી પાડો છો. પછી મને પૂછવાની જરૂર ખરી કાંઈ? છતાંય કહી દઉં કે આપના પર હવે અવિશ્વાસનું કોઈ જ કારણ નથી રહેતું. આપની આજ્ઞાથી તદ્દયા ખીર પણ આપશે અને તેય પાછી મારા ચપ્પણિયામાં. પછી અવિશ્વાસ રહ્યો જ કયાં?"

"એ તો ઠીક છે." ધર્મબોધકર બોલ્યા "પણ તું રાજીખુશીથી એ ચપ્પણિયું છોડી દે ને? એ વસ્તુ તરફથી હજી મારી નજર હટી નથી." આટલું કહીને એમણે મને તૃપ્ત કરી દે એવું મીઠું સ્મિત વેર્યું. મધુર સ્મિતનાં ઝળહળતાં તેજકિરણોથી વાતાવરણ હસી ઊઠયું.

ધર્મબોધકરે વિદાય લીધી.

દ્રમક એમને નમી રહ્યો.

*

દ્રમકના આનંદનો કોઈ પાર નથી.

ચપ્પણિયું સલામત છે અને ખીર મળી શકે એવી વ્યવસ્થા છે. જોઈએ ત્યારે જ તો. બાકી હજુ દ્રમકને મહા-કલ્યાણી ક્ષીરનો પૂરેપૂરો સ્વાદ આવ્યો નથી. ધર્મબોધકરે એનું સેવન કરવાનું ખાસ કહ્યું છે એટલે એ નિષેધ નથી કરી શકતો. બાકી એને હજી મજા તો ચપ્પણિયાના ભોજનમાં જ છે. ખીર તો તદ્દયા આપવા આવે એટલે લે તો ખરો પણ ચપ્પણિયામાં જ. બાકી ચોખ્ખેચોખ્ખી ખીર ન લેવી પડે એવી યુક્તિ–પ્રયુક્તિ યોજવામાં પણ એ પાછો નથી પડતો.[૫૬]

દ્રમકને પોતાથી જાત રાજભવનમાં વસતા બીજાઓ કરતાં પણ વધુ સુખી લાગે છે કારણ કે ત્યાં રહ્યાં એ ક્ષીર આદિ રાજભવનનું ભોજન પણ જમી શકે છે ત્યારે એના ચપ્પણિયાનું પણ જમી શકે છે. દ્રમકને એમ થાય છે કે એને આટલી વિશેષ સગવડ તો ખરી જ ને ! પણ ક્યારેક દ્રમકનું મન ચિન્તાથી ઘેરાઈ જાય છે–પેલી ખીર ખાવી જ પડે એની ચિન્તાથી જ તો. એ ફરજિયાત નિયમ દ્રમકને જરા આકરો પડે છે.

તદ્દયા ખીર આપવા આવવાનું ચૂકતી નથી. એટલે તદ્દયા આવે કે દ્રમક ગંભીર બની જાય છે. અને તદ્દયા

૫૬. દેશવિરત શ્રાવકનો અત્યલ્પ વિરતિભાવ, અને તે પણ અવિ-રતિના અઢળક ભાવોમાં ભળીને ખરડાયેલો.

જાય કે એનો શ્વાસ નીચે બેસે છે. આમ છતાં તદ્દયા પાછી આવે અને ખીર લેવાનો આગ્રહ કરે એવી પણ ઝંખના દિલમાં ઊંડે ઊંડે રહ્યા કરે છે ખરી.[૫૭]

તદ્દયા પણ કાંઈ ગાંજી જાય એવી નથી. એ તો દ્રમકની પાકી પરિચર્યા કરે છે. તો દ્રમક પણ ક્યાં ઊતરે એવો છે. એ પણ પોતાના ચપ્પણિયાની મર્યાદા બહાર જાય એવો નથી. તદ્દયા જ્યારે ખીર આપે ત્યારે દ્રમક તરત જ ચપ્પણિયું ધરે અને એમાં નાંખવાનું કહે. અને પછી તદ્દયા સાથે આંખ મિલાવે જ નહીં! તદ્દયાને સમજાવવાનો વિચાર તો ઘણો જ થાય પણ એને પાછી ધર્મબોધકરની વાત યાદ આવે કે દ્રમક પાસે જબજબરીથી ચપ્પણિયું ઉજળાવવું નહીં. એટલે કચવાતે મને પણ તદ્દયા દ્રમકના એંઠવાડથી ખરડાયેલા ચપ્પણિયામાં ખીર નાખે. દ્રમક રાજી રાજી થઈ જાય અને મહાકલ્યાણી ખીર ચપ્પણિયાના બીજા એંઠવાડ ભેગી કરીને આનંદથી આરોગી જાય.

કોઈક વાર વળી દ્રમક બીજી જ યુક્તિ અજમાવતો. તદ્દયા ખીર આપવા આવે એ પહેલાં જ ચપ્પણિયાના એંઠવાડથી પેટ ભરી લેતો અને વધુ ખીર ખાવા માટે હવે પેટમાં જગા નથી એમ કહીને થોડીક લઈ લેતો. તો'ય તદ્દયા આગ્રહ કરીને થોડીક વધુ ખીર તો ખવડાવી જ દેતી. આ રીતે અવારનવાર તત્ત્વપ્રીતિકર કલ્યાણજલ પણ પિવડાવી દેતી અને હા ના કરતાં કરતાં પણ વિમલાંજન આંજી દેતી

૫૭. દેશવિરત શ્રાવકના અંતરમાં ઊંડે ઊંડે રમતો સર્વવિરતિનો મંગળ અભિલાષ.

એટલે કુપથ્યોના સેવન વચ્ચે પણ દ્રમકના આરોગ્યનું એક નક્કી ધોરણ જળવાઈ રહેતું.

આમ છતાં દ્રમકને મહાકલ્યાણી ક્ષીરના ભોજનથી જે લાભ થવો જોઈતો હતો તે થઈ શકતો નહોતો. ક્યાંથી થાય? દ્રમક જાતે જ સાવચેતીપૂર્વક એ લાભથી બચવા માગતો હતો. એટલે તો એ ચપ્પણિયામાં ક્ષીર લેતો હતો. એંઠવાડ ભેગી જ તો! અને પરિણામ એ આવતું કે એંઠવાડ તો એંઠવાડ જ રહેતો અને ક્ષીર પણ એંઠવાડ જ બની જતી હતી. આ જ તો હતી દ્રમકની યુક્તિ. એંઠવાડ જેવી બની ગયેલી ખીર ધાર્યું નિશાન પાર પાડવામાં નાકામયાબ નીવડતી હતી.

એંઠવાડમાં ભળેલી ખીર એંઠવાડ જ બની જાય ને? સીધી ને સાદી વાત છે. ધૂળમાં સાકર ભળે તો સાકર ધૂળ જ બનેને. ધૂળ કાંઈ સાકર બની શકવાની છે? ધૂળમિશ્રિત સાકર ખાવાથી સાકરનો સ્વાદ પણ શો આવે અને એનો ગુણ પણ શો થાય?

ખીરના મિશ્રણથી તો એંઠવાડની જમાત વધતી ચાલી અને એ એંઠવાડો વધુ ખાવા મળ્યાનો આનંદ પણ દ્રમકમાં ઓછો ન હતો.[૫૮]

આમ કુપથ્યના ચાલુ સેવનથી એક દિવસ દ્રમક ભયંકર ભીંસમાં મુકાઈ ગયો.[૫૯] સહેજસાજ કાબૂમાં રહેલા એના

૫૮. ધર્મના પ્રભાવે ભોગસમૃદ્ધિ વધતી જાય છે.

૫૯. ધર્મસેવનથી વધતી જતી પુણ્યસંપત્તિ અને ફલતઃ ભોગસમૃદ્ધિની-દ્રમકની વધતી જતી આસક્તિ તેને ધર્મથી વિમુખ બનાવતી જાય છે.

રોગ વિફર્યા અને વકર્યા. દ્રમકના પેટમાં ભયંકર શૂલ ઊપડ્યું. બિચારો પડખાભેર સૂઈ પણ નથી શકતો. આમથી તેમ ઊછળે છે અને તેમથી આમ ઊછળે છે. ચીસેચીસ પાડે છે. પાડે જ ને! માથામાં સો સો ઘણ વાગતા હોય તેવી વેદના થાય છે. આખા શરીરમાં અસંખ્ય સોયો ભોંકાવાની પીડાનો સમકાળે અનુભવ થાય છે. આંખો સૂજીને બિડાઈ ગઈ છે. બિચારાથી સૂજેલી આંખનાં પોપચાં પણ ઊંચાં નથી થઈ શકતાં. દેહ આખામાં કારમી અગતબળતરા વ્યાપી ગઈ છે. શરીરે કાચની લખોટીઓ જેવા ફોલ્લા ઊપસી આવ્યા છે.[૬૦]

દ્રમક બૂમાબૂમ કરે છે. ઊંહકારા પર ઊંહકારા નાખે છે. પણ ત્યાં કોઈ સાંભળનાર જ નથી ઊભું; તો પછી પરિચર્યાની તો વાત જ શી? આમ ને આમ રાત આખી વીતી ગઈ.[૬૧] આ એક રાત તો દ્રમકને લાખ લાખ યુગની રાતના વિરાટ સરવાળા જેવી લાગી.

સવાર પડી. સમય થયો કે તદ્દયા આવી. તદ્દયા આવી કે દ્રમક પર નજર પડી. બિચારો દ્રમક, વેદનાના અસહ્ય અતિરેકથી ભાન ગુમાવીને જેમ-તેમ પડ્યો છે. પછડાટો ખાવાથી શરીર જ્યાં-ત્યાં છોલાઈ ગયું છે; મોઢામાંથી લોહી વહી રહ્યું છે.

---

૬૦. ધર્મસેવનથી વધેલા સાંસારિક ભોગોમાં ગાઢ આસક્તિ તથા આર્તધ્યાનાદિ. 'ધર્મીજીવની આ દશા' ઇત્યાદિ લોકનિંદાનો ભારે ત્રાસ વગેરે અહીં જુદા જુદા વ્યાધિઓ છે.

૬૧. ઉત્ક્રાંતિના અભિયાનમાં ફરી એક વિનિપાત–મિથ્યાત્વભાવની પ્રાપ્તિ.

દ્રમકની અતિ દયનીય સ્થિતિ જોઈને તદ્દયા ઘડીભર તો મૂઢ સમી થંભી ગઈ. પરન્તુ થોડી વારમાં જ દોડી અને વિમલાંજન તથા તત્ત્વપ્રીતકર કલ્યાણજલનો મંગલ-ઘટ લઈ આવી.

તદ્દયાએ દ્રમકની આંખમાં અંજન આંજ્યું. દ્રમક ભાનમાં આવ્યો. અંજનના પ્રભાવે આંખના સોજા ઊતર્યા. દ્રમકે આંખ ખોલી તો એણે તદ્દયાને જોઈ, હાથમાં કલ્યાણ-જલનો મંગલઘટ લઈને ઊભેલી, દ્રમકે મોઢું પહોળું કર્યું કે તદ્દયાએ કલ્યાણજલની મહાપાવની ધારા દ્રમકના મુખમાં કરી. દ્રમકે તો ગટગટ એ કલ્યાણજલ પીધું કે ચમત્કાર થયો. રોગ અદૃશ્ય. શૂલ તો જાણે હતું જ નહીં. ફોલ્લા શમી ગયા. પહેલી જ વાર દ્રમકે સો સો ગુલાબોની મીઠાશથી ભરેલું સ્મિત વેર્યું. અને તદ્દયાએ એ સ્મિત એવા જ મીઠા સ્મિત દ્વારા ઝીલ્યું. એ મીઠાં સ્મિતના સમ્મિલનથી વાતાવરણમાં મીઠાશનો મહાન ઓઘ પ્રસરી રહ્યો. અને ઘણી વણકથી એકરારની વાતો વાતાવરણમાં ઝૂમી રહી.[૬૨]

દ્રમકે એકરાર કર્યો કે, “રોગનો ઉપદ્રવ ઘણી ઘણી વાર થતો હતો પણ ચપ્પણિયું મુકાવી દેશો એ ભયે હું કહેતો ન હતો. મનથી માની લેતો હતો કે ગમે તે રીતે પણ ખીરનું સેવન ચાલુ તો છે જ ને” એટલે વાંધો નહિ આવે પણ તમારી પરિચર્યા અને ઔષધોનું સેવન ચાલુ

૬૨. ગુરુકૃપાએ સમ્યગ્દર્શન–જ્ઞાનની પુનઃપ્રાપ્તિ = ભવચક્રનાં આવાં અસંખ્ય પતન અને અસંખ્ય ઉત્થાન થયાં.

હોવા છતાં આ મારો રોગ તો કેમે કર્યો હટતો જ નથી. હે તદ્દ્યા, તમે જ કહો, હવે હું શું કરું? કાં તો મને આ રોગથી મુક્ત કરો કાં તો મને એક ઝેરનો ઘૂંટ પાઈ દો તો સદા–સર્વદા–માટે આ વેદનાથી છૂટું.

તદ્દ્યાએ સાચી સમજ આપતાં કહ્યું, "આમાં નથી તો જરૂર ઝેરના એક ઘૂંટની કે નથી તો જરૂર એવી આશંકા રાખવાની કે કદીય રોગમુક્ત નહીં થવાય. રોગમુક્ત થવા માટે જેની જરૂર છે તે જો આચરવામાં આવે તો જો રોગ ઊભી પૂંછડીએ ભાગે છે કે નહીં.

દ્રમકે એક હાથે પીઠ પાછળ ચપ્પણિયું દબાવતાં પૂછયું, "એવું શું છે તે તમે કૃપા કરી ન દર્શાવો?

"એ જ." તદ્દ્યાએ હાસ્ય દાબતાં કહ્યું.

"શું એ જ?" દ્રમકે ચપ્પણિયું વધુ દબાવતાં કહ્યું. અને પાછળ એક ચોરદષ્ટિથી ચપ્પણિયું જોઈ લીધું.

તદ્દ્યાએ ચોરી પકડી પાડી અને ખડખડ હસી પડી. દ્રમક આભો બનીને જોઈ રહ્યો. પળેક વાર પછી દ્રમકને તદ્દ્યાના હાસ્યનું કારણ સમજાઈ ગયું. પળવાર તો એ છોભીલો બની ગયો પણ ક્ષોભ દૂર કરીને એ પણ તદ્દ્યાની સાથે ખડખડ હસી પડયો.

દ્રમક બોલ્યો, "મારી ચોરી પકડી પાડી એટલે હસો છો ને? પણ એ મેં પહેલેથી નથી કબૂલ્યું?"

તદ્દ્યા કહે, "એ વાત સાચી. પણ એ તો પહેલાંની વાત થઈ. અત્યારની વાત એ છે કે રોગમુક્ત થવા માટે

ઝેરના કટોરાની જરૂર નથી. જરૂર છે આ ચપ્પણિયું ઉજાળવાની. કદાચ એ ન જ બને તો ચપ્પણિયાના એંઠવાડના સેવનનું પ્રમાણ તો ઘટવું જ જોઈએ. બોલ છે કબૂલ ?"

દ્રમક ઉત્સાહમાં આવી ગયો અને બોલ્યો, "કબૂલ કબૂલ" હું જ્યારે જ્યારે ચપ્પણિયાનું ભોજન ખાઉં ત્યારે ત્યારે તમારે મને ટોકવો. પણ જો જો હોં, ચપ્પણિયું છીનવી લેવાની વાત ન કરશો."

તદ્દયા ફરી હસી પડી.

દ્રમક બોલ્યો, "જુઓ ! હસવાનું નહીં. અમારી મશ્કરી કરશો તો પછી અમે જતા રહીશું."

તદ્દયા કહે, "લો, નહીં હસીએ બસ. પણ મારું કહ્યું નહીં માને તો જરૂર હસીશ."

દ્રમક કહે, "સારું, માનીશું બસ."

તદ્દયા કહે, "તો આજથી તારો ક્રમ બદલાઈ જવો જોઈએ. પહેલાં તું કુપથ્ય ભરપેટ કરતો હતો અને મારું ઔષધ નામમાત્ર લેતો હતો. હવે પછી તારે ઔષધ અને મહાકલ્યાણી ક્ષીરનું ભરપેટ સેવન કરવું અને કુપથ્ય પર 'મિતતા'નો કાબૂ મૂકવો. બોલ છે કબૂલ ?"

દ્રમક જરા છટકતાં બોલ્યો, "બહુ ભારે વાત ન કરો. કુપથ્ય ધીમે ધીમે ઓછું કરીશું અને ઔષધ અને ખીર ધીમે ધીમે વધારીશું પણ ભાઈસા'બ તમે ક્યાંય ચપ્પણિયું છીનવી ન લેશો. નહીં તો મુસીબતનો પોટલો આવી પડશે માથે."

તદ્દયા કહે, "ના ના, એમ તો નહિ જ કરું. તારી વાસના ન ઘટે ત્યાં સુધી ચપ્પણિયું છીનવી નહીં લેવાનો ધર્મબોધકરનો આદેશ છે. એટલે મારે તો તારી વાસના ઘટાડવી છે. અને તે એવી ઘટાડવી છે કે તું તારી જાતે જ ચપ્પણિયું ઉજાળવા તત્પર થાય; જેથી અમારે ઉજાળવા માટે છિનવવાની જરૂર ન પડે, સમજ્યો ને?[૬૩]

મોડે મોડે દ્રમકને સદ્દબુદ્ધિ જાગી તે માટે તદ્દયાને આજ ઘણો આનંદ હતો. એના પરિશ્રમનું સાફલ્ય જોઈને કેમ આનંદ ન થાય? અલબત્ત પહેલાંના દ્રમકના વર્તનથી તેને ઘણું જ માઠું લાગ્યું હતું, પણ અત્યારે તો એ માઠું જરાતરા મીઠું બની ગયું હતું, એટલે તદ્દયા શાન્ત થઈ ગઈ હતી.

કહે છેને કે ધીરજનાં ફળ સદાય મીઠાં જ આવે છે; માટે જ જ્ઞાની પુરુષો ધીરજ ગુણનો સમાવેશ એક પ્રકારના તપમાં કરે છે. તદ્દયાને આજ પોતાની ધીરજનાં ફળ મળતાં લાગ્યાં. એને લાગ્યું કે આજ એ ધૈર્યની અગ્નિ-પરીક્ષામાં પાર ઊતરી છે. આ બોધપાઠના આધારે જ તદ્દ-યાએ દ્રમકને પણ ધીરજપૂર્વક ઔષધો તથા ખીરના સેવ-નનો આગ્રહપૂર્ણ અનુરોધ કર્યો. નીરોગી બનવાની ખોટી ઉતાવળ ન કરવાનું પણ સમજાવ્યું. કારણ કે ઉતાવળમાંથી જ અધીરતા પ્રગટે છે. અને અધીરતા પ્રગટે એટલે ફળ સંદિગ્ધ થઈ જાય. ખરેખર તો ફળની આશા જ ન રાખવી

૬૩. ગુરુકૃપા=ગુરુપ્રેરણા દ્વારા જીવનનું ઉત્ક્રાન્તિના પંથે સ્થિરીકરણ.

જોઈએ. પુરુષાર્થ કરવો એ જ સૌની ફરજ. ફળ તો આપોઆપ મળે જ, માટે ન અધીર બનવું, ન આશાના ખોટા ચક્કરમાં ફસાવું.

કોઈ પણ કાર્યની સિદ્ધિ માટે ઠેઠ સુધીનું ધૈર્ય રાખવું એ તો એક અનિવાર્ય શરત છે. જેને સાધ્યની સિદ્ધિ કરવી હોય એને પહેલાં તો સાધનાને જ સાધ્ય માની વળગી રહેવું. પછી સાધ્ય તો સ્વયમેવ નજદીક આવવાનું જ છે. જે આનંદ સાધનામાં મેળવી શકાય છે તે આનંદ સાધ્યની સિદ્ધિમાં વિરામ પામી જાય છે. માટે સાધનાનો એ આનંદ મેળવવામાં એટલું રસલીન બની જવું જોઈએ કે સાધ્યની સિદ્ધિનો પણ વિકલ્પ ભુલાઈ જાય અને નિર્વિકલ્પ દશાનો આનંદ લૂંટી શકાય. આમ થવાથી સાધ્યની સિદ્ધિ ક્યાંય જતી નથી રહેવાની, બલકે એ વધુ નજદીક આવવાની છે.

તદ્દયાએ આપેલી આ બધી સમજ દ્રમક બરાબર સમજી શક્યો કે નહીં એ તો એ જાણે; પરન્તુ એણે કોઈ અપૂર્વ વસ્તુ સાંભળ્યાનો અપૂર્વ આનંદ તો અનુભવ્યો જ.

દ્રમકે તદ્દયા પ્રત્યે વિનીત ભાવે કૃતજ્ઞતા દર્શાવીને ઉપકાર ગ્રહણ કર્યો. અને તદ્દયાની ખૂબ ખૂબ પ્રશંસા કરી. પરંતુ તદ્દયાને આત્મશ્લાઘા સાંભળવામાં જરાય રસ ન હતો. એટલે મન્દ મન્દ સ્મિત વેરતી એ ત્યાંથી ચાલી ગઈ.

# [૮]

બીજા દિવસનું પ્રભાત ઊગ્યું.

તદ્રૂયાને થયું કે લાવ આજ દ્રમકની જરા વહેલી ખબર લઉં. ઉત્સાહપૂર્ણ હૃદયથી તદ્રૂયા દ્રમક પાસે આવી. આવી કે ઉત્સાહ ઠંડો પડી ગયો. દ્રમક પોતાના ચપ્પણિયાનું ભોજન આરોગતો હતો. એમ પાછું ઝડપથી જેટલું જલદી અને જેટલું વધુ ખવાય તેટલું સારું એવી ભાવના એના મુખ ઉપર સ્પષ્ટ તરવરતી હતી.

તદ્રૂયા ધીમે પગલે દ્રમક પાસે સરકી. દ્રમક તો ખાવામાં એટલો બધો મશગૂલ છે કે કોઈ આવ્યું છે એની પણ એને ખબર નથી. તદ્રૂયાએ ખોંખારો ખાધો કે દ્રમકનું ધ્યાન ખેંચાયું. બિચારાની આંખ ઊંચે તદ્રૂયા તરફ તોળાઈ કે તરત જ ચપ્પણિયું જમીન પર પડી ગયું અને બોદા અવાજમાં બજી ઊઠયું. બીજી જ પળે ચપ્પણિયા ઉપર દ્રમકના હાથ જઈ પડયા. અને તદ્રૂયા સામે તોળાયેલી દૃષ્ટિ શરમના ભારથી ઝુકી ગઈ; પાપણો બોઝલ બની ગઈ.

રઘવાટમાં પડેલા દ્રમકને તદ્રૂયાએ મીઠા અવાજે કહ્યું. "હવે તો હું ધારું છું કે આ ચપ્પણિયાનું ભોજન કરતાં તને અટકાવવાની મને પૂરી સત્તા છે. અને એ પણ તેં સ્વેચ્છાએ મને આપી છે. તે અધિકારની રૂએ હું કહું છું કે ચપ્પણિયાના ભોજનથી વિરામ પામ મહાનુભાવ!"

બે હાથ વચ્ચે દાબી રાખેલું ચપ્પણિયું દ્રમકે દૂર હડસેલી દીધું હતું, પણ શરમના ભારથી એની આંખ ઊંચી

થતી નથી. તદૃયાને આથી ઘણો જ આનંદ થયો. થાય જ ને. દ્રમકમાં લજ્જાનો ગુણ પ્રગટ્યો હતો. અને લજ્જાનો ગુણ પ્રગટ્યો એટલે આત્મા પાપ આચરતાં સંકોચ કરવાનો. પાપ કરતાં પકડાઈ જાય તો ઉદ્ધત થઈને બચાવ કરવાને બદલે વિનમ્રભાવે આનંદ થયો હતો. તદૃયા વિચારે છે કે જ્યાં સુધી મારી શરમ દ્રમક ઉપર પડે છે ત્યાં સુધીમાં આ ચપ્પણિયું છોડાવી દઉં. લજ્જા છે માટે એ ઊંધે પન્થેથી પાછો જરૂર વળશે."

દ્રમકને તો એમ કે તદૃયા હમણાં કેટલોય ઠપકો આપશે પણ તદૃયા તો કશું કહ્યા વિના જ ચાલી ગઈ. એટલે દ્રમક વધું ઝંખવાણો પડી ગયો અને વિશેષ પસ્તાવમાં જલવા લાગ્યો. દ્રમકને પોતાની જાત ઉપર જ ભયંકર ધિક્કાર છૂટ્યો.

દ્રમકે પોતાની જાતને ઉપાલંભ આપવા માંડ્યો. 'હે મૂર્ખ, જે કુપથ્યના સેવનથી નિકટ ભૂતકાળમાં જ તારી વિષમ સ્થિતિ થઈ હતી એ જ કુપથ્યના સેવનમાં માત્ર ગણતરીના સમયમાં ફરી આસક્ત થયો! ધિક્કાર છે તારી ચંચલતા અને મૂઢતાને. બીજું તો ઠીક પણ તારા ઉપર અમાપ ઉપકાર કર્યો છે એવી તદૃયાની વાતને પણ આટલામાંથી ભૂલી ગયો? આટલી જ તારી લાયકાત કે?

આમ કેટલોય સમય વીતી ગયો.

દ્રમકનું નાવ ચપ્પણિયાની અને તદૃયાની આપેલી સાચી સમજ વચ્ચે ઝોલાં ખાતું રહ્યું.

આમ છતાં દ્રમકના કેટલાક રોગો ઉપશમી ગયા,

તદ્રૂયાએ અનેક વાર અટકાવેલા ચપ્પણિયાના ભોજનના ત્યાગનું કાંઈક ફળ તો આવ્યું જ. સાચી દિશામાં કરેલો સારો પુરુષાર્થ ક્યારેક ને ક્યારેક ફળ તો આપે જ.

દ્રમકના મનમાં કુપથ્ય માટે હવે અરુચિ પ્રગટી ચૂકી હતી. પરંતુ એ અરુચિની પાછળ જોઈએ એવું મનોબળ પ્રગટ્યું ન હતું. એ કારણે અરુચિ છતાં પણ ચપ્પણિયાના ભોજન તરફ ઊંડે ઊંડે આકર્ષણ થઈ જતું. પણ બીજી બાજુ તદ્રૂયાની શરમ નડતી હતી એટલે દ્રમક તદ્રૂયાની હાજરીમાં તો ચપ્પણિયા તરફ કે કુપથ્ય તરફ નજર સરખી પણ નહોતો માંડતો. તો પણ તદ્રૂયાની અનુપસ્થિતિમાં ચપ્પણિયાની પ્રસાદી લઈ લેતો. લેતાં–શું લઈ લેતો પણ પાછળથી દિલ ચચરતું, પશ્ચાત્તાપના અગ્નિમાં જલતું. દ્રમક પોતાની જાતને આ વ્યામોહ માટે સખત રીતે ધિક્કારતો તો ક્યારેક જાતને કડક સજા પણ કરી બેસતો.

દ્રમકના અધ્યવસાય જ્યારે રાગના આક્રમણથી ઘેરાઈ જતા ત્યારે તે કુપથ્ય આચરી લેતો. પણ પછી એની વૃત્તિઓ શાન્ત થઈ જતી. એ વખતે વિરાગની બલવતી સેના એની મદદે આવતી અને રાગના આક્રમણના ઘેરાને તોડી નાંખીને રાગની સેનાને ક્યાંય ભગાડી મૂકતી. એ વખતે દ્રમકની આંખમાંથી આંસુની ધારા વહેતી. એક આંખમાંથી રાગના પશ્ચાત્તાપની ગંગા જ્યારે બીજી આંખમાંથી વિરાગના હર્ષની જમના.[૬૪]

૬૪. દેશવિરત શ્રાવકના જીવનમાં પતન અને ઉત્થાનોની પરંપરા દુષ્કૃતગર્હાદિ દ્વારા ઉત્તરોત્તર વિકાસની વધતી જતી ગતિ.

દ્રમક કુપથ્ય કરી જરૂર લેતો હતો. પણ એને કુપથ્યમાં જે સ્વાદ આવતો હતો એ કુપથ્ય કરી લીધા પછી હૃદયમાં જાગતી પશ્ચાત્તાપની દુઃખજ્વાલાની અપેક્ષાએ નહીંવત હતો. અથવા તો એમ જ કહોને કે સ્વાદનો સુખાનુભવ તો થતો રાઈના દાણા જેટલો, જ્યારે પશ્ચાત્તાપનો દુઃખભાર આવી પડતો હિમાલય જેવડો. આમ પશ્ચાત્તાપના પ્રચંડ દાવાનલમાં કુપથ્યનું સ્વાદસુખ ક્યાંય બળીને ભસ્મ થઈ જતું હતું. બધુંય સાચું; પણ કરમની એક કઠણાઈ તો ઊભી જ રહી હતી કે દ્રમક નહોતો તો છોડી શકતો કુપથ્ય કે નહોતો છોડી શકતો મોહ ચપ્પણિયાનો.

જો કે આમ તો દ્રમકની રોગપીડા ઠીક ઠીક શમી ગઈ હતી. છતાં જ્યારે જ્યારે એ કુપથ્યનું સેવન કરતો ત્યારે ત્યારે એના આરોગ્ય પર અસર તો થતી જ. રોગ જરા ઉગ્ર બની જતો અને ત્રાસ તથા પીડા વધી પડતાં અને ફરી એકવાર જૂની–પુરાણી ભવાઈની પુનરાવૃત્તિ થતી.

ભવાઈની આ દુઃખદ પુનરાવૃત્તિથી દ્રમક સ્વયં ભારે ત્રાસી ગયો હતો. એટલે જાતે જ આ ભયંકર ત્રાસમાંથી છૂટવાની યોજના કરતો હતો. પણ કેમેય કરીને ઠેકાણું નહોતું પડતું. ચપ્પણિયા પર નજર જતી અને એનો એંઠવાડ નજર સામે આવતો કે દ્રમકની જીભ પર રસનો સ્રાવ ચાલુ થઈ જતો હતો.

અને થોડી પળો માટે એના બધા નિર્ણયો અને યોજનાઓ નિષ્ફળ જતાં, અને દ્રમક પેલા ચપ્પણિયાનો આસ્વાદ લઈ લેતો.

આમ ચાલ્યા જ કરતું

દ્રમક ઉપાય શોધે છે પણ મળતો નથી.

એકવાર દ્રમકના માનસપટે વીજળી ઝબૂકી. એની પ્રકાશરેખામાં એને એક માર્ગ દેખાયો. અને એ ખુશ થતાં ચપટી વગાડીને નાચી ઊઠયો. એક તો તદ્દયાની હાજરી જ એવી વસ્તુ હતી કે જે દ્રમકને કુપથ્ય તરફ ઢળતા રોકી રાખતી. આથી દ્રમકે નક્કી કર્યું કે ગમે તેમ કરીને પણ એવી વ્યવસ્થા કરવી કે જેથી તદ્દયાનો અખંડ અને સતત સહવાસ જળવાઈ રહે. એ હાજર હશે ત્યાં સુધી કુપથ્યનું સેવન થઈ શકશે જ નહીં. અને કુપથ્યનું સેવન નહીં થાય તો રોગનો ત્રાસ વધશે નહીં, ઊલટું ધીમે ધીમે આરોગ્ય વધતું જશે.[૬૫]

દ્રમકે વિચાર કર્યો, 'બસ, ધર્મબોધકરને પધારવા દો. એમને પ્રાર્થના કરીને તદ્દયાનો નિરંતર સહવાસ યાચી લઉં, પછી બન્દા રાજા! કુપથ્યનાં આકર્ષણ પછી આપણા પર ચાલે જ નહીં ને?

દ્રમક આમ વિચારે છે. અન્તરમાં પ્રસન્નતા અનુભવે છે અને ધર્મબોધકરની પ્રતીક્ષા કરે છે. ધર્મબોધકર ક્યારે પધારે અને ક્યારે તદ્દયાનો સતત સંગ યાચી લઉં એનું જ રટણ કર્યા કરે છે.[૬૬]

૬૫. સત્સંગનો મહિમા.

૬૬. ઊર્ધ્વમુખી બનતી ચિત્તવૃત્તિ.

દિવસો વીતે જાય છે.

સમય સમયનું કામ કરે છે જ્યારે દ્રમક દ્રમકનું કામ કરે છે. સમયે સમયે પેલા કુપથ્યનું સેવન ચૂકતો નથી, અને પરિણામે હેરાન થયા વિના રહેતો પણ નથી.

એક સમયની વાત છે.

દ્રમક કુપથ્ય સેવીને પડ્યો છે રોગી અવસ્થામાં. કેમ કર્યું ચેન નથી પડતું એને રોગની પીડામાં કણસતો કણસતો એ પડખાં બદલી રહ્યો હતો. એટલામાં ધીમે રહીને ધર્મબોધકરે અંદર પ્રવેશ કર્યો. દ્રમકની દશા જોઈને એ સત્પુરુષના હૃદયમાં કરુણાનો ધોધ વહી રહ્યો. સત્પુરુષોના દિલમાં ઘોરમાં ઘોર પાપી માટે પણ તિરસ્કાર નથી જાગતો. એમના અજાનામાં તો હોય છે એક અખૂટ દયા.

ધર્મબોધકર આગળ વધ્યા. દ્રમક પાસે આવ્યા. બેઠા. એની પર વાત્સલ્યનાં અમૃત રેડતો હાથ ફેરવવા માંડ્યો. "હજુય કદન્ન ખાતો લાગે છે તું!" ધર્મબોધકરે કહ્યું.

ધર્મબોધકરને જોઈને દ્રમક પ્રસન્ન થઈ ગયો હતો. એમાં એમનો પ્રશ્ન સાંભળીને તો એ પ્રસન્નતા ઓર વધી ગઈ. એ બોલ્યો, "અરે પ્રભો! હું તો આપની જ પ્રતીક્ષા કરી રહ્યો હતો. કદન્ન છોડવા તો હું ઘણું જ મથું છું પણ

કેમે કર્યું છૂટતું જ નથી.[૬૭] મારા એકલામાં એને સર્વથા ત્યાગી દેવા જેટલો પુરુષાર્થ જાગતો જ નથી. ઇચ્છા તો ત્યજી દેવાની જ છે; પણ પુરુષાર્થમાં પાંગળો બની જાઉં છું. મને લાગે છે કે મારે સારા સહકાર અને પ્રેરણાની વધુ આવશ્યકતા છે."

"તદ્દયા છે ને? એટલા માટે તો હું એને અહીં મૂકતો ગયો છું." ધર્મબોધકર બોલ્યા.

"એ વાત સાચી છે પ્રભો!" દ્રમક નમ્રતાથી બોલ્યો, "પરન્તુ એ તો માંડ થોડોક સમય મારી ખબર લે છે.[૬૮] કદન્નનો કાંઈ ત્યાગ કરી શક્યો છું એનો યશ તો એને જ છે. પરંતુ એનો જો નિરંતર સહવાસ મળે તો કદન્ન સર્વથા છૂટી જાય. એ સતત પાસે રહે તો જ આ બની શકે એમ છે. એની શરમે પણ મારી નજર કદન્ન પર નહીં જાય. બાકી એની એ પરિસ્થિતિમાં આ દુષ્ટ આત્મા ઝાલ્યો નથી રહેતો પ્રભો!"[૬૯] દ્રમકે સ્પષ્ટ આત્મનિવેદન કરતાં કહ્યું. "અને આમ કદન્ન ખાધા કરીશ તો પછી નીરોગી પણ ક્યારે થઈશ? નાથ!"

ધર્મબોધકર વિચારમાં પડી ગયા. તદ્દયા પાસેથી તો એમને દ્રમક જેવા બીજા અનેક રોગીઓની પરિચર્યાનું કામ લેવું પડતું હતું. અને દ્રમકને હવે કોઈના નિરંતર સહવાસ અને પ્રેરક સહચારની આવશ્યકતા તો છે જ એ પણ એમને

૬૭. કેટલાંક નિકાચિત કર્મનાં તોફાન.

૬૮. ગુરુપ્રેરણા ચોવીસે કલાક જ ન મળે.

૬૯. ગુરુકૃપા (ગુરુપ્રેરણાથી) જ કઠોર સાધનાની સફળતાનું સૂચન.

બરાબર લાગ્યું. દ્રમકની પરિસ્થિતિ અત્યારે એવા સંધિકાળમાં આવી પહોંચી હતી કે આ સમયે યોગ્ય અને આવશ્યક પરિચર્યા થાય અને પથ્ય પળાય તો રોગી ધીમે ધીમે સર્વથા નીરોગી થઈ જાય. આ વિચાર મનમાં રાખીને દ્રમકની માનસિક પરિસ્થિતિનું માપ કાઢવા માટે ધર્મબોધકરે બીજી જાતનો વાર્તાલાપ આરંભ્યો.

"જો દ્રમક, જેને છોડવું જ હોય એને કોઈનીય હાજરીની શી જરૂર?" ધર્મબોધકર બોલ્યા, "કુપથ્ય છોડવાની સંનિષ્ઠા ન જાગી હોય તો કોઈની હાજરીમાં પણ ચોરી કરીનેય કદન્ન ખાઈ જઈશ. જ્યારે સંનિષ્ઠા જાગી હશે તો કોઈ હાજર નહીં હોય તોય તું નહીં ખાય. તને ખબર છે વૈદ્યની અનુપસ્થિતિમાં જે ઔષધનું સેવન નથી કરતો એવો રોગી એમની હાજરીમાં પણ દવા ધીરે રહીને પાણીમાં નાંખી દે છે અને પછી પાણી કરે છે ખાળ ભેગું."

દ્રમક ધર્મબોધકર સામે તાકીને જોઈ રહ્યા. શ્રવણમાં એને કોઈ અપૂર્વ આનંદની અનુભૂતિ થતી હતી. ધર્મબોધકરના એક એક વાક્યને સમજીને એનું અમૃતપાન કરવા મથી રહ્યો હતો.

ધર્મબોધકર આગળ વધ્યા; "જ્યાં સુધી આત્માને પોતાને રોગોની ભયાનકતા ન સમજાય; એનાં કટુ પરિણામોનો ખ્યાલ ન આવે ત્યાં સુધી એ આવશ્યક અને યોગ્ય ઔષધસેવન કરવા માટે નથી તો તત્પર બનતો કે નથી તો ઉત્સાહિત થતો. સંક્ષેપમાં, રોગોની ભયાનકતાનું ભાન કોઈની ઉપસ્થિતિ કે અનુપસ્થિતિ–બન્નેમાં–રોગીએ એક સમાન

રહેવું જોઈએ. પછી એનામાં ન તો કુપથ્ય–સેવનની નબળાઈ પ્રગટે છે કે ન તો એને ઔષધસેવનનો કંટાળો આવે છે. આમાં નબળાઈ અને કંટાળાનો ભોગ બનનારા સાચે જ ધૂળમાં રમતા બાળક કરતાંય ઊતરતા છે.

"જે સમજીને પથ્યનું પવિત્ર બંધન અને ઔષધનું સતત સેવન સ્વીકારતો નથી એને કોઈનીય ઉપસ્થિતિની જરુર શી? અને જે સમજીને સ્વીકારે છે એને પણ કોઈની ઉપસ્થિતિની જરૂર શી?[70] ધર્મબોધકર થંભ્યા અને દ્રમકની આંખમાં એક વેધક દૃષ્ટિ પરોવી.

દ્રમકે બે હાથ જોડીને માથું નમાવ્યું અને કહ્યું: "પ્રભો આપે જે પીરસ્યું તે સો ટકા સાચું છે. સાચા સિવાય આપ બીજું પીરસો પણ શું? સાચા સિવાય આપની પાસે બીજું છે પણ શું? પરંતુ મુજ રાંકની વિનંતિ પર ધ્યાન આપવા જેવું છે. આપ કહો છો એમ હું રોગોની ભયાનકતા વિશે પરિચારિકાની ઉપસ્થિતિ તથા અનુપસ્થિતિ, બંનેમાં એક સમાન રીતે સજાગ છું. બીજું કુપથ્યના ત્યાગની અને ઔષધસેવનની આવશ્યકતા પણ સમજું છું; જે રીતે સમજવી જોઈએ એ રીતે સમજું છું. કદન્નની પ્રત્યે મને ઊંડે ઊંડે રાગ છે એ સ્વીકારું છું. પરંતુ હવે વિરાગના ચાકડે એના ઘાટ ઊતરવા શરૂ થઈ ગયા છે. આમ તો આપ આદેશો છો એવું બધું તો અન્દર પ્રગટી ચૂક્યું છે. એક નથી પ્રગટતો જોઈએ એવો પ્રબલ પુરુષાર્થ. એના માટે જરૂર છે આપની મંગલકૃપાની. આપની કૃપાથી તદ્દયાનો

૭૦. નિશ્ચયદષ્ટિ તરફ લક્ષ દોરવામાં આવે છે.

જો સતત સહવાસ અને નિરંતર સહચાર મળે તો મારી આ નબળાઈ દૂર થાય અને આવશ્યક પુરુષાર્થ પ્રગટે. પછી આ રીતે ય કદન્નનો સર્વથા ત્યાગ થઈ જવાથી મારામાં મંગલમય આરોગ્ય પ્રગટશે. આથી મારી મતિના વિપર્યાસનો નાશ થશે; અને પછી ધીમે ધીમે મારું મંગલમય આરોગ્ય પૂર્ણતાના ઉચ્ચ શિખરે પહોંચશે."

દ્રમકના વિચારોથી ધર્મબોધકર ખૂબ જ પ્રભાવિત થયા. આરોગ્ય પ્રાપ્ત કરવાની એની ઝંખનાથી[૭૧] એમણે મધુર પ્રસન્નતા અનુભવી. ત્યાં ઊભેલી તદ્દયાના કાનમાં કાંઈક કહ્યું. તદ્દયા ગઈ અને થોડીક વાર પછી એક બીજી પરિચારિકા ત્યાં હાજર થઈ. દ્રમક તો જોઈ જ રહ્યો. બહુ જ સુંદર અને ભવ્ય હતી એ. નવી પરિચારિકા સામે તાકી રહેલો દ્રમક તદ્દયા સાથે એની સરખામણી કરવામાં પડી ગયો.

તદ્દયા બહુ જ કોમળ અને શાન્ત હતી ત્યારે આ નવી પરિચારિકાના મુખ ઉપર ચપળતા અને તેજસ્વિતા તરવરી રહી હતી. તદ્દયા પાસે તો નર્યા અભયનો અનુભવ થતો હતો ત્યારે આની આંખના ખૂણામાં કરડાકીની તેજ રેખાઓ ઝબૂકી જતી લાગતી હતી. ઉપરાન્ત એના રોમ-રોમમાંથી સત્તાવાહિતા નીતરી રહેલી જણાતી હતી.

હતું પણ એવું જ. નવી પરિચારિકા જરા કડક હતી. એના કહ્યા પ્રમાણે વર્તો તો ચપટીમાં તમારાં કામો પાર

૭૧. સર્વવિરતિધર્મ સ્વીકારવાનો તલસાટ.

પાડી આપે અને સહેજ પણ ઊંધા ચાલ્યા તો ઊંચકીને ક્યાંય ફેંકી દે.

ગમે તેમ પણ નવી પરિચારિકાને જોઈને દ્રમકે પ્રસન્નતા અનુભવી. દ્રમકની પ્રસન્નતા જોઈને નવી પરિચારિકાએ એક હૃદયંગમ અને મધુર સ્મિત વેર્યું. દ્રમકે એ ઝીલ્યું કે એના ઓતેર કોઠામાં દીવા દીવા ઝળહળી ઊઠયા. ધર્મબોધકર કશું કહે એ પહેલાં તો દ્રમક કૃતકૃત્યતા અનુભવવા લાગ્યો.

ધર્મબોધકર બોલ્યા, "દ્રમક, જો આ તારી નવી પરિચારિકા છે, એ નિરંતર તારી સેવામાં રહેશે. એક પળ વિખૂટી નહીં પડે."

"અને પ્રભો ! એનું...." દ્રમક વચમાં પૂછવા ગયો. પરંતુ ધર્મબોધકર વચ્ચેથી જ કાપી નાંખતાં બોલ્યા, "નામ પૂછે છે ને ? એનું નામ છે સન્મતિ."[૭૨] જરા કડક અને તોફાની છે, માટે સાચવજે. ભૂલ કરીશ તો જતી રહેશે, એટલું જ નહીં પણ કંઈનું કંઈ કરી નાંખશે. માટે એના નિર્દેશથી વિરુદ્ધ ચાલવાની છતી કે અછતી કોઈ કોશિશ કરીશ નહીં. એની સૂચના એ મારી જ સૂચના છે, એનો આદેશ એ મારો જ આદેશ છે એમ સમજજે. ઉપરાંત તદ્દયા પણ પોતાના ક્રમ પ્રમાણે તારી સંભાળ રાખ્યા કરશે. બોલ હવે તારે શું વિશેષ જોઈએ ?[૭૩] ફરી એક-

૭૨. સન્મતિ : ભાવનાજ્ઞાન. જે અવશ્ય સર્વવિરતિધર્મ આત્મામાં પરિણમાવે.

૭૩. મનુષ્યને સદ્બુદ્ધિ મળી જાય તો વિકાસની આડે શું આવી શકે ?

વાર તારું ધ્યાન દોરું છું કે સન્મતિના કથનથી કશું વિરુદ્ધ કરીશ નહીં. કારણ કે મહારાજ સુસ્થિત અને મારી પ્રસન્નતાનો મૂળ પાયો સન્મતિનું આવેદન જ છે. તારા માટે એ જે આવેદન (report) રજૂ કરશે એના આધારે જ તું રાજભવનના સૌ ઉચ્ચ અધિકારીઓની પ્રસન્નતાનો ભાગી બની શકીશ. સમજ્યો ?"

દ્રમક પૂર્ણ અહોભાવથી ધર્મબોધકરને સાંભળી રહ્યો. અને એમણે જે જે કહ્યું તે બધું મસ્તક નમાવી માન્ય કર્યું. સન્મતિ—આટલી બધી વર્ચસ્વવાળી પરિચારિકા—મેળવીને એ કૃતકૃત્યતાના મીઠા સાગરમાં આનંદ સ્નાનની અનેરી મોજ માણી રહ્યો.

ધર્મબોધકરે સન્મતિ તરફ મુખ ફેરવ્યું. સન્મતિ નત મસ્તક ઊભી રહી ગઈ. ધર્મબોધકર બોલ્યા, " સન્મતિ, આ રોગીની સારી પરિચર્યા કરજે અને કડક ચોકી રાખજે. આથી વિશેષ તને કાંઈ જ કહેવાનું નથી કારણ કે તું સ્વયં પ્રજ્ઞા અને પ્રાજ્ઞા છે માટે બધું સમજી લેજે. ચાલો ત્યારે, હું વિદાય લઉં છું." આટલું કહીને ધર્મબોધકરે પોતાનો જમણો હાથ ઊંચો કર્યો અને એમાંથી આશીર્વાદની અમૃત-સરવાણીઓ ફૂટી રહી.

ધર્મબોધકર ચાલ્યા ગયા.

દ્રમક અને સન્મતિ એકલા પડ્યા.

*

[૧૦]

દ્રમક અને સન્મતિને ભારે મેળ જામી ગયો. સન્મતિ જેમ જેમ કહેતી જાય છે તેમ તેમ દ્રમક વર્તતો જાય છે. દ્રમક અને સન્મતિ કલાકો સુધી રોગ અને આરોગ્યની ચર્ચા કરે છે, કદન્ન અને પરમાન્નના ગુણદોષનું વિવેચન કરે છે; પથ્ય અને કુપથ્યની દીર્ઘ અને ગહન સમાલોચના કરે છે. આમ સન્મતિના સુખદ સહચારમાં દ્રમકનો સમય પ્રસન્નમધુર નિજાનન્દમાં વીતે છે.

એક વાર દ્રમક આરામ કરીને ઊઠચો. ઊઠચો કે એની નજર પેલા કદન્ન પર પડી. દ્રમકની જીભ સળવળી ઊઠી. ઘડીભર એ ત્યાં તાકી રહ્યો. કદન્ન ખાવાની એની વૃત્તિ પ્રબળ થઈ ઊઠી. એણે ચારે તરફ નજર ફેરવી. કોઈ દેખાયું નહીં. એણે હિંમત એકત્ર કરી ઊઠચો. ધીમે પગલે કદન્ન તરફ આગળ વધ્યો. બીલ્લી પગે ત્યાં પહોંચી ગયો. કદન્ન લેવા હાથ લાંબો કર્યો. વીજળીનો કરંટ લાગ્યો હોય તેમ પાછો ખેંચાઈ ગયો અને ધ્રૂજવા લાગ્યો. દ્રમકે ફરી ચારે બાજુ ભયચકિત નજર નાંખી. ત્યાં કોઈ દેખાયું નહીં અને એને કોઈ જોતું નથી એ વિચારે શાંતિ વળી. દ્રમકે ફરી

સાહસ એકઠું કર્યું અને હાથ લંબાવ્યો. કદન્નનો કોળિયો ભર્યો અને એકદમ ઝડપથી મોંઢા તરફ લંબાવ્યો. હાથનો પોંચો બે હોઠ વચ્ચે દબાયો કે કોઈનો જોરદાર હાથ એના પર પડ્યો. અડધો કોળિયો મોઢામાં ગયો અને અડધો કોળિયો બહાર વેરાઈ ગયો. દ્રમકે પાછું વળીને જોયું તો એ સન્મતિ હતી.[૭૪]

દ્રમક તો ડઘાઈ જ ગયો. કોઈ મહાન અપરાધ કરી નાંખ્યો હોય એમ એનું મોં પડી ગયું. સન્મતિની આંખમાંથી ફૂટતા કરડાકીના તેજધોધ જોઈને એના તો છક્કા જ છૂટી ગયા.

“ આવી ચોરી ?” સન્મતિ ગરજી ઊઠી.

“ ભૂ....ભૂ....ભૂલી....ગયો સન્મતિ! ભૂલી ગયો.” દ્રમક તતપપ થઈ ગયો. “ હવે નહીં કરું.”

“ ચોક્કસ ?”

“ ચોક્કસ.”

“ જોજે હો.”

“ ભલે.”

“ તને ખબર નથી કે દશ્ય કે અદશ્યરૂપે હું નિરંતર તારી સાથે રહું છું. પછી આવી હિંમત કરી જ કેમ?

“ હવે નહીં કરું, એકવાર ક્ષમા કરી દે, સન્મતિ ક્ષમા કરી દે. તારે પગે પડું” દ્રમક કરગરી પડ્યો અને

૭૪. ભાવનાજ્ઞાનની ક્વચિત થતી અનુત્કટતામાં આત્માનું થઈ જતું દુ:સાહસ.

સન્મતિએ એક મધુર સ્મિત વેરી દીધું. દ્રમકને ખાતરી થઈ કે સન્મતિએ મને માફ કરી દીધો.

આવું તો અવારનવાર બન્યા કરતું અને સન્મતિ દ્રમકને કાબૂમાં લઈ લેતી. દ્રમકને કદન્ન પર રાગ થઈ આવતો છતાં પણ સન્મતિનું કડકમાં કડક અનુશાસન પણ એને અત્યંત પ્રિય લાગતું.

સન્મતિની સદા જાગરુક ચોકીથી દ્રમકને અપાર લાભ પહોંચ્યો. અલબત્ત ઉપર વર્ણવ્યું એમ થોડું ઘણું કદન્ન એના પેટમાં જતું એટલે રોગનો આછો-પાતળો ઉપદ્રવ તો ચાલુ રહેતો જ. છતાં પણ નિયમિત ઔષધસેવનથી અને કલ્યાણજલના પાનથી એના રોગો મોટા પ્રમાણમાં નાશ પામી ગયા. આથી એના દેહ પર અપૂર્વ કાન્તિ ખીલી ઊઠી. આકૃતિમાં સુરેખતા ઊપસી આવી. ચીબડી આંખો વિકસ્વર બની ઊઠી. કોઈ જુએ તો ઓળખી જ શકે નહીં. ક્યાં પહેલાંનો દ્રમક અને ક્યાં અત્યારનો દ્રમક.

સન્મતિની અસીમ કાળજીથી દ્રમકનું સ્વાસ્થ્ય જેમ જેમ સુધરતું જાય છે તેમ તેમ એની ભૂખ ઊઘડતી જાય છે. જેમ જેમ ભૂખ ઊઘડતી જાય છે તેમ તેમ પરમાન્નનો આહાર કરે જાય છે અને જેમ જેમ પરમાન્ન પેટમાં જાય છે તેમ તેમ પુષ્ટિ, કાન્તિ અને તેજ વધતાં જાય છે.

હવે એ દ્રમક દ્રમક જ ક્યાં રહ્યો છે? પણ એ નામ પડી ગયું એ પડી ગયું.

સન્મતિની સતત ચોકીથી દ્રમકના જીવનમાં બે મહાન લાભ થયા. એક તો કદન્નનું સેવન નહીંવત્ થઈ ગયું. અને

એ નહીંવત્ ચોરીછૂપીના ભોજનમાં પણ દ્રમકને ભારોભાર અહિત દેખાવા માંડ્યું. બીજું આ તીવ્ર અહિતદર્શને એનામાં ઉચ્ચ કક્ષાનો હિતાભિલાષ જગાડ્યો. પરિણામે રોગો બિલકુલ મંદ પડી ગયા. દ્રમક પુષ્ટ અને તેજસ્વી બની ગયો, શરીરમાંથી રોગો અને વેદના ગયાં અને મનમાંથી ઉદાસી, નિરાશા અને ચિન્તા ગયાં. એકથી બહારનું સૌંદર્ય ખીલ્યું જ્યારે બીજાથી અંદર આનંદના ઓઘ ઘેરા રમણે ઘડ્યા. અંદરના આનંદના ઓઘથી પ્રસન્નતાની સુખદ પરિસીમાથી વદનનું લાલિત્ય ઓર ખીલી ઊઠ્યું. શતદલની સોએ પાંખડીઓ સમકાળે ખીલી ઊઠી જાણે!

દ્રમક હવે સૌને સાવ નવીન લાગે છે.

જ્યારે દ્રમકને પણ બધું સાવ અભિનવ લાગે છે.

હવે એને સૌનું સારું જ દેખાય છે.[૭૫]

દૃષ્ટિ બદલાયાનો આ મોટો લાભ.

જીવનવહેણ બદલાયાનો આ મોટો બદલો.

હવે તો દ્રમક અને સન્મતિ એકાકાર થવા માંડ્યાં છે. દ્રમકની ભૂલોમાં સારો સરખો ઘડાડો થતો જાય છે. અને સન્મતિની કડક ચોકી, કોમળતા અને સ્નેહમાં પરિણમતી જાય છે. સન્મતિના સંગથી હવે તો દ્રમકની મતિ પણ ખીલી છે.

ઉષા ખીલી. પ્રભાત થયું.

પૂર્વની બારીએ સૂર્ય હસી પડ્યો–હજાર હજાર કિરણે.

---

૭૫. વિકાસની ઊર્ધ્વમુખી દિશામાં ગુણાનુરાગિતાનું શતદલકમળ સો સો મુખે ખીલી ઊઠ્યું હોય.

રાજભવનના ઝરૂખામાં બેઠેલા દ્રમકની નજરે આ દૃશ્ય ચડ્યું.

સૂર્ય ઊગ્યો, સામેના તળાવનાં બિડાયેલાં પોયણાં ખીલી ઊઠયાં—હસી ઊઠયાં. આ જોઈને દ્રમક પરમ આહ્લાદ અનુભવી રહ્યો. એની વિકસેલી મતિ એક સુંદર તુલના કરવામાં લાગી ગઈ. સૂર્ય એને તેજસ્વી અને પ્રકાશના નિધિ સમો લાગ્યો અને કમળોનો વિકાસ કરનારો ઉપકારી પણ લાગ્યો અને એને એમ થયું કે આ સૂર્ય કરતાં તો એના નાથ ક્યાંય ચડી જાય. તેઓ અતિ તેજસ્વી છે છતાં સૂર્યની જેમ આંજી નાખે એવા નથી, સૌમ્ય ને દઝાડે એવા નથી, શીતલ છે. ઉપરાંત સૂર્ય તો બિડાયેલાં કમલોને જ ખીલવી શકે છે જ્યારે અમારા નાથ તો કચડાયેલાં, કરમાયેલાં એવાં બધાં જ કમલોને ખીલવી શકે છે.

પાસે બેઠેલી સન્મતિને એણે આ વિચાર કહી સંભળાવ્યો. સન્મતિ તો ખુશ ખુશ થઈ ગઈ. એના આનંદની કોઈ સીમા ન રહી. એણે દ્રમકને લાખ લાખ શાબાશી આપી.

પાસેના ઘટાદાર આંબાવાડિયામાંથી કોયલની મધુર કાકલી વાયુની પાંખે બેસીને દ્રમકને સ્પર્શી ગઈ. દ્રમકે સન્મતિ સામે જોયું. એની નજરમાં પ્રશ્ન હતો કે સાંભળીને આ કોયલની કાકલી? સન્મતિએ પણ નયનો દ્વારા હકારમાં મૂક જવાબ આપ્યો.

દ્રમક બોલ્યો; "સન્મતિ! જો ને આ કોયલ કેવું મધુર કૂજે છે. મને થાય છે કે મારા દિલમાં પણ કોઈ મધુર કૂજન કરી રહ્યું છે."

"એ....મ કે?" સન્મતિએ લહેકો કરતાં કહ્યું, "એ તો હું જ છું હોં."

"અને....અને જો ને પેલો પહાડ મને અડગતાનો મૂક ઉપદેશ આપી રહ્યો હોય એમ લાગે છે. અને પેલાં દૂર દૂર દેખાતાં સાગરનાં મોજાં તો જો. ગરજી ગરજીને મને ગંભીર બનવાનું કહે છે. બોલ, આની પાછળ કોણ છે? કહે."

"એ તો આપણા ધર્મબોધકર છે." સન્મતિ બોલી. એમનું કથન છે કે ચંચલ અને છીછરા માણસો નથી તો જગતમાં સિદ્ધિ મેળવી શકતા કે નથી ક્યાંય સુખ મેળવી શકતા, સમજ્યો?"

"સમજ્યો. સમજ્યો." દ્રમક બોલી ઊઠ્યો. પણ એની આંખ હતી ઉપર આકાશમાં ઊડતાં, ગીત ગાતાં અને કલ્લોલ કરતાં પંખીડાંઓ ઉપર. એ બોલ્યો, "જો ને સન્મતિ, આ પંખીડાંઓ પણ મને મુક્તિનો સંદેશ આપી રહ્યાં છે. નિજાનંદમાં કિલ્લોલ કરવાની ઘોષણા કરી રહ્યાં છે."

"એ જ તો આપણા જગદ્ગુરુ સમ્રાટ સુસ્થિતનો ગુરુમંત્ર છે." સન્મતિએ કહ્યું, "મુક્તિનો સંદેશ સાંભળે એને ચપ્પણિયું છોડવાની તૈયારી રાખવી પડે એ તો ખબર છે ને?" સન્મતિ એ સમય જોઈને ઘા માર્યો.

"અરે છોડી દઈશું, એમાં શું?" ઉત્સાહમાં આવી જઈને દ્રમક પહેલી જ વાર બોલી ઊઠ્યો.

"શાબાશ!" સન્મતિ ખિલખિલ હસી ઊઠી.

"અરે જો સન્મતિ જો." દ્રમક બોલી ઊઠ્યો.

"પુષ્પોના પરાગ પર મધુર સંગીત સાથે ઝૂમી પડેલાં પેલાં ભ્રમરવૃંદો મને શું કહે છે, ખબર છે? એ કહે છે કે હે દ્રમક, તું પણ અમારી જેમ માધુકરીના પન્થે જશે તો તારું કલ્યાણ થશે. જો જો પેલો વડલોય વચમાં આવ્યો. એ કહે છે કે ટાઢ, તાપ ને વરસાદમાં મારી જેમ સમભાવી અને સ્થિર રહેજે. જો જો સન્મતિ, કુદરતના ખોળે ખેલતા આ મિત્રો કેવો ભાતભાતનો મૌન ઉપદેશ આપે છે! જો સન્મતિ જો, મારું હૃદય આનંદથી કેટલું ઉછળી રહ્યું છે. જો તો ખરી." કહીને દ્રમકે સન્મતિનો હાથ પકડીને પોતાના હૃદય પર મૂકી દીધો અને એક સુદીર્ઘ વિચારસ્વપ્નમાં ખોવાઈ ગયો. આ દીર્ઘ સ્વપ્નમાં એ અનુભવતો હતો અદ્‌ભુત રોમાંચ, હર્ષાશ્રુના અમૃતબિંદુનું વર્ષણ અને પ્રસન્નતાનો પારાવાર.

અને સન્મતિ દ્રમકના હવામાં ઊડતા વાળની લટ સમી કરીને એના મસ્તકને પંપાળી રહી હતી. દ્રમક અવર્ણનીય સુખ માણતો હતો."[૭૬]

વિચારસ્વપ્નમાંથી દ્રમક જાગ્યો અને સન્મતિને કહેવા લાગ્યો, "સન્મતિ, સાચું કહું તો આ બધો તારો જ પ્રભાવ છે. તું મને જીવનમાં ન મળી હોત તો મારામાં આવું મંગલ પરિવર્તન ક્યારેય ન આવત."

"આમાં મારો શું પ્રભાવ છે?" સન્મતિ બોલી, "સાચો પ્રભાવ તો જગદ્‌ગુરુ સમ્રાટ સુસ્થિતની કૃપા અને

૭૬. મહાભિનિષ્ક્રમણના મંગળમય ભાવીની આગાહી કરતી ચિત્તની અનોખી પ્રસન્નતા. સુંદર આત્માનું સર્વત્ર સૌન્દર્યદર્શન.

ધર્મબોધકરના આદેશ-ઉપદેશનો છે. એ ન હોય તો હું આવત જ કેવી રીતે તારા જીવનમાં ?"

"એ પણ ખરું."

"અને બીજો પ્રભાવ છે કુપથ્યના ત્યાગનો અને ઔષધ-સેવનનો. અને પેલી મહાકલ્યાણી ક્ષીરનો, સમજાય છે ?"

"સમજાય છે."

"શું ધૂળ સમજાય છે? સમય એને વળી કુપથ્યા-સેવન, થોડુંય ચાલુ રહે ખરું ?" સન્મતિએ સમય જોઈને બાણ છોડયું.

અને....આ બાણ દ્રમકની છાતીમાં સોંસરવું ઊતરી ગયું.

"એમ છે ?" દ્રમક બોલ્યો, "તો જા, આજથી કુપથ્યનો સર્વથા ત્યાગ. હવે કુપથ્યને અડે એ બીજા."

"અરે વાહ ! રંગ રાખ્યો તેં તો. ધરતી ઉપર ઊભા ઊભા આજ તેં હિમાલયના ઉચ્ચ શિખરને સ્પર્શી લીધું.

"કદન્નનો ત્યાગ શું એટલો મોટો પુરુષાર્થ છે ?"

"અવશ્ય. જેવા તેવાનું તો ગજું જ નથી. તારું દૃષ્ટાંત જ વિચારને. કદન્નનો ત્યાગ કરતાં કરતાં તું પણ કેટકેટલી પરિસ્થિતિમાંથી પસાર થયો અને એ માટે કેટલો દીર્ઘ સમય લીધો ?"

દ્રમક માથું ધુણાવી રહ્યો. અને ફરી એક વાર પ્રસન્નતાના ઓઘમાં નાહી રહ્યો.

"કદન્નનો સર્વથા ત્યાગ કરવાનો મારો નિર્ણય દૃઢ અને આખરી છે." દ્રમક બોલ્યો.

સન્મતિ બોલી, "ઉતાવળ ન કર, ધીરો પડ. આ ભાવના છે તો સર્વોત્તમ પણ હજુ આમાં તારે તારી જાતને સો વાર માપવી પડશે." સન્મતિએ દ્રમક સામે વેધક દૃષ્ટિ નોંધીને આગળ ચલાવ્યું, "કદન્નનો સર્વથા ત્યાગ કરવો મહા-કઠણ છે અને એમ કર્યા પછી તો ખૂબ ખૂબ સજાગ રહેવું પડે. ઊંચી અનાસક્તિ કેળવવી પડે. કદન્નનો સર્વથા ત્યાગ કર્યા પછી એની એક અપ્રગટ ઇચ્છા પણ જાગે તો ગજબ થઈ જાય. અત્યાચાર થઈ જાય અને રોગો પાછા જબ્બર ઊથલો ખાય અને આજ સુધીનું પ્રાપ્ત કરેલું તમામ આરોગ્ય નાશ પામી જાય. અને ખબર છે? એવું ન થવું જોઈએ કે દૂધના ઊભરાતા જોશમાં કદન્નનો સર્વથા ત્યાગ થઈ જાય અને પછી ઊભરો શમી જતાં કદન્નની ઇચ્છા જાગી ઊઠે. માટે હમણાં ધીરજ ધર" આટલું કહી સન્મતિ પરમાન્ન લાવવા ચાલી ગઈ.[૭૭]

દ્રમક વિચારમાં પડી ગયો.

સન્મતિ પરમાન્ન લઈને આવી.

દ્રમકે હોંશે હોંશે પરમાન્ન આરોગ્યું. પરમાન્ન આરોગતાં એની દૃષ્ટિ લગભગ રોજની જેમ પેલા ચપ્પણિયા પર પડી. કદન્ન પર પડી. પણ આજ ત્યાં રાગ થવાને બદલે વિરાગની જ મસ્તી ચડી. અને દ્રમક પરમાન્ન અને કદન્ન વચ્ચે તુલના કરવા લાગી ગયો. દ્રમકને એમ થયું કે ક્યાં આ સર્વોત્તમ પરમાન્ન અને ક્યાં પેલું અધમાધમ

૭૭. મહાપંથનો યાત્રી બનનાર કસોટીની અગ્નિપરીક્ષાઓ.

કદન્ન. નહીં; નહીં. મારે કદન્ન કદી ન જોઈએ. હવે મારું મન અડગ છે. રે! ધરતી ડોલશે. મારું મન નહીં ડોલે. અને દ્રમકે કદન્નના સર્વથા ત્યાગનો અન્તિમ નિર્ણય પરિપક્વ રીતે લઈ લીધો. આ નિર્ણય એણે સન્મતિને જણાવ્યો અને કહ્યું :

"તારી કોઈ ગમ્ભીર ચેતવણી હવે મને ગભરાવી શકે એમ નથી. મને ખાતરી છે કે તારા મંગલ સહચાર પછી અને નિરન્તર સહવાસ પછી મને કદન્નનો વિચાર કદી પજવી શકે જ નહીં. હવે તું મને ડરાવીશ નહીં. આ મારો અન્તિમ નિર્ણય છે. રાજરાજેશ્વરનું ભવ્ય જીવન મળી ગયા પછી કોઈ ચાંડાલના પૂર્વજીવનનો અભિલાષ કરી શકે ખરો? બીજા કોઈ ભય કે ચિન્તાને હું કાંઈ જ મહત્ત્વ આપવા માંગતો નથી. મારો અભ્યન્તર વિરાટ જાગી ઊઠયો છે." દ્રમકના બોલવામાં તેજસ્વિતા વધતી જતી હતી. તે સત્તાવાહી અવાજે બોલી ઊઠયો, સન્મતિ! હું કહું છું કે જા, મારું પેલું ચપ્પણિયું ઊજાળી નાખ. ધોઈ–ધૂળીને સાફ કરી નાખ. એમાંનું કદન્ન ઉકરડામાં ફેંકી આવ. મારે હવે એ કદન્ન ન ખપે; મને હવે ચપ્પણિયાની ગંદકી ન ખપે. મારે બધું જ ઉજ્જવલ જોઈએ. બધું જ ભવ્ય જોઈએ. બધું જ સુંદર જોઈએ.[૭૮]

---

૭૮. મુક્તિનું મંગળ અભિયાન જ્યારે આત્માને સાદ દે છે, ઢંઢોળીને જગાડે છે ત્યારે એ અંતરાત્મા પળભર પણ સંસારવાસમાં ઊભો રહી શકવા કાયર બની જાય છે.

સન્મતિ આનંદથી નાચી ઊઠી. દ્રમકના અન્દરના વિરાટે આજ એના પર સત્તા ચલાવી હતી. એથી તો એનો આનંદ અપરિસીમ બની રહ્યો છે.

સન્મતિએ મસ્તક નમાવીને દ્રમકને કહ્યું, "તારી વાત મને મંજૂર છે. પરંતુ આપણે એક વાર ધર્મબોધકરને મળી આવીએ અને એમનો આદેશ લઈ આવીએ.

દ્રમક ઊભો થયો અને કહ્યું, "ચાલો અત્યારે, આ જ પળે."

"ક્યાં જવાની તૈયારી કરો છો ?" કહીને ધર્મબોધકરે અચાનક પ્રવેશ કર્યો.

દ્રમક દોડયો, ધર્મબોધકરનાં ચરણોમાં નમી પડયો અને બોલ્યો, "પ્રભો આપની પાસે જ આવી રહ્યા હતા. મેં પાકો નિર્ણય કરી લીધો છે કદન્નના ત્યાગનો. હવે મને કદન્ન બિલકુલ ના ખપે.

"ચોક્કસ ?"

"ચોક્કસ, ચોક્કસ, ચોક્કસ. કેટલી વાર કહું પ્રભો ?" દ્રમકે કહ્યું.

"પાકો, દૃઢ અને પરિપક્વ વિચાર છે ?" ધર્મબોધકરે પૂછ્યું.

"જી, જી, જી. પરિપક્વ અને દૃઢ."

"પોકળ નિર્ણયનાં પરિણામો જાણી લીધાં છે ને સન્મતિ પાસેથી ?"

"ઓહો,! પરિણામો પરિણામો પરિણામો! આમ બધા ભય શું કામ દેખાડતા હશો? મેં કહ્યું ને કે આ મારો પાકો અને અન્તિમ નિર્ણય છે. એમાંથી હું કોઈ કાળે નહીં ડગું. અને ક્યારેય કદન્નને મનથી નહીં ઇચ્છું." દ્રમક એકીશ્વાસે બોલી ગયો.

ધર્મબોધકર પ્રસન્ન થઈ ગયા. એમણે દ્રમકના મસ્તક અને પીઠ પર હાથ ફેરવીને આશીર્વાદ સાથે સન્મતિ આપી.[૭૯]

દ્રમક આનંદથી નાચી ઊઠ્યો.

સન્મતિએ મીઠાં મીઠાં સ્મિત વેર્યાં.

દ્રમક દ્રમક મટી ગયો.

દ્રમક નરવીર બની ગયો.

દ્રમક શૂરવીર બનવા તત્પર બન્યો.

૭૯. મુક્તિપંથના યાત્રીને સફળતા બક્ષતી એક માત્ર મંગળમયી ગુરુકૃપા જેને પ્રાપ્ત થાય છે તેની પુરુષાર્થસાધનાને કોઈ વિઘ્ન અડી પણ શકતું નથી.

*

એક મંગલ પળે દ્રમકે કદન્નનો ત્યાગ કર્યો. પ્રસંગ તો જાણે ભવ્ય મહોત્સવ–શો બની રહ્યો. અને દ્રમક હવે નરવીર બની ગયો. કદન્નના ત્યાગ સાથે ચપ્પણિયું ઉજાળવામાં આવ્યું અને ચપ્પણિયુંય સાથે ઉજ્જવલ સુવર્ણપાત્ર ન બની ગયું હોય એમ શોભવા લાગ્યું.[૮૦]

સ્વજનો તથા લોકોએ જય જય ઘોષ કર્યો. ત્યાગધર્મના જયનાદથી આકાશ ભરી દીધું.

દ્રમકના મહાભિનિષ્ક્રમણને સમગ્ર પ્રકૃતિએ નૂતન ચેતનના આવિર્ભાવથી વધાવી લીધું, જાણે સમગ્ર રાજભવને આનંદના અગાધ સાગરમાં ડૂબકી મારીને એનો આદર કર્યો.

તદ્દયા અને સન્મતિના હર્ષનો કોઈ પાર નથી. બન્ને એકબીજા સામે જુએ છે અને આંખના મીંચકારા દ્વારા આનન્દની આપ–લે કરે છે.

આમ અપરિસીમ આનંદના વાતાવરણ[૮૧] વચ્ચે દ્રમકે મુક્તિના માર્ગે મંગલ અભિયાન આદર્યું અને પરમ પુરુષાર્થની પ્રથમ ક્ષણમાં પ્રવેશ કર્યો.

---

૮૦. મહાભિનિષ્ક્રમણનો યાત્રી બન્યો અંતરાત્મા.

એકત્ર થયેલી જનમેદની ધીમે ધીમે વિખરાવા લાગી. સૌના મુખે એક જ વાત હતી કે કર્મવિવર પ્રવેશક દ્વારા જેને રાજભવનમાં પ્રવેશ મળ્યો એનું તો કલ્યાણ જ થઈ ગયું સમજી લો. પ્રવેશક અંદર જવા દે એટલે જગદ્ગુરુ સ્મિતથી આવકારે. જગદ્ગુરુ સ્મિતથી આવકારે એટલે ધર્મબોધકર સ્વાગત કરે અને ધર્મબોધકર સ્વાગત કરે એટલે તદ્દયા અને સન્મતિની સુંદર પરિચર્યા મળે અને આ પરિચર્યામાં પ્રધાન સ્થાન હોય વિમલાંજન, તત્ત્વપ્રીતિકર કલ્યાણજલ તથા મહાકલ્યાણી ક્ષીરનું. પછી આત્માના મંગલ આરોગ્ય વિશે આશંકા રાખવાની જ શેની હોય?

રાજભવનમાં આ રીતે પ્રવેશ પામેલાનાં વાસના, દીનતા, હીનતા બધાં જ દૂર થાય. આવા રાજભવનમાં આવે એ વળી કદી અપુણ્યિયો રહે ખરો? માટે જ દ્રમક નરવીર બન્યો. માનવ મટી મહામાનવ બન્યો.

નરવીર દ્રમક તો સાધનામાં લીન થઈ ગયો છે. તદ્દયા અને સન્મતિની પરિચર્યા ચાલુ જ છે. આરોગ્યમાં નિરન્તર વૃદ્ધિ થતી જ જાય છે. પણ લાંબા કાળથી અસંખ્ય રોગોને સમૂહ ઘર કરીને બેઠો હતો તે પાછો ફરી હુમલો ન કરે એની પૂરી કાળજી તો લેવાય જ છે.

વિમલાંજન આંજવાનું ચાલુ જ છે.

પાન તો કલ્યાણજલનું જ છે.

અને મહાકલ્યાણી ક્ષીરનું ભોજન પણ ચાલુ છે.

---

૮૧. સર્વ સત્ત્વહિતાશયનો ભાવસમ્રાટ સર્વત્ર આનંદ આનંદ કરી જ દેને?

પછી રોગ બિચારો ઊભો ક્યાં રહે? એને તો ધીમે ધીમે ભાડાનું ઘર ખાલી કરે જ છૂટકો.

દ્રમકે લોકસમ્પર્કનો ત્યાગ કર્યો. નિર્મલ એકાન્ત વાતાવરણમાં એણે પૂર્ણ આરોગ્યની સાધના માંડી છે. સન્મતિ જે સાધનામાર્ગ ચીંધે છે એ માર્ગે નરવીર દ્રમક આગળ વધે જાય છે. અને પરિણામે એક પછી એક સિદ્ધિનાં સોપાન સર કરે જ જાય છે.

કુપથ્ય અને કદન્નની દૂર કરેલી વાસના ફરી ઉછાળો ન મારે એ દ્રમક પ્રતિપળ જાગૃત છે[૮૨] અને એવું એક પણ નિમિત્ત નથી આપતો કે જેથી એ વાસના ફરી કૂદકો ભરી શકે.[૮૩] એ વાસનાને તો એણે બરાબર દાટી દીધી છે. કદન્ન તરફ દૃષ્ટિક્ષેપ કરવો તો દૂર રહ્યો પણ દ્રમક તો એની ગન્ધથી પણ દૂર રહે છે.

એની ભવ્ય સાધના અને અભયદશા એની સત્ત્વશુદ્ધિની સાક્ષી બની રહેતી. જ્યારે સમગ્ર વિશ્વ હજુ ચપ્પણિયામાં અને કદન્નમાં અટવાઈ રહ્યું છે, એની ગન્દી ગોદમાં સબડી રહ્યું છે ત્યારે આ મહાત્મા દ્રમક આત્મજાગૃતિનો મંત્ર રટે છે.

આત્મસાધનામાં લીન દ્રમકને જાતજાતના ઉપદ્રવો થતા પણ દ્રમક પોતાના નિશ્ચલ ભાવથી હટતો નહીં. સ્થિર અને દૃઢ દ્રમક એકધારી આગેકૂચ કરતો.

આત્મસાધનાની લીનતામાં એ સમગ્ર વિશ્વથી પર થઈ

૮૨. સાધનાપંથે સતત અપ્રમત્તભાવની હાજરીની જરૂરિયાત.
૮૩. અશુભ નિમિત્તોથી દૂર રહેવાની અસાધારણ આવશ્યકતા.

જતો. એને કશું જ બાહ્યભાન ન રહેતું[૮૪] ડાંસ-મચ્છર કરડે તો એની પણ ખબર ન રાખતો. અને ક્યારેક ખબર પડતી તો એના ઉપર પણ દયા વરસાવતાં એમ ચિંતવતો કે ભલેને પી જાય બિચારો લોહીનું ટીપું.[૮૫] બીજું તો એ કરી પણ શું શકવાનો છે? એનું ગજું કેટલું?

ક્યારેક કાયાની પરવા મૂકીને દિવસોના દિવસો સુધી ઉપવાસ ખેંચી કાઢતો. અતિદુર્બલતા અને અશક્તિ પજવે ત્યારે પણ એને એક જ વિચાર આવતો "બહુ વરસો સુધી ખા ખા કર્યું. થોડા દિવસ નહીં ખાઈએ તો મરી થોડા જઈશું."[૮૬]

હજારો કોસની મુસાફરી પણ ઉઘાડા પગે જ કરવાની. રસ્તો આગ જેવો તપેલો હોય કે કાંટાકાંકરાથી ભરેલો હોય એની પરવા નહીં. મસ્તકના વાળ હાથે જ ચૂંટી કાઢવાના. કષ્ટ સહન કરવાની આત્માની શક્તિનું માપ કાઢવા જ તો. જોનાર સિસકારો નાંખી જાય પણ આ તો જાણે મહેફિલ માંડી હોય એમ સ્મિત વેર્યા જ કરે.[૮૭]

આમ દ્રમક સઘળાય વિશ્વથી નિરાળો હતો.

આમ જુઓ તો દરિદ્રનારાયણ અને આમ જુઓ તો દુનિયાનો બેતાજ બાદશાહ. બાદશાહ એટલા માટે કે એને

૮૪. चेष्टा परस्य वृत्तान्ते मूकान्धबधिरोपमा.

૮૫. देहदुःखं महाफलम्.

૮૬. સર્વસત્ત્વ હિતાશયના અલબેલા ચમકારા.

૮૭. આંતરશુદ્ધિકરણ માટે અત્યુત્તમ સાધન છે તપ.

દુનિયામાં કોઈની કશી જરૂર જ નથી. અને એ જ ખરો બાદશાહ કહેવાય ને?

દ્રમક ક્યારેક વળી પોતાના પૂર્ણજીવન પર વિચાર કરતો હતો અને એ અંગે તદ્દયા તથા સન્મતિ સાથે પરામર્શ કરતો અને પોતાની ભૂતકાળની મૂર્ખતા ઉપર પશ્ચાત્તાપ અને ઉપહાસના મિશ્ર ભાવ અનુભવતો.

પછી એને યાદ આવતો પ્રવેશકનો પ્રવેશ-નિષેધ. પછી પ્રવેશ થયા પછીનું જગદ્દગુરુનું સ્મિત, ધર્મબોધકરનું સ્વાગત અને તદ્દયા તથા સન્મતિની પરિચર્યા. આ બધું યાદ કરીને એ ધન્યતા, કૃતકૃત્યતા અને આનન્દ અનુભવતો. અને આ બધા પ્રત્યેની કૃતજ્ઞતાથી એનાં મસ્તક તથા દિલ ઝૂકી જતાં.

ઘણી વાર વળી એનો વિચાર; રાહ બદલતો અને વિમલાંજન, કલ્યાણજલ તથા પરમાન્નની પ્રાપ્તિ પર કેન્દ્રિત થતો. અનિચ્છાએ પણ આ મળ્યું. કયા સુકૃતના આધારે? જવાબ ન જડતો ત્યારે સન્મતિ તરફ દૃષ્ટિક્ષેપ કરતો. જવાબ મળી જતો. કૂતરાંને અનિચ્છાએ પણ અપાઈ ગયેલું ભોજન. એમનું ભોજન ન ઝૂંટવવાની ભાવના અને તે સિવાય જન્માન્તરમાં બીજાં થયેલાં સુકૃતોના બળે જ આ પ્રાપ્ત થયું છે. વાવ્યા સિવાય અહીં કોઈ કશું લણી શકતું જ નથી. માટે જન્માન્તરમાં જાણતાં-અજાણતાં થયેલાં કોઈ સુકૃતનું જ આ ફળ છે.

---

૮૮. नैवास्ति राजराजस्य—प्रशमरति

આ વાત પરથી દ્રમકને પ્રેરણા મળી કે તો પછી આ જન્મમાં પણ મારે લોકોને વિમલાંજન, કલ્યાણજલ તથા પરમાન્ન આપવાં જોઈએ. પણ હું તો જે લેવા આવશે તેને જ આપીશ.[૮૯]

આમાં દ્રમકને પોતાની જાતનું ગૌરવ લાગ્યું. એને એમ થયું કે જગદ્દગુરુનો કૃપાપાત્ર, ધર્મબોધકરનો મિત્ર, તદ્દયા અને સન્મતિની પરિચર્યા પામેલો એ કાંઈ મામૂલી વ્યક્તિ છે કે તે ઘેર ઘેર આપવા જાય![૯૦]

આમ તો ઘણા દિવસો વીત્યા. પણ કોઈ કશું લેવા જ ન આવ્યું. દ્રમકની ભાવના ફળીભૂત ન થઈ. દ્રમક રાહ જોઈને થાક્યો. છેવટે સન્મતિની સલાહથી લોકોને ઘેર ઘેર આપવા નીકળ્યો. એમાં પણ દ્રમક સફળ ન થયો. થોડાક સાવ તુચ્છ માણસોએ થોડુંક સ્વીકાર્યું. બાકી કોઈએ કાંઈ લીધું જ નહીં ને બધાને એમ થયું કે આ દ્રમક, ગઈ કાલનો ભિખારડો, અમારું કલ્યાણ કરવા નીકળી પડ્યો છે! કર્યાં કલ્યાયણ હવે; પોતાનું જ કરે તો બસ છે. આમ વિચારી મોટા ભાગના લોકો મોં મચકોડી ચાલ્યા જતાં.

નરવીર દ્રમક નિરાશ થઈ ગયો. એને સુકૃત કરવું જ હતું. સન્મતિની ફરી સલાહ લીધી. સન્મતિએ એને સલાહ આપી કે કાષ્ટના પાત્રમાં[૯૧] બધું ભરીને તારે એક

---

૮૯. વિનિયોગની–પરાર્થ–ની આરાધના.

૯૦. સંતોને પણ ક્યારેક માનકષાય પજવે છે.

૯૧. ગ્રંથ–લેખન.

સ્થળે એ પાત્ર મૂકી દેવું. જેને લેવું હશે તે લેશે. આમ તો તારી પૂર્વની દરિદ્રાવસ્થા યાદ કરીને કોઇ કશું લેશે નહિ. દ્રમકે બીજે દિવસે એ પ્રમાણે કર્યું.

દ્રમક નિરપેક્ષભાવે એક ઠેકાણે કાષ્ટપાત્ર મૂકીને ચાલ્યો ગયો. સ્વસ્થાનમાં આવીને સાશંક મને પોતાના સુકૃતની સફળતાના ગહન વિચારમાં ડૂબી ગયો હતો, ત્યાં જ એને સન્મતિ અને તદ્દયાનો સાદ એકસાથે સંભળાયો.

"દ્રમક જો! દમક જો!"

દ્રમકની વિચારધારા તૂટી. એ દોડચો પેલા સાદની પાછળ. આવી પહોંચ્યો સન્મતિ અને તદ્દયાની પાસે. અને બોલી ઊઠચો, "શું છે સન્મતિ? કેમ સાદ દીધો તદ્દયા?"

"અરે જો તો ખરો તારા કાષ્ટપાત્ર તરફ." સન્મતિએ કહ્યું.

દ્રમકે ત્યાં જોયું તો એ આશ્ચર્ય સાથે આનંદમાં ગરકાવ થઈ ગયો. એણે જોયું કે કાષ્ટપાત્રની ચોપાસ તો મોટો જનસમૂહ એકત્ર થયો હતો. કોઇ વિમલાંજન આંજીને વિસ્ફારિત નેત્રે અને પ્રફુલ્લવદને ચારે બાજુ કશુંક 'અદ્ભુત' દર્શન કરતું હતું. તો કોઇ વળી તત્ત્વપ્રીતિકર કલ્યાણજલનું પાન કરીને આરોગ્યના પન્થે આગળ વધતું હતું. કોઈની દૃષ્ટિ મહાકલ્યાણી ક્ષીરના કુંભ પર નોંધાઈ હતી.

દ્રમકના હર્ષાતિરેકની કોઈ સીમા નહોતી. એ ઊર્મિલ બની ઊઠચો. સાહજિક રીતે એના મુખમાંથી સરી પડયું. "ઓહ સન્મતિ! જો તો કેવું ભવ્ય દૃશ્ય છે, તદ્દયા જો તો ખરી."

સન્મતિ અને તદ્દયા પણ આ અદ્ભુત આનંદનાં સાક્ષી બની પ્રસન્નતાના પારાવારને ઝીલી રહ્યાં.

ઘણા લાંબા સમય સુધી ત્રણની એ મંડળીએ તે ભવ્ય દર્શન ઊર્મિલભાવે કર્યા જ કર્યું.

દ્રમકના અંગેઅંગમાં હર્ષની ઝણઝણાટીના તરંગો વહેતા જ રહ્યા.

ગઈ કાલનો દ્રમક આજે સાચા અર્થમાં શ્રીમંત બની ચૂક્યો હતો.

ધર્મબોધકરની કૃપા અને સન્મતિએ જ એને આ શ્રીમંતાઈ બક્ષી હતી ને ?

પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીના પુસ્તકોનો

આખો સેટ ઘર ઘરમાં આજે જ વસાવી લો

બાળકો, કિશોરો, બહેનો, મોટેરાંઓ સહુને પ્રિય સાહિત્ય

આજ સુધી આ પુસ્તકોએ સેંકડો યુવાનોના અને બહેનોના જીવન-પરિવર્તન કર્યા છે. આપના ઘરમાં આ સેટ પડયો હશે તો કયારેક કોઈકનું પણ જીવન પ્રકાશ.... પ્રકાશ....ની બૂમો પાડતું અંધકારમાંથી સદા માટે છૂટકારો પામી જશે.

નાનકડું મૂલ્ય અને જીવન-પરિવર્તનનો અમૂલ્ય લાભ

આર્યાવર્ત્તની મોક્ષપ્રધાન સંસ્કૃતિની જયોત ઘર ઘરમાં પ્રગટાવવા મથતું માસિક........

મુક્તિદૂત

ચિન્તક :
પં શ્રી ચન્દ્રશેખરવિજયજી

સંપાદક :
ગુણવંત શાહ

સહસંપાદક
ભદ્રેશ શાહ

આજે જ ગ્રાહક બને...

ત્રિવાર્ષિક લવાજમ રૂ...

આજીવન સભ્ય રૂ. ...